# ફાયનાન્સિયલ એક્સપ્રેસ

PUBLISHED SINCE 1991

સર્વપ્રથમ ગુજરાતી આર્થિક દૈનિક

અમદાવાદ, શનિવાર, તા.૩ ઓક્ટોબર, ૨૦૨૬ વર્ષ : ૩૬ અંક : ૧૦૨ પાનાં : ૮ કિંમત : રૂા. ૮.૦૦ AHMEDABAD | SATURDAY | OCTOBER 3 | 2026 VOL XXXVI NO 102 | 8 PAGES | Rs 8.00



પાનું ૮ — **મહારાષ્ટ્રમાં અદાણી જૂથે રૂ. ૨.૬ લાખ કરોડનું રોકાણ કર્યું**

પાનું ૨ — **સીએએફઈ-૩ : ક્લિન મોબિલિટી તરફનો સાચો રસ્તો**

પાનું ૭ — **યુવા ગ્રાહકો અને એસયુવીને પગલે જૂની લક્ઝરી કારનાં વેચાણે ગતિ પકડી**


## ૨૫ કંપનીઓ છ મહિનામાં રૂ. એક લાખ કરોડનાં એમકેપની ક્લબમાં સામેલ

**કિશોર કદમ**
મુંબઈ, તા. ૨

**એપ્રિલથી સપ્ટેમ્બર દરમિયાન** સૂચકાંકો મહદ અંશે સ્થિર રહ્યા હોવા છતાં ૨૫ કંપનીઓ રૂ. એક લાખ કરોડની માર્કેટ-કેપ ક્લબમાં જોડાઈ હતી, જેમનાં શેરનાં ભાવ આ સમયગાળામાં ૧૦૦ ટકા સુધી વધ્યા હતા એમ કેપિટલલાઇનનાં ડેટામાંથી જાણવા મળ્યું છે.

માર્ચના અંતે ૯૩ કંપનીઓ આ કેટેગરીમાં હતી, જ્યારે છેલ્લાં છ મહિનામાં ચાર કંપનીઓ આ ગ્રૂપમાંથી નીકળી ગઈ છે અને ૨૫ નવી ઉમેરાઈ છે. આ સાથે એક લાખ કરોડની એમ કેપ ક્લબમાં કંપનીઓની સંખ્યા વધીને ૧૧૪ થઈ છે. ટોપ પર્ફોમરમાં લૌરલ લેબ્સ, પેટીએમ, ભેલ, લોધા ડેવલપર્સ અને મીશો, બોશ, વોડાફોન આઇડિયા, લોઇડ્સ મેટલ, લેન્સકાર્ટ સોલ્યુશન્સ, આદિત્ય બિરલા કેપિટલ અને ઝાયડસ લાઇફસાયન્સિસનો સમાવેશ થાય છે. એમકેપમાં ટકાવારીની દ્રષ્ટિએ થયેલા વધારામાં લૌરસ લેબમાં ૧૦૦ ટકા, પેટીએમમાં ૭૫ ટકા, ભેલમાં ૬૯ ટકા, લોધા ડેવલપર્સમાં ૬૭ ટકા અને મશીમાં ૬૫ ટકાનો વધારો થયો હતો.જ્યારે ક્લબમાંથી બહાર નીકળેલી કંપનીઓમાં ગોદરેજ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ, ઇન્દસ ટાવર્સ, લુપિન અને ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સનો સમાવેશ થાય છે.

■ મને નથી લાગતું કે કોઈ તાત્કાલિક નિર્ણય લેવામાં આવશે

# ભારત-અમેરિકા વચ્ચે હાલ વેપાર કરાર થવાની સંભાવના નથી: ગ્રીર

**એફઈ બ્યૂરો**
નવી દિલ્હી, તા. ૨

**યુએસ વેપારના પ્રતિનિધિ** જેમિસન ગ્રીરે ભારત-અમેરિકા વહેલાં વેપાર કરાર થવાની શક્યતાઓ વિરૂદ્ધ ચેતવણી આપી છે કે, બંને દેશો વચ્ચે વેપાર કરારની વાટાઘાટો અંતિમ તબક્કામાં હોવા છતાં અને બંને પક્ષોએ બાકીના વિવાદાસ્પદ મુદ્દાઓની ઓળખ કરી લીધી હોવા છતાં વચગાળાના કરારની તાત્કાલિક શક્યતા નથી.

ગ્રીરે કહ્યું કે, અમે પ્રક્રિયાના અંતિમ તબક્કામાં છીએ. તેથી મને લાગે છે કે અમે તેના અંત તરફ આગળ વધી રહ્યા છે. પરંતુ મને નથી લાગતું કે કંઈક તાત્કાલિક નિર્ણય લેવામાં આવશે. મિલવોકીમાં જી૨૦ વેપાર મંત્રીઓની બેઠક દરમિયાન વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલ સાથે ગ્રીરે વાતચીત કરી હતી, જેમાં બંને પક્ષો ભારત-અમેરિકા દ્વિપક્ષીય વેપાર કરાર (બીટીએ) હેઠળ વચગાળાના કરાર માટે પ્રયાસ કરી રહ્યા હતા; તેના એક દિવસ બાદ આ ચેતવણી આપવામાં આવી હતી.

ગ્રીરે ગોયલ સાથેની વાતચીતને ખૂબ જ રચનાત્મક ગણાવતા કહ્યું, અમે ખરેખર એવા મુદ્દાઓની યાદી નક્કી કરી લીધી છે જે અવરોધરૂપ છે. અમે તેના પર ખંતપૂર્વક કામ કરી રહ્યા છીએ. મંત્રી ગોયલ અને હું તેમજ




અમારા સ્ટાફની અત્યારે બેઠક ચાલી રહી છે.

તેઓ અમેરિકામાં છે અને અમે અહીં છીએ, તેથી અમે ભારત સાથે વેપાર કરાર પૂર્ણ કરવા માટે સતત પ્રયાસ કરી રહ્યા છીએ.આ ટિપ્પણીઓ બુધવારની બેઠક બાદ ગોયલ દ્વારા આપવામાં આવેલા નિવેદન બાદ જાહેર થઈ છે.

જેમાં ગોયલે કહ્યું હતું કે, બીટીએ હેઠળ પરસ્પર લાભદાયી વચગાળાના કરારના વહેલા નિષ્કર્ષ તરફ બંને પક્ષો વચ્ચે ફળદાયી ચર્ચા થઈ હતી. ઉલ્લેખનીય છે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે હાલમાં જ ટેલિફોનિક વાતચીત થઈ હતી.

બંને નેતાઓએ વેપાર, સંરક્ષણ, ઊર્જા અને મહત્વપૂર્ણ ટેકનોલોજી સહિતના ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગની સમીક્ષા કરી હતી અને ગ્રીરે આ વાતચીતને ખૂબ જ રચનાત્મક ગણાવી હતી.

તેમણે સંકેત આપ્યો છે કે પ્રગતિની સમીક્ષા કરવા માટે મોદી અને ટ્રમ્પ ટૂંક સમયમાં ફરી વાત કરી શકે છે.

ભારત બળજબરીપૂર્વકના શ્રમને નાબૂદ કરવાના ઉદ્દેશ્ય અને જી૨૦ સભ્યો વચ્ચે શ્રેષ્ઠ પદ્ધતિઓના સ્વૈચ્છિક આદાન-પ્રદાનને સમર્થન આપે છે.

જોકે, આ સહયોગમાં સભ્યોની દેખરેખ રાખવાનો સમાવેશ ન થતો હોય, નવી જવાબદારીઓ ઊભી ન થતી હોય અને માહિતીનો ઉપયોગ એકપક્ષીય વ્યાપારી પગલાં લેવા માટેના આધાર તરીકે ન થતો હોય તે શરત લાગુ પડે છે.

મોસ્ટ-ફેવર્ડ-નેશનના સિદ્ધાંતને અદ્યતન બનાવવા અંગે ગોયલે જણાવ્યું હતું કે, જી૨૦ સભ્યો સાથે ભારતનો વેપાર પારદર્શક, ભેદભાવરહિત અને નિયમો-આધારિત વેપાર પ્રણાલી પર નિર્ભર છે.

મોસ્ટ-ફેવર્ડ-નેશનનો દરજ્જો એ આ પ્રણાલીની એક મુખ્ય ગેરંટી છે,

જે સુનિશ્ચિત કરે છે કે નાનામાં નાના અને મોટામાં મોટા વેપારી માટે સમાન શરતો લાગુ પડે.તેમણે ભારપૂર્વક જણાવ્યુ હતું કે, ડબ્લ્યુટીઓ માટે સર્વસંમતિ કેન્દ્રસ્થાને છે અને વિકાસશીલ દેશો વિકસિત અર્થતંત્રોની સમકક્ષ આવી શકે તે માટે વિશેષ અને ભેદભાવપૂર્ણ વ્યવહાર જાળવી રાખવો આવશ્યક છે.

ગોયલે વિવાદ નિવારણની દ્વિ-સ્તરીય પ્રણાલીને પુનઃસ્થાપિત કરવાની પણ હિમાયત કરી હતી. વધુમાંઆ બીટીએ વચ્ચે રશિયા પાસેથી ક્રૂડની ખરીદી બદલ ૧૦૦ ટકા ટેરિફનો બોજો યથાવત છે.

## ભારત પાસે માળખાકીય રીતે વધારાની ઉત્પાદન ક્ષમતા નથી: ગોયલ

**પીટીઆઇ**
નવી દિલ્હી, તા. ૨

**વાણિજ્ય અને ઉદ્યોગ** મંત્રી પિયુષ ગોયલે જી૨૦ બેઠકમાં સ્પષ્ટપણે જણાવ્યું કે દેશમાં ઉત્પાદિત ક્ષમતા સ્થાનિક અને વૈશ્વિક જરૂરિયાતોને પૂરી કરે છે અને જી૨૦ નેતૃત્વ દ્વારા ચિહ્નિત ક્ષેત્રોમાં ભારત પાસે કોઈ માળખાકીય વધારાની ઉત્પાદન ક્ષમતા નથી. ઉલ્લેખનીય છે કે હાલ અમેરિકા જી૨૦ની અધ્યક્ષતા કરી રહ્યું છે. તેમણે ઉમેર્યું કે ઉત્પાદન ક્ષમતા પોતે કોઈ સમસ્યા નથી, પરંતુ ગુપ્ત સબસિડી અને સરકારી સહાયથી ઉત્પાદનનું ભૌગોલિક કેન્દ્રીકરણ થાય ત્યારે વેપારમાં વિકૃતિઓ ઊભી થાય છે. સપ્લાય ચેઈનનું વૈવિધ્યકરણ જરૂરી છે, પરંતુ તેનો ઉપયોગ ડબ્લ્યુટીઓના નિયમોની બહાર જઈને કે વિકાસશીલ દેશો પર આર્થિક બોજ નાખવાના બહાના તરીકે થઈ શકે નહીં.




## પેમેન્ટ કંપનીઓ યુપીઆઈ એમડીઆરમાં મોટો હિસ્સો મેળવવા પ્રયત્નશીલ બની

**અનીસ હુસૈન**
બેંગલુરુ, તા. ૨

**પેમેન્ટ એગ્રીગેટર્સ યુપીઆઈ** વ્યવહારો પર હાલમાં લાગુ કરવામાં આવેલા નવા મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (એમડીઆર)માંથી એક્વાયરિંગ બેંક (વ્યવહાર સ્વીકારતી બેંક)ના હિસ્સામાંથી મોટો હિસ્સો મેળવવા માટે તેમની સ્પોન્સર બેંકો સાથે વાટાઘાટો કરી રહ્યા છે. આ ચર્ચાઓ બેંકના હિસ્સાના ૫૦-૮૦% જેટલો હિસ્સો પોતાની પાસે રાખવા પર કેન્દ્રિત છે.

૧૫ ઓક્ટોબરથી નવો એમડીઆર અમલમાં આવે તે પહેલાં આ વાટાઘાટો પૂર્ણ થવાની અપેક્ષા છે. સરકાર અને નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એનપીસીઆઈ) દ્વારા જાહેર કરાયેલા માળખા હેઠળ, વેપારીઓએ રૂ. ૨,૦૦૦થી વધુના યુપીઆઈ વ્યવહારો પર ૦.૪% એમડીઆર ચૂકવવો પડશે. આમાંથી ૦.૧૨% હિસ્સો એક્વાયરિંગ બેંકને મળે છે. જ્યારે પેમેન્ટ એગ્રીગ્રેટર્સનો હિસ્સો બેંકના આ હિસ્સામાંથી જ ફાળવવાનો હોય છે.આનો અર્થ એ છે કે રૂ. ૧૦,૦૦૦ના યુપીઆઈ વ્યવહાર પર રૂ. ૪૦નો એમડીઆર જનરેટ થશે, જેમાંથી એક્વાયરિંગ બેંકને રૂ. ૧૨ મળશે. વાટાઘાટ થઈ રહેલા દરો મુજબ, આ રકમમાંથી બેન્કો રૂ. ૬ થી રૂ. ૯.૬૦ હિસ્સો પોતાની પાસે રાખે છે.

## આઇસીઆઇસીઆઇ લાઇફે એમડી અને સીઇઓ પદે સિદ્ધાર્થ મિશ્રાને નિયુક્ત કર્યા

**નારાયણ વી**
ચેન્નાઇ, તા.૨

**આઇસીઆઇસીઆઇ લાઇફ ઇન્શ્યોરન્સે** આગામી એમડી અને સીઇઓ પદે આઇસીઆઇસીઆઇ બેન્ક ખાતે ડિજિટલ ચેનલ્સનાં હેડ સિદ્ધાર્થ મિશ્રાની નિયુક્તિ કરી છે. એક્સ્ચેન્જ ફાઇલિંગમાં કંપનીએ જણાવ્યું કે, બોર્ડે ૧૩ ઓક્ટોબરની અસરથી એમડી અને સીઇઓ પદે અનુપ બાગચીનું રાજીનામું સ્વીકારી લીધું છે. મિશ્રા ૧૪ ઓક્ટોબર અથવા તો વીમા નિયમનકાર અને વિકાસ સત્તામંડળ (ઇરડાઈ) મંજૂરી આપે, બેમાંથી જે મોડુંહોય ત્યારથી પદભાર સંભાળશે. તેમની મુદત પાંચ વર્ષની રહેશે. બોર્ડે ૬ ઓક્ટોબરથી ચીફ ઓપરેટિંગ ઓફિસર તરીકે મિશ્રાની નિયુક્તિ પણ મંજૂર કરી છે. આઇસીઆઇસીઆઇમાં બેન્કર રહેલા મિશ્રા હાલમાં આઇસીઆઇસીઆઇ બેન્કમાં ડિજિટલ ચેનલ અને પાર્ટનરશીપ્સ, વોઇસ ચેનલ, કસ્ટમર સર્વિસીસ, એનઆરઆઇ અને આઇએફઆઇજી ગ્રૂપ્સના વડા છે. આઇસીઆઇસીઆઇ લાઇફ લીડરશીપ માટે હંમેશા ગ્રૂપમાંથી કોઈની પસંદગી કરે છે

## ■ સંવિધાન સદનમાં નેતાઓએ ગાંધીજીને શ્રદ્ધાંજલિ અર્પી



નવી દિલ્હીના સંવિધાન સદનના સેન્ટ્રલ હોલ ખાતે શુક્રવારે ગાંધી જ્યંતિ નિમિત્તે મહાત્મા ગાંધીજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા આયોજિત કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, લોક્સભાના અધ્યક્ષ ઓમ બિરલા, રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે તેમજ લોક્સભામાં વિપક્ષનાં નેતા રાહુલ ગાંધી નજરે પડે છે.

## એફપીઆઈ ચોખ્ખા વેચવાલ બન્યા, સપ્ટેમ્બરમાં રૂ. ૩૫,૮૬૦ કરોડનું રોકાણ પાછું ખેંચ્યું

**પીટીઆઇ**
મુંબઈ, તા. ૨

**વિદેશી રોકાણકારો (એફપીઆઇ)** સળંગ બે મહિના સુધી ખરીદી નોંધાવ્યા બાદ સપ્ટેમ્બરમાં ચોખ્ખા વેચવાલ બન્યા હતા. વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે એફપીઆઈએ સપ્ટેમ્બરમાં ભારતીય શેરબજારમાંથી રૂ. ૩૫,૮૬૦ કરોડની વેચવાલી નોંધાવી હતી.

સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસિઝ લિ. (સીડીએસએલ) પરથી મેળવવામાં આવેલા આંકડા અનુસાર, યુએસ ફેડ દ્વારા વધતાં વ્યાજ અને ક્રૂડના ઊંચા ભાવોના પગલે ભારતીય શેરબજારમાં અસ્થિરતા વધી છે. પરિણામે ઓક્ટોબરમાં પણ એફપીઆઈ દ્વારા વેચવાલીનો દોર જારી છે. ૧ ઓક્ટોબરના રોજ એફપીઆઈએ રૂ. ૯૨૩૨ કરોડનું રોકાણ પાછું ખેંચ્યું હતું. જો કે, એફપીઆઈએ જુલાઈમાં રૂ. ૨૦,૨૦૦ કરોડ અને ઓગસ્ટમાં રૂ. ૨૯,૬૩૦ કરોડનું રોકાણ નોંધાવ્યું હતું.

તાજેતરની વેચવાલી સાથે એફપીઆઈએ ચાલુ કેલેન્ડર વર્ષમાં અત્યારસુધી કુલ રૂ. ૨.૭ લાખ કરોડની વેચવાલી નોંધાવી છે. જે વર્ષ ૨૦૨૫ દરમિયાન રૂ. ૧.૬૬ લાખ કરોડની વેચવાલી કરતાં વધુ છે.

આલ્ફા એએમસીના સીઈઓ અને



ફંડ મેનેજર રાજેશ સિંગલાએ જણાવ્યું હતું કે, એફપીઆઈ મુખ્યત્વે બાહ્ય પરિબળોના પગલે ભારતીય શેરબજારમાંથી મૂડી પાછી ખેંચી રહ્યા છે. આ પરિબળોમાં હોર્મુઝ-સંબંધિત પુરવઠાના જોખમો વચ્ચે ક્રૂડના ઊંચા ભાવ, નબળો રૂપિયો, મજબૂત યુએસ બોન્ડ યીલ્ડ, જુલાઈ-ઓગસ્ટના રોકાણ પ્રવાહ બાદ પ્રોફિટ-બુકિંગ અને એઆઈ આધારિત ઉત્તર એશિયાઈ બજારો તરફ મૂડીનું સ્થળાંતર સામેલ છે. આ વૈશ્વિક ફાળવણીની બાબત છે, સ્થાનિક કમાણીની નહીં. સ્થાનિક એસઆઈપી પ્રવાહ વિદેશી વેચવાલીની અસરને શોષવામાં મદદ કરી રહ્યો છે, જ્યારે એસએમઈ અને સ્મોલ-કેપ સેગમેન્ટ્સ - જેમાં એફપીઆઈની માલિકી પ્રમાણમાં મર્યાદિત હોવાથી તેઓ સુરક્ષિત રહ્યા છે.તેમણે ઉમેર્યું હતું કે, વ્યૂહાત્મક રીતે ભારતની વૃદ્ધિની સ્થિતિ મજબૂત છે, મૂડીનું માત્ર સ્થળાંતર થઈ રહ્યું છે. તે બજારમાંથી સંપૂર્ણપણે બહાર જઈ રહી નથી. આગળ જતાં, વિશ્લેષકોનું માનવું છે કે એફપીઆઈ પ્રવાહ પર ઈરાન-અમેરિકા વચ્ચેના ચાલુ સંઘર્ષ અને ક્રૂડ ઓઈલના ભાવ પર તેની અસરની અસર જોવા મળશે. ક્રૂડના ઊંચા ભાવ અને ઊંચા યુએસ બોન્ડ યીલ્ડ ભારતીય ઇક્વિટી અને એફપીઆઈ પ્રવાહ પર દબાણ લાવી શકે છે. જોકે, તેમણે જણાવ્યું હતું કે ભારતીય અર્થતંત્રની મજબૂતી અને કમાણીમાં વધુ સારી વૃદ્ધિની અપેક્ષાઓ હજુ પણ હકારાત્મક પરિબળો છે.

■ કંપની રિટેલ ક્ષેત્રે વધતી જતી પહોંચનો ઉપયોગ કરીને તેના યુએસ પોર્ટફોલિયોમાં વધુ ઉત્પાદનો ઉમેરવાની યોજના ધરાવે છે: જયેન મહેતા

# અમૂલે અમેરિકામાં વિસ્તરણ કર્યું, હવે દહીં અને પનીરનું ઉત્પાદન પણ કરશે

**નંદિની ઓઝા**
અમદાવાદ, તા. ૨

**ભારતની ટોચની દૂધ** સહકારી મંડળી અમૂલ અમેરિકામાં પોતાનો ડેરી બિઝનેસ વિસ્તારવા જઈ રહી છે. અમૂલ અમેરિકામાં હવે દૂધ ઉપરાંત દહીં અને પનીરનું ઉત્પાદન શરૂ કરવાની યોજના ધરાવે છે. અત્યારસુધી તે ત્યાં દહીં અને પનીરની નિકાસ કરતી હતી.

અમૂલ અમેરિકામાં ત્યાંની સહકારી સંસ્થા સાથે જોડાણમાં દૂધનું ઉત્પાદન કરે છે. તેની સાથે મળી હવે તે પનીર અને દહીંનું ઉત્પાદન કરવા જઈ રહી છે. આ પગલું અમૂલના ફ્રેશ મિલ્ક બિઝનેસને વેગ મળ્યા બાદ લેવામાં આવ્યું છે. અમૂલ બ્રાન્ડનું માર્કેટિંગ કરતી ૫૩ વર્ષ જૂની ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (જીસીએમએમએફ) ભારતીય કરિયાણાની દુકાનો તેમજ મુખ્ય પ્રવાહના રિટેલ સ્ટોર્સ દ્વારા યુએસના ૫૦માંથી ૩૮ રાજ્યોમાં હાજરી ધરાવે છે.૬% ફેટ ધરાવતું અમૂલ ગોલ્ડ દૂધ કોસ્ટકો દ્વારા અમેરિકામાં વેચાઈ રહ્યું છે, જેનાથી આ ભારતીય ડેરી બ્રાન્ડ મુખ્ય પ્રવાહના અમેરિકન રિટેલ બજારમાં વધુ ઊંડાણપૂર્વક પહોંચ બનાવી રહી છે.

અમૂલના મેનેજિંગ ડિરેક્ટર જયેન મહેતાએ એફઈને જણાવ્યું હતું કે, કંપની રિટેલ ક્ષેત્રે વધતી જતી આ પહોંચનો ઉપયોગ કરીને તેના યુએસ પોર્ટફોલિયોમાં વધુ ઉત્પાદનો ઉમેરવાની યોજના ધરાવે છે. સ્થાનિક ઉત્પાદન મોડેલ આ વ્યૂહરચનાનો મુખ્ય ભાગ છે. અમૂલના તાજા દૂધને બજારમાં લાવવા માટે જીસીએમએમએફએ ૨૦૨૪માં ખેડૂતોની માલિકીની યુએસ ડેરી સહકારી સંસ્થા મિશિગન મિલ્ક પ્રોડ્યુસર્સ એસોસિએશન (એમએમપીએ) સાથે ભાગીદારી કરી હતી. ૧૯૧૬માં સ્થપાયેલી એમએમપીએ - જેના સભ્યો મિશિગન, ઓહિયો, ઇન્ડિયાના અને વિસ્કોન્સિનમાં ફેલાયેલા છે - તે તેના ખેડૂત સભ્યો પાસેથી દૂધનો પુરવઠો પૂરો પાડે છે અને પ્રોસેસિંગ માટે ડેરી



ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રદાન કરે છે. અમૂલ બજારમાં બ્રાન્ડનું નામ અને ઉત્પાદન માટેની ફોર્મ્યુલા લાવે છે. રસપ્રદ વાત એ છે કે, અમૂલનું તેમાં કોઈ રોકાણ નથી કે તે યુએસમાં કોઈ સંપત્તિની માલિકી પણ ધરાવતું નથી.

મહેતાએ જણાવ્યું હતું કે, એક બ્રાન્ડ તરીકે અમૂલ મુખ્ય પ્રવાહના ભારતીય કરિયાણાના બજારમાં પ્રવેશી રહ્યું છે, તેની રિટેલ હાજરી વધારી રહ્યું છે અને આ અનોખી બ્રાન્ડિંગ પ્રક્રિયા દ્વારા તેના ઉત્પાદન પોર્ટફોલિયોનો વિસ્તાર કરી રહ્યું છે. તેમણે ઉમેર્યું કે દૂધ ઉપરાંત, તેઓ ટૂંક સમયમાં યુએસમાં દહીં અને પનીરનું ઉત્પાદન પણ શરૂ કરશે.

ઉલ્લેખનીય છે, ૬% મિલ્ક ફેટ ધરાવતું અમૂલ ગોલ્ડ અમેરિકામાં સૌપ્રથમ ઓક્ટોબર ૨૦૨૪માં ઈસ્ટ કોસ્ટ પર સ્થિત કોસ્ટકા સ્ટોર્સ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. અમેરિકામાં અમૂલની દૂધની શ્રેણીમાં અમૂલ ગોલ્ડ, અમૂલ શક્તિ, તાઝા અને સ્લિમ એન ટ્રિમનો સમાવેશ થાય છે, જેમાં અનુક્રમે ૬%, ૪.૫%, ૩% અને ૨% ફેટનું પ્રમાણ હોય છે. પ્રમાણમાં વધુ ફેટ ધરાવતું અમૂલ ગોલ્ડ ભારતીય સમુદાયની બહાર પણ લોકપ્રિય બન્યું છે.

મહેતાએ અમેરિકાના બજાર વિશે જણાવ્યું હતું કે, યુએસમાં મુખ્ય પ્રવાહના ગ્રાહકો તેનો ઉપયોગ બારિસ્ટા મિલ્ક તરીકે વધુને વધુ કરી રહ્યા છે, કારણ કે તેનું ટેક્સચર ક્રીમી હોય છે અને તેમાં ફેટ તથા પ્રોટીનનું પ્રમાણ વધારે હોય છે. સ્થાનિક ઉત્પાદન તરફનું આ પગલું અમૂલની અમેરિકા માટેની વ્યૂહરચનામાં આવેલા વ્યાપક ફેરફારનો એક ભાગ છે. જોકે ભારતીય સમુદાય હજુ પણ મુખ્ય ગ્રાહક વર્ગ છે, તેમ છતાં મુખ્ય પ્રવાહના ગ્રાહકોમાં પણ તેની સ્વીકાર્યતા વધી રહી છે.

અહેવાલો અનુસાર, અમૂલના તાજા દૂધનું વેચાણ પ્રતિ ગેલન ૫.૫૦ ડોલરથી ૭ ડોલરની વચ્ચે થાય છે, જ્યારે સ્થાનિક સ્ટોર બ્રાન્ડના દૂધનું વેચાણ સ્ટોરના સ્થાન અને રિટેલરના આધારે પ્રતિ ગેલન ૨.૧૭ ડોલરથી ૩ ડોલરની વચ્ચે થાય છે. અમેરિકામાં ઓર્ગેનિક અને અલ્ટ્રા-ફિલ્ટર થયેલી બ્રાન્ડ્સ પણ ઉપલબ્ધ છે જે પ્રતિ ગેલન ૧૨ ડોલરથી ૧૪ ડોલરની વચ્ચે દૂધ વેચે છે. ભારતીય સમુદાય અને સામાન્ય ગ્રાહકો બંને ૬% ફેટવાળા ફૂલ ક્રીમ દૂધનો સ્વાદ પસંદ કરે છે.

ફાયનાન્સિયલ એક્સપ્રેસ

## સીએએફઈ-૩ : ક્લિન મોબિલિટી તરફનો સાચો રસ્તો

### આ નિયમો હેઠળની વ્યાવહારિક છૂટછાટ વાહન ઉત્પાદકો માટે ખૂબ ઉપયોગી સાબિત થશે

**ભારત સરકારના નવા** કેફે-૩ (કોર્પોરેટ એવરેજ ફ્યુલ ઈકોનોમી ફેઝ-૩) નિયમોનો મુખ્ય સંદેશ એ છે કે વાહનોના પ્રદૂષણને ઘટાડવા માટે સરકાર જે અલગ-અલગ રસ્તાઓ આપી રહી છે, તેનો ઉપયોગ ભવિષ્યના ઈલેક્ટ્રિક વાહનો (ઈવી) તરફ જવા માટે થવો જોઈએ, વિલંબ કરવા માટે નહીં. એપ્રિલ ૨૦૨૭થી લાગુ થવાના છે. આ નિયમોનો મુખ્ય હેતુ દેશમાં વાહનોની સરેરાશ બળતણ-ક્ષમતા વધારવાનો અને પ્રદૂષણ ઘટાડવાનો છે. સરકારે આ નીતિમાં એક મહત્વનો સિદ્ધાંત અપનાવ્યો છે કે પર્યાવરણને સ્વચ્છ બનાવવાનો રસ્તો માત્ર ઈલેક્ટ્રિક વાહનો (ઈવી) અને પરંપરાગત ઈંધણવાળા વાહનો વચ્ચે પસંદગી કરવા પૂરતો સીમિત નથી. સરકારે કંપનીઓને જુદી જુદી ટેકનોલોજીઓ દ્વારા પ્રદૂષણ ઘટાડવાની સ્વતંત્રતા આપી છે, જેને ટેકનોલોજી ન્યુટ્રાલિટી કહેવામાં આવે છે.

ક્રેડિટ ટ્રેડિંગ અને બ્યુરો ઓફ એનર્જી એફિશિયન્સી (બીઈઈ) દ્વારા ક્રેડિટ ખરીદવાનો વિકલ્પ ઉત્પાદકોને અનુપાલનનું સંચાલન કરવામાં સુગમતા આપે છે. જોકે, તે અનિવાર્યતાને વિલંબિત કરવા માટે દલીલ બની શકતું નથી. સંક

આ નીતિ હેઠળ સંપૂર્ણ ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહન આપવા માટે સૌથી વધુ એટલે કે ત્રણ ગણી સુપર ક્રેડિટ આપવામાં આવી છે, જ્યારે હાઈબ્રિડ વાહનો, ફ્લેક્સ-ફ્યુઅલ, ઈથેનોલ મિશ્રણ, સીએનજી અને બાયોફ્યુઅલ જેવા અન્ય વિકલ્પોને પણ માન્યતા આપવામાં આવી છે. આ ઉપરાંત વાહનોમાં સ્ટાર્ટ-સ્ટોપ સિસ્ટમ, રીજનરેટિવ બ્રેકિંગ અને વધુ કાર્યક્ષમ એર-કન્ડીશનીંગ જેવી નાની-મોટી સુધારણાઓ દ્વારા પણ બળતણ બચાવવાની છૂટ અપાઈ છે. દેશમાં હજુ ચાર્જિંગ સ્ટેશનોનો પૂરતો વિકાસ થયો નથી, વીજળી ઉત્પાદન મોટાભાગે કોલસા પર નિર્ભર છે અને બેટરી માટે જરૂરી દુર્લભ ખનિજોની વૈશ્વિક અછત છે, તેથી આ પ્રકારની વ્યાવહારિક છૂટછાટ વાહન ઉત્પાદકો માટે ખૂબ ઉપયોગી સાબિત થશે.

**વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક, ઝીરો-ઉત્સર્જન ભવિષ્ય માટે તૈયાર કરવામાં આવી રહેલા ઉદ્યોગો માટે બજારને અનુરૂપ પૂરતા લવચીક નિયમનની તાતી જરૂરિયાત**

જોકે નીતિ આયોગના પૂર્વ સીઈઓ અમિતાભ કાંતે આ નિયમોની ટીકા કરતા કહ્યું છે કે આમાં ઈલેક્ટ્રિફિકેશન પર પૂરતો ભાર મૂકવામાં આવ્યો નથી. પરંતુ લેખ સ્પષ્ટ કરે છે કે ત્રણ ગણી સુપર ક્રેડિટ આપીને એઆઈને પહેલેથી જ મોટું પ્રોત્સાહન આપી દેવાયું છે. મૂળ ચિંતા એ છે કે સરકાર તરફથી મળેલી આ વ્યાવહારિક છૂટછાટનો ઉપયોગ કંપનીઓ ઈલેક્ટ્રિક વાહનો તરફ જવામાં વિલંબ કરવા માટે ન કરે. આ મળેલા સમયનો ઉપયોગ બેટરી ટેકનોલોજી, સ્થાનિક સપ્લાય ચેઈન અને ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત કરવા માટે થવો જોઈએ. આ નિયમનો મુખ્ય હેતુ જ એ છે કે અત્યારથી જ પ્રદૂષણ ઘટે અને સાથે સાથે ભારત ભવિષ્યના ઝીરો-એમિશન યુગ માટે તૈયાર થાય. વિવિધ ટેકનોલોજીની છૂટછાટ એ મંજિલ સુધી પહોંચવાનો એક રસ્તો છે, પરંતુ જો એ જ રસ્તો મુખ્ય લક્ષ્યથી ભટકાવી દે, તો નીતિનો મૂળ હેતુ માર્યો જાય છે.

ભારતીય ઉદ્યોગને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક, વધુને વધુ ઝીરો-ઉત્સર્જન ભવિષ્ય માટે તૈયાર કરવામાં આવી રહ્યા છે. તેના માટે બજારની વાસ્તવિકતાઓને સમાયોજિત કરવા માટે પૂરતા લવચીક નિયમનની જરૂર છે પરંતુ ઉત્પાદકોને આગળ વધતા રાખવા માટે પૂરતા કડક નિયમનની જરૂર છે. ધીમે ધીમે કડક લક્ષ્યો, વીજળીકરણ માટે પ્રોત્સાહનો અને બીઈઈ સંચાલિત ક્રેડિટ મિકેનિઝમ ઉત્પાદકો પર કાર્યક્ષમતા સુધારવા અને સ્વચ્છ તકનીકોમાં રોકાણ કરવા માટે દબાણ જાળવી રાખવું જોઈએ. ઓટો ઉદ્યોગને જટિલ પરિવર્તનમાંથી પસાર થવા માટે સમયની જરૂર છે, પરંતુ તે સમયનો ઉપયોગ વૈશ્વિક ગતિશીલતાના આગામી તબક્કા માટે ટેકનોલોજી, માળખાગત સુવિધાઓ અને સપ્લાય ચેઇન બનાવવા માટે થવો જોઈએ. જેના માટે ટેકનોલોજીમાં તટસ્થતા અનિવાર્ય છે.

## જો ચીનનું એઆઈ બેકાબૂ બન્યું તો વિશ્વ માટે મોટું જોખમ ઉભુ થવાની ભીતિ

**તાજેતરમાં અમેરિકામાં એઆઈની** સુરક્ષાને લઈને તીવ્ર ચર્ચાઓ શરૂ થઈ છે, જ્યાં એન્થ્રોપિક જેવી કંપનીઓએ એઆઈના કારણે માનવજાત પર અસ્તિત્વનું જોખમ ઊભું થવાની ચેતવણીઓ આપી છે. શરૂઆતમાં ચીને આ ચેતવણીઓને ડર ફેલાવવાની અમેરિકન યુક્તિ ગણાવીને ફગાવી દીધી હતી અને એવું માન્યું હતું કે તેની પ્રગતિ રોકવા માટે આ બધું કરવામાં આવી રહ્યું છે.

હુવાવેના વડા એરિક ઝુએ પણ એવો પ્રશ્ન ઉઠાવ્યો હતો કે શું ચીનની એઆઈ સિસ્ટમ હજુ એટલી અદ્યતન થઈ છે કે તે અમેરિકા જેવા જોખમો ઊભા કરી શકે. જોકે, ચીન માટે હવે આ જોખમોને નકારી કાઢવું મુશ્કેલ બની રહ્યું છે, કારણ કે રોજગાર ક્ષેત્રે ભય અને મહત્વપૂર્ણ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર સાયબર હુમલા જેવા વાસ્તવિક જોખમો ઝડપથી સામે આવી રહ્યા છે. ખાસ કરીને જુલાઈમાં બનેલી હગિંગ ફેસની ઘટનાને કારણે સલામતી અંગેની આ તાજેતરની ચર્ચા શરૂ થઈ છે.

જેમ કે ટૂંકા ગાળાના ઓપનક્લોના ઉન્માદથી દર્શાવવામાં આવ્યું છે, ચીનના બિન-તકનીકી લોકો પણ તેમની સાથે પ્રયોગ કરવા તૈયાર છે. તેનો અર્થ એ છે કે જો એજન્ટિક અલ સ્વાભાવિક રીતે વધુ જોખમી હોય, તો ચાઇનીઝ અલ ટૂલ્સના વર્તનને લગતા વલણને જોવામાં કદાચ સમય લાગશે.



કેથરિન થોર્બેક

બ્લૂમબર્ગ

અમેરિકા અને ચીન વચ્ચે એઆઈની હરીફાઈ અતિશય તીવ્ર બની ગઈ છે. ચીનમાં ૧,૦૦૦થી પણ વધુ લાર્જ લેંગ્વેજ મોડેલ્સ ઉપલબ્ધ છે અને ત્યાંની કંપનીઓ સ્વાયત્ત રીતે કામ કરી શકે તેવા એઆઈ એજન્ટ્સ વિકસાવવામાં ખૂબ ઝડપથી આગળ વધી રહી છે. પરંતુ આ એજન્ટ્સનું અણધાર્યું કે અનિયંત્રિત વર્તન સૌથી મોટુ જોખમ બની રહ્યું છે.

ચીનની ડીપસીક અને મૂનશોટ એઆઈ જેવી અગ્રણી કંપનીઓના સંશોધનો અને પરિક્ષણોમાં જાણવા મળ્યું છે કે, એઆઈ એજન્ટ્સ ઘણીવાર અવિશ્વસનીય, છેતરપિંડી કરનારા અને સુરક્ષાની મર્યાદાઓ તોડીને લૂપહોલ્સનો દુરૂપયોગ કરનારા સાબિત થઈ રહ્યા છે. તદુપરાંત ચીની સંશોધકો એઆઈની પોતાની જાતે સુધારો કરવાની ક્ષમતા પર ખૂબ ઝડપથી કામ કરી રહ્યા છે,

જે ભવિષ્યમાં મનવીય નિયંત્રણની બહાર જઈ શકે છે. ઓક્સફર્ડ ચાઇના પોલિસી લેબના ઝિલાન કિયાને દલીલ કરી છે, ચીન આ સંદર્ભમાં પશ્ચિમના ઘણા લોકો જે સમજી શકે છે તેના કરતા વધુ આગળ છે, આંશિક રીતે કારણ કે તેના સંશોધકો તેને અલગ અલગ શબ્દોમાં વર્ણવે છે. ચાઇનીઝ એઆઈ એજન્ટોએ પણ એવા પ્રકારના ભ્રામક અને ચિંતાજનક વલણો દર્શાવ્યા છે જેણે યુએસ ટૂલ્સ વિશે ચિંતા ઉભી કરી છે.

ચીન સરકાર પણ હવે આ ગંભીર પરિસ્થિતિથી અજાણ નથી. સપ્ટેમ્બરમાં ચીને એઆઈ સેફ્ટી ગવર્નન્સ ફ્રેમવર્ક ૩.૦ નામનો એક મહત્ત્વનો નીતિ વિષયક દસ્તાવેજ અંગ્રેજીમાં બહાર પાડ્યો છે. જેમાં સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે, સ્વ-ગતિ પકડતી એઆઈ સિસ્ટમ માનવીય નિયંત્રણથી બહાર થઈ શકે છે. જેથી આ મામલે સતર્ક રહેવાની જરૂર છે.

● વર્ક-લાઇફ બેલેન્સ

### કામકાજનાં ઓછા કલાકોને કારણે વર્ક-લાઇફ બેલેન્સ અને માનસિક-શારીરિક આરોગ્યમાં સ્પષ્ટ સુધારો થાય છે

## આપણે શા માટે હજુપણ આટલું બધું કામ કરીએ છીએ



અતાનુ બિસ્વાસ

સિનિયર ફેલો, સેન

**૨૫ સપ્ટેમ્બર ૧૯૨૬ના** રોજ અમેરિકામાં હેનરી ફોર્ડના કારખાનાઓમાં એક ક્રાંતિ થઈ હતી—કામના અઠવાડિયાને છ દિવસમાંથી ઘટાડીને પાંચ દિવસનું કરવામાં આવ્યું હતું, જેમાં દૈનિક આઠ કલાક કામ અને પગારમાં કોઈ ઘટાડો કરવામાં આવ્યો નહોતો. કેલેન્ડરની દૃષ્ટિએ આ માત્ર એક સામાન્ય ફેરફાર હતો, પરંતુ શ્રમ-ઇતિહાસની તે એક અત્યંત મહત્ત્વપૂર્ણ ઘટના હતી.

એક સદી વીતી ગયા પછી પણ આપણે એ જ સવાલ પર વિચાર કરી રહ્યા છીએ: આપણે આટલી સખત મહેનત કેમ કરીએ છીએ? આ પ્રશ્ન એટલા માટે વધુ રસપ્રદ બને છે કારણ કે સો વર્ષ પહેલાં આ અંગેનો દૃષ્ટિકોણ તદ્દન અલગ હતો. એવું માનવામાં આવતું હતું કે મશીનો આખરે આપણને શારીરિક શ્રમના બોજમાંથી મુક્ત કરશે. તે આપણને સમૃદ્ધ બનાવશે, ઉત્પાદકતા વધશે અને છેવટે માનવી પાસે પોતાના માટે વધુ સમય બચશે.

બ્રિટનના પ્રખ્યાત અર્થશાસ્ત્રી જોન મેનાર્ડ કેઇન્સે આ સ્વપ્નને સૌથી સચોટ રીતે રજૂ કર્યું હતું. ૧૯૩૦ના તેમના નિબંધ "ઇકોનોમિક પોસિબિલિટીઝ ફોર અવર ગ્રાન્ડચિલ્ડ્રન"માં તેમણે આગાહી કરી હતી કે ૨૦૩૦ સુધીમાં અઠવાડિયામાં માત્ર ૧૫ કલાક કામ કરવાનું રહેશે. કેઇન્સનું માનવું હતું કે આપણામાં રહેલા મૂળ 'આદમ'ને સંતોષવા માટે દિવસના ત્રણ કલાક પૂરતા થશે. ખેર, ૨૦૩૦નું વર્ષ લગભગ આવી જ પહોંચ્યું છે. પરંતુ આપણે હજી પણ ૧૫ કલાકના કામના સપ્તાહથી ઘણા દૂર છીએ. આજે મશીનો અભૂતપૂર્વ ચોકસાઈ સાથે ઉત્પાદન કરી રહ્યા છે.

આપણી પાસે હવે એવું આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ છે જે લખી શકે છે, કોડિંગ કરી શકે છે, વિશ્લેષણ કરી શકે છે, અનુવાદ કરી શકે છે અને સારાંશ પણ આપી શકે છે. તેમ છતાં, અઠવાડિયાના કામના કલાકો લગભગ તેટલા જ રહ્યા છે જેટલાં એક સદી પહેલાં ફોર્ડે નક્કી કર્યા હતા.

કદાચ કેઇન્સે એવું માની લીધું હતું કે જેમ જેમ આપણે વધુ સમૃદ્ધ થઈશું, તેમ તેમ આપણે ભૌતિક વપરાશ કરતાં આપમેળે આરામ કે નવરાશને વધુ પ્રાથમિકતા આપીશું. પરંતુ વાસ્તવિકતામાં માનવ સ્વભાવ ઘણો વધુ જટિલ સાબિત થયો છે. ખુદ ફોર્ડે પણ એવી દલીલ કરી હતી કે નવરાશ હકીકતમાં ઉપભોગ અને વ્યવસાયિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપી શકે છે. આમ, પાંચ દિવસનું કામનું અઠવાડિયું એ ટેકનોલોજી, વધેલી ઉત્પાદકતા, સામાજિક દબાણ અને વ્યાપારિક ગણતરીઓનું સંયુક્ત પરિણામ હતું. પરંતુ ત્યારપછી એક વિચિત્ર વળાંક આવ્યો. ઉત્પાદકતા સતત વધતી રહી, પણ કામના અઠવાડિયાનો સમયગાળો એ જ ઝડપે ઘટ્યો નહીં. આનું કારણ એ છે કે ઉત્પાદકતા એક પસંદગી આપે છે. ટેકનોલોજી દ્વારા પેદા થતી વધારાની ઉત્પાદકતા કાં તો વધુ નવરાશ તરફ લઈ જઈ શકે છે અથવા વધુ ચીજવસ્તુઓના વપરાશ તરફ. અહીં કોઈ નિશ્ચિત આર્થિક નિયમ લાગુ પડતો નથી. કદાચ કેઇન્સ પોતાની આગાહીમાં આ બાબત ચૂકી ગયા હતા. તેમણે વિચાર્યું હતું કે ભૌતિક સંપત્તિ કામ કરવાની આપણી ઈચ્છાને ઘટાડી દેશે; પરંતુ વાસ્તવમાં તેણે આપણી આકાંક્ષાઓ અને જરૂરિયાતોમાં પણ તેટલો જ વધારો કર્યો.

**છેલ્લી સદીથી આર્થિક સફળતાની વ્યાખ્યા વધુ ઉત્પાદન, વધુ કમાણી અને વધુ વપરાશ તરીકે કરવામાં આવી છે. 'કેટલું પૂરતું છે' તે નક્કી કરવામાં કદાચ આપણે અસમર્થ રહ્યા છીએ**

૨૦૧૯માં અલીબાબાના સ્થાપક જેક માએ એક આદર્શ ભવિષ્યની અન્ય એક કલ્પના રજૂ કરી હતી. તેમણે અનુમાન લગાવ્યું હતું કે એઆઇના સહારે નજીકના ભવિષ્યમાં આપણે અઠવાડિયામાં માત્ર ત્રણ દિવસ અને રોજના ચાર કલાક—એટલે કે અઠવાડિયે માત્ર ૧૨ કલાક જ કામ કરવું પડશે. તેમની દલીલ હતી કે ટેકનોલોજીએ માનવીને માણસ હોવાનો આનંદ માણવા માટે વધુ સમય આપવો જોઈએ. સાત વર્ષ પછી, આ વિચાર કદાચ વધુ પડતો આશાવાદી લાગે છે. પરંતુ કેઇન્સની જેમ જેક મા પણ કદાચ ટેકનોલોજી તરફ જ જોઈ રહ્યા હતા અને માનવ સ્વભાવના એક પાસાને ભૂલી ગયા હતા. એઆઇ કોઈ ચોક્કસ કામ પૂરું કરવા માટે લાગતો સમય ઘટાડી શકે છે, પરંતુ સમાજ જે કામને 'કરવા યોગ્ય' માને છે તેનું એકંદર પ્રમાણ તે આપોઆપ ઘટાડી શકતું નથી.

જોકે, કામના ઓછા કલાકો સફળ થાય છે તેના પુરાવા પણ મોજૂદ છે. વિશ્વભરમાં થયેલા વિવિધ પ્રયોગો પૈકી ૨૦૧૫ થી ૨૦૧૯ દરમિયાન આઈસલેન્ડમાં ૨,૫૦૦ થી વધુ કર્મચારીઓ પર એક અભ્યાસ હાથ ધરાયો હતો. તેમના પગારમાં કોઈ કાપ મૂક્યા વિના કામના કલાકો ઘટાડવામાં આવ્યા હતા. પરિણામે, તે કર્મચારીઓના વર્ક-લાઇફ બેલેન્સ અને માનસિક-શારીરિક આરોગ્યમાં સ્પષ્ટ સુધારો જોવા મળયો હતો.

હવે એઆઇએ જૂની સમજૂતિને ફરી જીવંત કરી છે. તાજેતરમાં અમેરિકામાં બર્ની સેન્ડર્સ અને પ્રતિનિધિ માર્ક ટાકાનોએ એક વિધેયક રજૂ કર્યું છે, જે આવક કે ભથ્થાઓમાં કોઈ ઘટાડા વિના અઠવાડીયામાં ૩૨ કલાકનાં કામની જોગવાઈ કરે છે. આ પગલું એટલા માટે મહત્વનું નથી કે તે ચાર દિવસનાં કાર્યસપ્તાહની ખાતરી આપે છે પરંતુ તે એક મૂળભૂત પ્રશ્ન પણ પુછે છે: આ તકનીકી ક્રાંતિનો વાસ્તવિક લાભ કોને મળી રહ્યો છે? ઓપન-એઆઇએ પણ એઆઇ થકી વધેલી ઉત્પાદકતામાંથી કર્મચારીઓને એફિશિયન્સી ડિવિડન્ડ આપવા માટે ૩૨ કલાકનાં કાર્યસપ્તાહનું પરીક્ષણ કરવાની તૈયારી દર્શાવે છે.

તો શું કેઇન્સ સાચા હતા કે ખોટા? કાર્યકલાકોની ચોક્કસ સંખ્યાનાં સંદર્ભમાં તેઓ કદાચ ખોટા સાબિત થયા છે. યુનિવર્સિટી ઓફ સસેક્સ અને વોરવિકનાં નિકોલસ ક્રાફ્ટ્સ દ્વારા ૨૦૨૨માં ઇકોનોમિકા જર્નલમાં પ્રકાશિત શોધનિબંધ ધ ૧૫ અવર વીક: કેઇન્સ પ્રેડિક્શન રિવિઝિટેડ માં તારણ કાઢવામાં આવ્યું હતું કે, ૧૫ કલાકનાં કાર્યસપ્તાહની કેઇન્સની આગાહી સાચી નહીં પડે. તેમ છતાં, લેખકે એક મહત્વનો મુદ્દો નોંધ્યો છે: ૧૯૩૧થી ૨૦૧૧ વચ્ચે બ્રિટનમાં અપેક્ષિત જીવનકાળ દરમિયાન મળતી નવરાશ અને વ્યક્તિગત સમયમાં મોટો વધારો થયો છે. જે આંશિક રીતે લાંબા આયુષ્ય અને વેહલા નિવૃત્તિ જીવનને આભારી છે. આમ કેઇન્સ, સાપ્તાહિક કામનાં કલાકોની સંખ્યામાં કદાચ ખોટા પડ્યા હોય પરંતુ માનવ વિકાસની સમગ્ર દિશા અંગે તેમનું અનુમાન સચોટ હતું. જોકે, તેનો લાભ ૧૫ કલાકનાં સાપ્તાહિક કામનાં આદર્શ માળખાનાં રૂપમાં સીધો જોવા ન મળ્યો.

વધુમાં, ઘણા લોકો માટે કામ એ માત્ર પૈસા કમાવાનું સાધન નથી. કામ થકી વ્યક્તિ અર્થ, હેતુ, ઓળખ, સામાજિક સંબંધો અને જીવનમાં એક શિસ્તબધ્ધ વ્યવસ્થા પ્રાપ્ત કરે છે. ખુદ કેઇન્સ પણ સમજતા હતા કે એક વાર અછતની સમસ્યાનો ઉકેલ આવી જશે પછી માનવજાત સામે બીજી મોટી સમસ્યા ઊભી થશે: આ નવજાત ફુરસદનાં સમયનું કરવું શું? આ પ્રશ્ન ધારવા કરતા ઘણો વધુ જટિલ છે. ચાર દિવસનાં કાર્યસપ્તાહનાં વિચારમાં સૌથી મોટો અવરોધ ટકનીકી નથી પણ સામાજિક અને માનસિક છે. પાછલી આખી સદીથી આર્થિક સફળતાનો અર્થ વધુ ઉત્પાદન, વધુ કમાણી અને વધુ ખર્ચ કરવો તેવો જ કરવામાં આવ્યો છે. પરંતુ વાસ્તવમાં કેટલું પૂરતું છે તે નક્કી કરવામાં આપણી વિચારસરણી કદાચ નિષ્ફળ રહી છે. એઆઇ આ સમીકરણને બદલશે. તે આપણને અસાધારણ રીતે વધુ ઉત્પાદક બનાવશે. પરંતુ આ વધેલી ઉત્પાદકતા વધુ એક અબજ ડોલરનાં ઉત્પાદનમાં પરિણમે છે કે માનવ જીવનમાં એક વધારાનાં આરામદાયક દિવસનાં રૂપમાં, તે આખરે એક સામાજિક પસંદગીનો વિષય છે.

આમ, ચાર દિવસનું કાર્યસપ્તાહ એ માત્ર શ્રમ બજારોનો સુધારો નથી. તે એ વાતની ચર્ચા છે કે આપણે કેવા પ્રકારની પ્રગતિ કરવા માંગીએ છીએ. ફોર્ડની ક્રાંતિનાં ૧૦૦ વર્ષ પહેલાં ઔદ્યોગિક કામદારો ખૂબ લાંબા કલાકો સુધી કામ કરતા હતા તેથી જ્યારે આપણે પાંચ દિવસનાં કામનાં સપ્તાહની શતાબ્દી ઉજવી રહ્યા છીએ ત્યારે સૌથી અગત્યની ચર્ચા એ નથી કે ગુરૂવાર એ નવો શુક્રવાર બનશે કે નહીં.

વાસ્તવિક સવાલ એ છે કે અસાધારણ તકનીકી પ્રગતિની એક આખી સદી પૂર્ણ કર્યા પછી શું આપણે આખરે એ સમજી શક્યા છીએ કે આ તમામ પ્રગતિ વાસ્તવમાં કોના માટે અને કયા હેતુસર થઈ રહી છે?

## જીવનનિર્વાહ ખર્ચની ચર્ચામાં ઉપેક્ષિત પાસું: પરિવહન



અરવિંદ સંકા
પવન ગુંટુપલ્લી

રેપિડોના સહ-સંસ્થાપકો

**ભારતમાં ગ્રામીણ વિસ્તારોમાં માસિક માથાદીઠ ખર્ચમાં પરિવહનનો હિસ્સો ૭.૫૯ ટકા અને શહેરી વિસ્તારોમાં ૮.૪૬ ટકા છે. એક પરિવાર માટે દરેક મુસાફરી એ સતત થતો ખર્ચ છે, અને તે કેટલી સરળતાથી પહોંચી શકે છે**

**પરિવહન ઘરગથ્થુ ખર્ચનું** એક મોટું અને વારંવાર થતું પાસું છે. પરંતુ, ભારતમાં જીવનનિર્વાહના ખર્ચ અંગેની ચર્ચામાં તેને ભાગ્યે જ એ રીતે જોવામાં આવે છે. આ ચર્ચા સામાન્ય રીતે કોઈ ચોક્કસ સ્થળે રહેવાના ખર્ચ પર કેન્દ્રિત હોય છે, નહીં કે એક સ્થળેથી બીજા સ્થળે પહોંચવાના ખર્ચ પર. 'હાઉસહોલ્ડ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર સર્વે' દર્શાવે છે કે ભારતમાં ગ્રામીણ વિસ્તારોમાં માસિક માથાદીઠ ખર્ચમાં પરિવહનનો હિસ્સો ૭.૫૯ ટકા અને શહેરી વિસ્તારોમાં ૮.૪૬ ટકા છે. એક પરિવાર માટે દરેક મુસાફરી એ સતત થતો ખર્ચ છે, અને તે કેટલી સરળતાથી પહોંચી શકે છે.

ભાડું એ આ ખર્ચનો માત્ર એક હિસ્સો છે. એક મુસાફરે બસ ડેપો, મેટ્રો કે રેલવે સ્ટેશન પહોંચવા માટે પૈસા ચૂકવવા પડે છે. ત્યાંથી ઉતર્યા પછી આગળની મુસાફરી માટે ફરી ભાડું ચૂકવવું પડે છે. ટ્રાફિકમાં કલાકો ગાળવા પડે છે અથવા તો પછી એવો નિર્ણય લેવો પડે છે કે મુસાફરી પૂરી કરવા માટે વાહન ખરીદવું જ એક માત્ર વ્યવહારુ રસ્તો છે. પ્રશ્ન એ નથી કે બસ કે મેટ્રોની એક વ્યક્તિગત મુસાફરી સસ્તી છે કે કેમ. પ્રશ્ન એ છે કે સમગ્ર મુસાફરી પાછળ નાણા અને સમયની દ્રષ્ટિએ કુલ કેટલો ખર્ચ થાય છે. મુસાફરીમાં લાગતો સમય પોતે એક આર્થિક ખર્ચ છે. આંકડાશા-ન અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયનાં ટાઇમ યુઝ સરવે ૨૦૨૪ અનુસાર ૧૫થી ૫૯ વર્ષની વયનાં પુરુષો રોજગારલક્ષી પ્રવૃત્તિઓ માટે અવરજવર કરવામાં રોજની સરેરાશ ૭૭ મિનિટ ફાળવે છે. આ જ વયજૂથની મહિલાઓ માટે આ સરેરાશ ૬૭ મિનિટ છે.

ટ્રાફિક આ ખર્ચમાં વધારાનો બોજ ઉમેરે છે. આર્થિક સર્વેક્ષણ ૨૦૨૫-૨૬ 'ટોમટોમ ટ્રાફિક ઇન્ડેક્સ ૨૦૨૪'ને ટાંકે છે, જેનો અંદાજ છે કે પીક-અવર્સના ટ્રાફિકને કારણે બેંગલુરુમાં મુસાફરોના ૧૧૭કલાક, મુંબઈમાં ૧૦૩ કલાક અને નવી દિલ્હીમાં ૭૬કલાક વેડફાયા હતા. તે અન્ય એક અભ્યાસને પણ ટાંકે છે, જેમાં અંદાજ મૂકાયો હતો કે ટ્રાફિકના કારણે મોડા પહોંચવાથી વર્ષ ૨૦૧૮માં બેંગલુરુને ઉત્પાદકતાના આશરે ૭.૦૭ લાખ કલાકોનું નુકસાન થયું હતું, જે ઉત્પાદકતાનાં નુકસાનનાં રૂપમાં અંદાજે રૂ. ૧૧.૭ અબજ સમકક્ષ છે. આ આંકડાઓ ભલે અલગ અલગ માપદંડો દર્શાવતા હોય, પરંતુ એક જ સમસ્યા તરફ ઇશારો કરે છે. ટ્રાફિક જામ એ મુસાફરી પાછળ ખર્ચાતા નાણા ઉપરાંત એક સ્પષ્ટ આર્થિક બોજ લાદે છે.

આની સીધી અસર સામાન્ય લોકો પર પડે છે. કોઈ નોકરી તકનીકી રીતે પહોંચની અંદર હોઈ શકે છે, પરંતુ જો ત્યાં પહોંચવામાં કલાકોનો સમય લાગતો હોય તો તે અવ્યવહારુ બની જાય છે. શિક્ષણ અને આવશ્યક સેવાઓને પણ આ જ નિયમ લાગુ પડે છે. જ્યારે ઝડપી કનેક્ટિવિટી શહેર કે પ્રદેશના અગાઉ પહોંચ બહાર રહેલા વિસ્તારોને વાજબી સમયમાં આવરી લે છે, ત્યારે વધુ નોકરીઓ વ્યવહારુ બને છે. દિલ્હી અને મેરઠ વચ્ચેનો નમો ભારત કોરિડોર આ બાબત સ્પષ્ટ કરે છે. આર્થિક સર્વેક્ષણમાં નોંધાયેલા પ્રારંભિક અંદાજો દર્શાવે છે કે આ સ્થળો વચ્ચે લગભગ ૬.૯થી ૭.૬ લાખ જેટલી નોકરીઓ એક કલાકની પહોંચમાં આવી ગઈ છે.

**દરેક મુસાફરીનો પોતાનો ખર્ચ હોય છે. મુસાફરી પૂર્ણ કરવાનાં વધુ વિકલ્પો ઉપલબ્ધ બનાવવાથી શહેરમાં માત્ર અવરજવર કરવા ખાતર પોતાનું વાહન ખરીદવાની જરૂરિયાતમાં ઘટાડો થઈ શકે છે**

જોકે, ઝડપી રેલ કનેક્ટિવિટીનો લાભ મુસાફર ટ્રેનમાં ચડે ત્યારે શરૂ થતો નથી કે તેમાંથી ઉતરે ત્યારે પૂરો થતો નથી. મુસાફરે એક છેડે સ્ટેશન સુધી પહોંચવું પડે છે અને ગંતવ્ય સ્ટેશને પહોંચ્યા પછી ત્યાંથી પોતાની ઓફિસ, કોલેજ કે આવશ્યક સેવા સુધી જવું પડે છે. બેંગલુરુ આનું તાજેતરનું ઉદાહરણ પૂરું પાડે છે. માર્ચમાં, તેના ટ્રાન્સપોર્ટ કોર્પોરેશને યલો લાઇન પરના રહેણાંક વિસ્તારોને જોડતી ફીડર સેવાઓ શરૂ કરી હતી. આ સેવાનું ભાડું રૂ.૬-૨૫ હતું અને તે દર ૩૫થી ૪૦ મિનિટે દોડતી હતી. અગાઉ આ વિસ્તારોમાં સીધી બસ કનેક્ટિવિટી નહોતી, જેના કારણે કેટલાક રહેવાસીઓએ ટૂંકા અંતર માટે પણ કાર અને ટુ-વ્હીલર પર નિર્ભર રહેવું પડતું હતું.

જો મેટ્રો સ્ટેશન સુધી પહોંચવાનું માધ્યમ મોંઘું, અસુવિધાજનક કે વધુ સમય લેનારું હોય તો સસ્તી મેટ્રો મુસાફરીનું મૂલ્ય મર્યાદિત બની જાય છે. મુસાફરીના બીજા છેડે પણ આ જ સ્થિતિ રહે છે. જાહેર પરિવહન ત્યારે જ વધુ ઉપયોગી બને છે જ્યારે લોકો પાસે તેના સુધી પહોંચવા માટે પરવડે તેવા વિકલ્પો હોય.આ જાહેર પરિવહનની એક વ્યાપક મર્યાદા છે. ભારતના ગૃહનિર્માણ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા દર લાખની વસ્તીએ ૪૦થી ૬૦ બસોની ભલામણ કરવામાં આવી છે, જ્યારે આર્થિક સર્વેક્ષણ મુજબ ભારતમાં શહેરી બસોનો કાફલો આશર ૪૭,૬૫૦ છે, જેમાંથી લગભગ ૬૧ % બસો માત્ર નવ મોટા મહાનગરોમાં કેન્દ્રિત છે. કોઈ શહેરમાં મેટ્રો, બસ કે પ્રાદેશિક રેલ નેટવર્ક હોય તો પણ, નિશ્ચિત રૂટ ધરાવતું જાહેર પરિવહન દરેક પ્રારંભિક સ્થળથી ગંતવ્ય સ્થાન સુધી સીધું જોડાણ આપી શકતું નથી.

આ જગ્યાએ વિવિધ પરિવહન માધ્યમો એકબીજાના પૂરક બની શકે છે. એક મુસાફર મેટ્રો સ્ટેશન સુધી પહોંચવા માટે શેર્ડ ટુ-વ્હીલરનો ઉપયોગ કરી શકે છે, મુસાફરીના મોટા હિસ્સા માટે મેટ્રો લઈ શકે છે, અને ગંતવ્ય સ્થાને પહોંચીને અન્ય કનેક્શન વાપરી શકે છે. બીજી તરફ, ખાનગી વાહન ખર્ચ, મુસાફરીનો સમય અને સુગમતાનું એક અલગ સંયોજન પૂરું પાડે છે. તેથી સાચી સરખામણી સમગ્ર મુસાફરીની છે: દરેક સંયોજનમાં કેટલો ખર્ચ થાય છે, કેટલો સમય લાગે છે, અને શું તેના માટે પરિવારે પોતાનું વાહન વસાવવું પડે છે કે કેમ.જાહેર પરિવહનનું વાસ્તવિક મૂલ્ય આખરે એ બાબત પર નિર્ભર કરે છે કે તે વ્યક્તિના પ્રારંભિક સ્થળથી અંતિમ ગંતવ્ય સુધીની મુસાફરીને કેટલી સરળ બનાવે છે. 'ફર્સ્ટ-માઇલ' અને 'લાસ્ટ-માઇલ' જોડાણો આ પરવડે તેવા સમીકરણનો જ એક ભાગ છે.

એક ટ્રાન્સપોર્ટ નેટવર્ક ત્યારે વધુ આર્થિક રીતે ઉપયોગી બને છે જ્યારે લોકો માત્ર આંતરિક અંતર કાપવા માટે પોતાનાં વાહનની માલિકી વસાવ્યા વિના કામ, શિક્ષણ અને આવશ્યક સેવાઓ સુધી પહોંચવા માટે તેનાં વિવિધ માધ્યમોનું સંયોજન કરી શકે. ધારો કે એક મુસાફર મેટ્રો સ્ટેશનથી ત્રણ કિલોમીટર દૂર રહે છે અને બીજા છેડે સ્ટેશનથી ચાર કિલોમીટર દૂર નોકરી કરે છે. મુસાફરીનો મોટો ભાગ કાપવા માટે મેટ્રો સૌથી પરવડે તેવો માર્ગ હોઈ શકે છે, છતાં તે મુસાફર પહેલા સ્ટેશન સુધી અને ત્યારબાદ તેના ગંતવ્ય સ્થાન સુધી પહોંચવું જ પડે છે.

પગપાળા ચાલવાથી ઘણો સમય બગડી શકે છે. બંને છેડે અલગથી ઓટોરિક્ષા લેવાથી દૈનિક ખર્ચ વધી શકે છે. મોટરસાઇકલ કે કાર રાખવાથી ખરીદી, ઇંધણ, જાળવણી, પાર્કિંગ અને વીમાનો બોજ વધે છે.શેર્ડ ટુ-વ્હીલર મુસાફરને પોતાના વાહનની માલિકી રાખ્યા વિના આ ટૂંકા અંતરને જોડવાનો બીજો વિકલ્પ પૂરો પાડે છે. કેટલીક મુસાફરીઓ માટે તે ખર્ચ અને મુસાફરીના સમય વચ્ચે વ્યવહારુ સંતુલન આપી શકે છે. અન્ય મુસાફરીઓ માટે અંતર, ઉપલબ્ધતા અને દિવસના સમયના આધારે પગપાળા ચાલવું, બસ કે ઓટો વધુ અનુકૂળ સાબિત થઈ શકે છે.

આમ, શેર્ડ મોબિલિટીની તરફેણ એટલા માટે નથી કે તે જાહેર પરિવહનનું સ્થાન લઈ લે અથવા તે વધુ સસ્તું છે. તેની ભૂમિકા મુસાફરોને એવો વધારાનો વિકલ્પ આપવાની છે જ્યાં કોઈ ચોક્કસ મુસાફરી માટે નિશ્ચિત રૂટ કે અન્ય સાધનો પૂરતા ન હોય. આર્થિક સર્વેક્ષણ ૨૦૨૫-૨૬ આ ભૂમિકાને સ્વીકારે છે અને ફર્સ્ટ અને લાસ્ટ માઇલ અંતર ઘટાડવા માટે જાહેર પરિવહનની સાથો સાથ બાઇક ટેક્સી સહિતનાં શેર્ડ અને પોઇન્ટ-ટુ-પોઇન્ટ સાધનોનાં વધુ ઉપયોગની હિમાયત કરે છે.

પરિવારો માટે આ વિકલ્પ મહત્વનો છે કારણ કે દરેક મુસાફરીનો પોતાનો ખર્ચ હોય છે. મુસાફરી પૂર્ણ કરવાનાં વધુ વિકલ્પો ઉપલબ્ધ બનાવવાથી શહેરમાં માત્ર અવરજવર કરવા ખાતર પોતાનું વાહન ખરીદવાની જરૂરિયાતમાં ઘટાડો થઈ શકે છે.

## તંત્રીને પત્ર

### મૂડી પ્રવાહનું વ્યવસ્થાપન

'ધ ડૉલર ઇનફ્લો પઝલ' (એફઈ, ૧ ઓક્ટોબર ) ના સંદર્ભમાં, વિદેશી હૂંડિયામણના મોટા પ્રવાહે અનામત ભંડોળને મજબૂત બનાવ્યું છે, પરંતુ તેના પરિણામે ઊભી થયેલી રૂપિયાની તરલતા બેંકો અને રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (આરબીઆઇ) માટે એક અલગ પડકાર રજૂ કરે છે. આ બાબત સાવચેતીપૂર્વક સંભાળવાને પાત્ર છે, કારણ કે અતિશય તરલતા અવિચારી ધિરાણને પ્રોત્સાહન આપી શકે છે અથવા બોન્ડ માર્કેટમાં અસંતુલન ઊભું કરી શકે છે.

માત્ર ક્રેડિટ ગ્રોથ વધારવા ખાતર બેંકો પર વધારાના ભંડોળનું રોકાણ કરવા માટે દબાણ ન કરવું જોઈએ. એસેટ ક્વોલિટી અને સચોટ લોન-મૂલ્યાંકન સર્વોપરી રહેવું જોઈએ. આરબીઆઈ માત્ર કોઈ એક જ સાધન પર વધુ પડતો આધાર રાખવાને બદલે લિક્વિડિટી કામગીરીના યોગ્ય સંતુલનનો ઉપયોગ કરી શકે છે. સ્પષ્ટ માહિતી અને સંચાર પણ ભવિષ્યના વ્યાજ દરો અંગેની બિનજરૂરી અટકળોને રોકવામાં મદદ કરશે.

ધિરાણની માંગ મજબૂત રહેતી હોવાથી, કેટલાક વધારાના ભંડોળ આખરે ઉત્પાદક રોકાણને ટેકો આપી શકે છે, પરંતુ આ બાબત નક્કર જોખમ વ્યવસ્થાપન માળખા હેઠળ જ થવી જોઈએ. આ ઘટના દર્શાવે છે કે મૂડી પ્રવાહનું વ્યવસ્થાપન કરવા માટે માત્ર ફોરેક્સ રિઝર્વ પર જ નહીં પરંતુ તેનાં સ્થાનિક નાણાકીય પરિણામો પર પણ ધ્યાન આપવું જરૂરી છે.

ફોરેન કરન્સી નોન-રેસિડન્ટ (બેંક) સ્કીમ હેઠળ ડૉલરનો અનપેક્ષિત પ્રવાહ આવવાને કારણે જ સંભવતઃ આરબીઆઇને ઓગસ્ટ સુધીમાં આ યોજના બંધ કરવાની ફરજ પડી છે. આશરે ૧૨૭ અબજ ડોલરની કુલ રકમે વિદેશી હૂંડિયામણ અનામતને સ્કીમ જાહેર થઈ તે પહેલાંના ૫૪૩ અબજ ડોલરથી વધારીને ૬૪૮ અબજ ડોલર સુધી પહોંચાડવામાં મદદ કરી. ડોલરનાં અસાધારણ પ્રવાહને પરિણામે સ્થાનિક બજારમાં સર્જાયેલી તરલતાનું સંતાલન કેવી રીતે કરવું તે અંગે એક પ્રશ્નાર્થ ચિહ્ન ઊભું થયું છે. અર્થતંત્ર આગળ વધી રહ્યું હોવાથી ક્રેડિટની માંગ સતત જળવાઈ રહેશે તે નક્કી છે. પરંતુ સરપ્લસ તરલતા કાયમ રહેશે અને તેનો ઉકેલ લાવવો અનિવાર્ય છે. વિદેશી હૂંડિયામણનો પ્રવાહ મેળવવો અને યોગ્ય સ્તરે તરલતા જાળવી રાખવી એ બોન્ડ માર્કેટ માટે મહત્વની અસરો ધરાવે છે.

—એસ એમ જીવા, ચેન્નાઈ

REGD NO. GAMC 944 FE (GUJ) AHMD. RNI NO:48890/1991 Printed and published by Hareshkumar k Bhagdev on behalf of M/s The Indian Express Private Limited and printed at Bhaskar Print Planet, Survey No. 148P, Changodar-Bavla Highway, Tal. Sanand, Dist. Ahmedabad and published at 3rd Floor, Sambhav House, Bodakdev, Ahmedabad-380 015. Phone (Board): 26872481-82, Fax: 079-26872485. Chairman of the Board - Viveck Goenka, Editor - Shyamal Majumdar, Editor (Ahmedabad): Jyotsna Bhatnagar* (*Responsible for selection of news under the PRP Act) © Copyright: The Indian Express Private Limited. All rights reserved. Reproduction in any manner, electronic or otherwise, in whole or in part, without prior written permission is prohibited. The Financial Express®

REGD NO. GAMC 944 FE (GUJ) AHMD. RNI NO:48890/1991 બોર્ડના અધ્યક્ષ : વિવેક ગોએન્કા, એડિટર : શ્યામલ મજુમદાર, એડિટર (અમદાવાદ) : જ્યોત્સ્ના ભટનાગર* મુદ્રક પ્રકાશક : ધી ઈન્ડિયન એક્સપ્રેસ પ્રાઇવેટ લિમિટેડ, એક્સપ્રેસ ટાવર્સ, નરીમાન પોઇન્ટ, મુંબઇ- ૪૦૦ ૦૨૧ના માલિકો વતી હરેશકુમાર કે ભગદેવ સમભાવ હાઉસ, ૩જો માળ, જજીસ બંગલા પાસે, બોડકદેવ, અમદાવાદ- ૩૮૦ ૦૧૫થી પ્રસિદ્ધ કર્યું. મુદ્રણ : ભાસ્કર પ્રિન્ટ પ્લેનેટ, સર્વે નંબર ૧૪૮-પી, ચાંગોદર-બાવળા હાઇવે, તા. સાણંદ, જિ. અમદાવાદ તંત્રી વિભાગ : સમભાવ હાઉસ, ૩જો માળ, જજીસ બંગલા પાસે, બોડકદેવ, અમદાવાદ - ૩૮૦ ૦૧૫, ફોન (બોર્ડ) ૨૬૮૭૨૪૮૧-૮૨, ફેક્સ : ૨૬૮૭૨૪૮૫ (*પીઆરપી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર) © કોપીરાઇટ - ધી ઈન્ડિયન એક્સપ્રેસ પ્રાઇવેટ લિમિટેડને તમામ હક્કો સ્વાધીન રહેશે. લેખિત પૂર્વમંજૂરી વિના કોઇ પણ સ્વરૂપે, ઇલેક્ટ્રોનિક મિડિયા કે અન્યથા સંપૂર્ણ કે આંશિક પુનઃપ્રસિદ્ધિ પ્રતિબંધિત છે. ધી ફાયનાન્સિયલ એક્સપ્રેસ®

# મહારાષ્ટ્રના મુખ્યમંત્રીએ ધારાવી એક્સપિરિયન્સ સેન્ટરનું ઉદ્‌ઘાટન કર્યું

**ફાઈનાન્શિયલ એક્સપ્રેસ બ્યુરો**
મુંબઈ, તા. ૨




**મહારાષ્ટ્રના મુખ્યમંત્રી** દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે ધારાવી એક્સપિરિયન્સ સેન્ટરનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ સેન્ટરમાં એશિયાની સૌથી મોટી ઝૂંપડપટ્ટી તરીકે ઓળખાતી ધારાવીના પુનર્વિકાસ બાદનું સ્વરૂપ કેવું હશે તે દર્શાવવામાં આવ્યું છે.

અદાણી નવભારત ડેવલપર્સ (એએનડીપીએલ), અદાણી ગ્રૂપ અને મહારાષ્ટ્ર સરકારની ધારાવી રિડેવલપમેન્ટ ઓથોરિટી/સ્લમ રિહેબિલિટેશન ઓથોરિટી (ડીઆરપી-એસઆરએ) વચ્ચેનું સંયુક્ત સાહસ છે. તે ૬૨૧ એકરમાં ફેલાયેલી ધારાવીનો વિકાસ કરી રહ્યું છે, જ્યાં ૧૦ લાખથી વધુ લોકો વસે છે.

એક્સપિરિયન્સ સેન્ટરમાં રહેવાસીઓ નમૂનાના મકાનોમાં જઈ શકે છે, પ્રસ્તાવિત ટાઉનશિપની ત્રિ-પરિમાણીય ઝલક જોઈ શકે છે તથા આવાસ, રોજગાર, જાહેર સુવિધાઓ અને ખુલ્લી જગ્યાઓનું આયોજન કેવી રીતે કરવામાં આવ્યું છે તે જાણી શકે છે.

૨૨,૫૦૦ ચોરસ ફૂટ વિસ્તારમાં ફેલાયેલું આ સેન્ટર જીવનકદના મકાનના નમૂના, ડિજિટલ ડિસ્પ્લે અને ઇન્ટરેક્ટિવ પ્રદર્શન દ્વારા રહેવાસીઓને પુનર્વિકાસ યોજનાની સીધી ઝલક આપે છે. તેમાં મકાનો અને કાર્યસ્થળોથી લઈને પરિવહન તથા સામુદાયિક માળખા સુધીની યોજનાના વિવિધ પાસાંને એકસાથે રજૂ કરવામાં આવ્યા છે.

વિગતવાર ત્રિ-પરિમાણીય ઝલક મુલાકાતીઓને સમગ્ર વિસ્તારની સફર કરાવે છે, જેમાં રહેણાંક અને વ્યાવસાયિક વિસ્તારો, રસ્તાઓ, પરિવહન જોડાણો, જાહેર સુવિધાઓ અને ખુલ્લી જગ્યાઓ દર્શાવવામાં આવે છે. ઇન્ટરેક્ટિવ પ્રદર્શનો ધારાવીના ઇતિહાસને રજૂ કરે છે અને તેની ઓળખ ઘડવામાં તેમજ મુંબઈની અર્થવ્યવસ્થામાં યોગદાન આપવામાં મહત્વની ભૂમિકા ભજવનારા વ્યવસાયો અને ઉદ્યોગસાહસિક પ્રવૃત્તિઓને ઉજાગર કરે છે.

સેન્ટરના કેન્દ્રમાં જીવનકદના નમૂનાના મકાનો છે. મુલાકાતીઓ ૩૫૦ ચોરસ ફૂટ અને ૫૦૦ ચોરસ ફૂટના સજાવટ વિનાના તેમજ સંપૂર્ણપણે સજ્જ એપાર્ટમેન્ટ્સમાં જઈ શકે છે, પ્રસ્તાવિત માળખાનો અનુભવ કરી શકે છે અને આ જગ્યાઓનો ઉપયોગ કેવી રીતે થઈ શકે તે સમજી શકે છે.

સેન્ટરમાં ડિજિટલ અને સહાયિત માધ્યમો દ્વારા સર્વે, પાત્રતા, દસ્તાવેજીકરણ અને પુનર્વસન અંગે માહિતી આપવામાં આવે છે. તેનાથી રહેવાસીઓને તેમના મકાનો અને રોજગારને અસર કરનારી જોગવાઈઓ તથા પ્રક્રિયાઓ સમજવામાં મદદ મળશે.

પુનર્વિકાસ યોજનામાં મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટ હબનો પણ સમાવેશ થાય છે, જે પરિવહનનાં વિવિધ સાધનોને એક સ્થળે જોડવા અને રહેવાસીઓ તથા અન્ય મુંબઈવાસીઓ માટે કનેક્ટિવિટી સુધારવા માટે તૈયાર કરવામાં આવશે.

સેન્ટરમાં મીઠી નદીના સૂચિત પુનર્જીવન, ધારાવીમાં આશરે ૪૦,૦૦૦ વૃક્ષો અને ૩.૩ કિલોમીટર લાંબા જાહેર રિવરફ્રન્ટને પણ દર્શાવવામાં આવ્યા છે. યોજનામાં પાર્ક અને ખુલ્લી જગ્યાઓની પણ જોગવાઈ છે, જેનાથી વિસ્તારમાં હરિયાળી અને જાહેર ઉપયોગ માટેની જગ્યાઓમાં વધારો થશે.



## pnb પંજાબ નૈશનલ બૈંક punjab national bank

**ARMB, છઠ્ઠો માળ, ગુજરાત ભવન, એલીસબ્રીજ, અમદાવાદ. ઈ-મેલ: cs4517@pnb.bank.in, મો: 9829097030 (શ્રી હેમરાજ પરેવા)**

**ઈ-હરાજીની તારીખ અને સમય: તારીખ: ૨૭.૧૦.૨૦૨૬, સમય: સવારે ૧૧:૦૦ થી બપોરે ૪:૦૦ કલાકે**

**ઈએમડી અને બીડ ડોક્યુમેન્ટ જમા કરાવવાની છેલ્લી તારીખ અને સમય: તારીખ ૨૭.૧૦.૨૦૨૬, સમય: બપોરે ૩:૦૦ વાગ્યા સુધી**

**નિરીક્ષણની તારીખ અને સમય: તારીખ ૨૩.૧૦.૨૦૨૬, સમય: બપોરે ૩:૦૦ થી ૫:૦૦ સુધી**

### સ્થાવર / જંગમ મિલકત વેચવા માટેની વેચાણ નોટીસ

**ધી સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૯(૧) / નિયમ ૮(૬) ની જોગવાઈ સાથે વંચાણે લેતા સ્થાવર / જંગમ મિલકતોની ઈ-હરાજી વેચાણ નોટિસ.**
**જાહેર જનતાને સામાન્ય રીતે અને વિશેષ રીતે દેણદાર(રો) તેમજ જામીનદાર(રો)ને અત્રે નોટિસ આપવામાં આવે છે કે નીચે આપેલ સ્થાવર / જંગમ મિલકત કે જે સિક્યોર્ડ લેણદારને ગિરવે રાખેલ / ચાર્જ કરેલ છે અને પંજાબ નેશનલ બેંક/સિક્યોર્ડ લેણદાર ના અધિકૃત અધિકારી દ્વારા કન્સ્ટ્રક્ટીવ/પ્રત્યક્ષ/સાંકેતિક કબજો લેવામાં આવ્યો છે, તે જેમ છે જ્યાં છે અને જે છે તે ના આધારે પંજાબ નેશનલ બેંકે નીચે ઉલ્લેખ કરેલ દેણદાર(રો) ગીરોદાર(રો) તેમજ જામીનદાર(રો) પાસે લેવાની રકમની વસૂલાત માટે વેચવામાં આવશે. રિઝર્વ કિંમત અને ઈએમડી સંબંધિત મિલકત સામેના ખાતામાં જમા કરાવવાની રહેશે.**

### સુરક્ષિત મિલકતોનું વર્ણન

| લોટ નં. | એકાઉન્ટનું નામ, શાખા નું નામ<br>અચલિત મિલકતોની વિગતો<br>ગીરોદાર / માલિકોના નામ (ગીરો મિલકતો) | (ઈ) સરફેસી એક્ટ ૨૦૦૨ના ૧૩(૨) અંતર્ગત ડિમાન્ડ નોટીસ તારીખ<br>(એફ) બાકી રકમ<br>(જી) સરફેસી એક્ટ ૨૦૦૨ના સેક્શન ૧૩(૪) અંતર્ગત કબજા તારીખ<br>(એચ) કબજાનો પ્રકાર સાંકેતિક / પ્રત્યક્ષ / કન્સ્ટ્રક્ટીવ | એ) રીઝર્વ કિંમત<br>બી) ઈએમડી<br>સી) બીડ વધારવાની રકમ | ઈ-હરાજીની તારીખ / સમય |
|---|---|---|---|---|
| ૦૧ | **મે. ક્રિશ એગ્રોવેજ (એઆરએમ શાખા, અમદાવાદ)**<br>આઈપી ના એક માત્ર માલિકની મિલકતનો તમામ હક્ક, હીત અને હીસ્સો, દુકાન નં. ૯, ગ્રાઉન્ડ ફ્લોર, બીલ્ટ-અપ એરીયાનું માપ ૧૬૦ ચો. ફૂટ, એટલે કે ૧૪.૮૯ ચો.મી., સ્કીમ ઈસ્કોન સ્ક્વેર (આશ્રમરોડ) નોન ટ્રેડીંગ એસો. થી જાણિતી, મહાલક્ષ્મી ફૂડ અને વેજીટેબલ માર્કેટ, જમીનનો ટીપી સ્કીમ નં. ૩, ફાઈનલ પ્લોટ નં. ૮૦૦, પેટા પ્લોટ નં. ૩૩ પૈકી, ગામ: મૌજે કોચરબ, સાબરમતી, જીલ્લો અમદાવાદ અને રજી. પેટા જીલ્લો ૪, પાલડી, ગુજરાત રાજ્ય. **(માલિકી: શ્રી જીતેન્દ્ર બાબુલાલ પ્રજાપતિ)** | ઈ) ૦૧.૦૨.૨૦૨૨<br>એફ) રૂા. ૧,૨૭,૦૯,૮૬૭.૭૨ + વ્યાજ અને ચાર્જીસ – વસૂલાત જો હોય તો<br>જી) ૦૮.૦૧.૨૦૨૩<br>એચ) પ્રત્યક્ષ | એ) ૧૨,૨૫,૦૦૦/-<br>બી) ૧,૨૨,૫૦૦/-<br>સી) ૫,૦૦૦/-<br>Property ID: PUNBOKRISHAGRO09 | તારીખ: ૨૭.૧૦.૨૦૨૬ સમય: સવારે ૧૧:૦૦ થી બપોરે ૪:૦૦ |
| | આઈપી ના એક માત્ર માલિકની મિલકતનો તમામ હક્ક, હીત અને હીસ્સો, દુકાન નં. ૪૪, ગ્રાઉન્ડ ફ્લોર, બીલ્ટ-અપ એરીયાનું ક્ષેત્રફળ ૧૦૦ ચો.ફૂટ, એટલે કે ૯.૨૯ ચો.મી., સ્કીમ ઈસ્કોન સ્ક્વેર નોન ટ્રેડીંગ એસોસીએશન થી જાણિતી, મહાલક્ષ્મી ફૂડ અને વેજીટેબલ માર્કેટ, જમીનનો ટીપી સ્કીમ નં. ૩, ફાઈનલ પ્લોટ નં. ૮૦૦, પેટા પ્લોટ નં. ૩૩ પૈકી, ગામ: મૌજે કોચરબ, સાબરમતી, જીલ્લો અમદાવાદ અને રજી. પેટા જીલ્લો ૪, પાલડી, ગુજરાત રાજ્ય. **(માલિકી: શ્રી જીતેન્દ્ર બાબુલાલ પ્રજાપતિ)** | | એ) ૮,૪૫,૦૦૦/-<br>બી) ૮૪,૫૦૦/-<br>સી) ૫,૦૦૦/-<br>Property ID: PUNBOKRISHAGRO44 | તારીખ: ૨૭.૧૦.૨૦૨૬ સમય: સવારે ૧૧:૦૦ થી બપોરે ૪:૦૦ |
| | આઈપી ના એક માત્ર માલિકની મિલકતનો તમામ હક્ક, હીત અને હીસ્સો, દુકાન નં. ૪૫, ગ્રાઉન્ડ ફ્લોર, બીલ્ટ-અપ એરીયાનું ક્ષેત્રફળ ૧૦૦ ચો.ફૂટ, એટલે કે ૯.૨૯ ચો.મી., સ્કીમ ઈસ્કોન સ્ક્વેર નોન ટ્રેડીંગ એસોસીએશન થી જાણિતી, મહાલક્ષ્મી ફૂડ અને વેજીટેબલ માર્કેટ, જમીનનો ટીપી સ્કીમ નં. ૩, ફાઈનલ પ્લોટ નં. ૮૦૦, પેટા પ્લોટ નં. ૩૩ પૈકી, ગામ: મૌજે કોચરબ, સાબરમતી, જીલ્લો અમદાવાદ અને રજી. પેટા જીલ્લો ૪, પાલડી, ગુજરાત રાજ્ય. **(માલિકી: શ્રી જીતેન્દ્ર બાબુલાલ પ્રજાપતિ)** | | એ) ૮,૪૫,૦૦૦/-<br>બી) ૮૪,૫૦૦/-<br>સી) ૫,૦૦૦/-<br>Property ID: PUNBOKRISHAGRO45 | તારીખ: ૨૭.૧૦.૨૦૨૬ સમય: સવારે ૧૧:૦૦ થી બપોરે ૪:૦૦ |
| ૦૨ | **સ્ટેફીના વીટ્રીફાઈડ પ્રા. લિ. (એઆરએમ શાખા, અમદાવાદ)**<br>ઈન્ડસ્ટ્રીલ જમીન અને ફેક્ટરી બીલ્ડીંગ સહીત અને બીલ્ડીંગનો સર્વે નં. ૫૫પી૧, સર્વે નં. ૫૫પી૨ અને સર્વે નં. ૫૬પી૧ કુલ ક્ષેત્રફળ ૩૪૩૯૪.૦૦ ચો.મી. અને બીલ્ટ-અપ એરીયાનું ક્ષેત્રફળ ૩૧૧૬૨.૭૧ ચો.મી. ગામ માટેલ, તાલુકા વાંકાનેર, મોરબી. **સર્વે નં. ૫૬/પી૧ની ચતુર્સીમા:** ઉત્તર: સર્વે નં. ૫૬/પી ની જમીન આવેલ છે, દક્ષિણ: સર્વે નં. ૫૫/પી૨ની જમીન આવેલ છે, પૂર્વ: પડતર જમીન, પશ્ચિમ: રોડ આવેલ છે. **સર્વે નં. ૫૫/પી૨ની ચતુર્સીમા:** ઉત્તર: સર્વે નં. ૫૬/પી૧ ની જમીન આવેલ છે, દક્ષિણ: સર્વે નં. ૫૫/પી૧ની જમીન આવેલ છે, પૂર્વ: પડતર જમીન, પશ્ચિમ: વાંકાનેર-માટેલ ગડા રોડ આવેલ છે. **સર્વે નં. ૫૫/પી૧ની ચતુર્સીમા:** ઉત્તર: સર્વે નં. ૫૫/પી૨ ની જમીન આવેલ છે, દક્ષિણ: સર્વે નં. ૫૦ અને ૫૧ની જમીન આવેલ છે, પૂર્વ: પડતર જમીન, પશ્ચિમ: વાંકાનેર-માટેલ ગડા રોડ આવેલ છે. **મિલકતના માલિક: મે. સ્ટેફીના વીટ્રીફાઈડ પ્રા. લિ.** | ઈ) ૨૩.૦૪.૨૦૨૧<br>એફ) રૂા. ૧૭,૨૮,૩૨,૬૦૪.૧૫ + વ્યાજ અને ચાર્જીસ –વસૂલાત જો હોય તો<br>(પીએનબી અને બીઓબી નું વિભાજન)<br>પીએનબી: રૂા. ૧૧,૫૦,૬૪,૮૪૮.૦૫<br>બીઓબી: રૂા. ૫,૭૭,૬૭,૭૫૬.૧૦<br>જી) ૦૬.૦૮.૨૦૨૩<br>એચ) પ્રત્યક્ષ | એ) ૮,૩૫,૦૦,૦૦૦/-<br>બી) ૮૩,૫૦,૦૦૦/-<br>સી) ૧,૦૦,૦૦૦૦/-<br>Property ID: PUNB0STEFINA1 | તારીખ: ૨૭.૧૦.૨૦૨૬ સમય: સવારે ૧૧:૦૦ થી બપોરે ૪:૦૦ |
| | **સુરક્ષિત લેણદારને જાણીતા મુકદ્દમા:** (૧) ડીઆરટી-૨, અમદાવાદમાં એસએ ૫૮૬/૨૦૨૨, (૨) ગુજરાત જમીન કબજે કરવાના કાયદા ૨૦૨૦ હેઠળ મોરબીના કલેક્ટર સમક્ષ અરજી નં. ૪૨૮૦૪૨૪૦૦૦૦૨૫૭ અને ૪૨૮૦૪૨૩૦૦૦૨૨૫૩ પેન્ડિંગ છે.<br>**સિક્યોર્ડ ક્રેડિટરની જાણમાં હોય તેવા બોજાની વિગતો:** નથી<br>**કંપની સામેના દાવાની વિગતો:** (૧) ઈન્કમ ટેક્ષ: રૂા. ૭,૪૮,૩૦,૫૩૦/- (૨) જીએસટી: રૂા. ૧,૯૩,૭૪,૮૬૬/- (૩) PGVCL: રૂા. ૧,૧૫,૮૨,૦૮૪.૧૩ (૪) સેલ્સ ટેક્ષ: રૂા. ૨૭,૪૦,૪૭૧/- (તમામ ટેક્ષ અને ચાર્જીસ અલગ-અલગ હોઈ શકે છે.) | | | |
| ૦૩ | **ઈન્ડસ હૉસ્પિટલ (એઆરએમ શાખા, અમદાવાદ)**<br>ગોડાઉન શેડ નં. ૨૬, આશાપુરી લોજીસ્ટીક પાર્ક, જંગલા ખાતા રોડ, અસલાલી, અમદાવાદ – ૩૮૨૪૨૭ ખાતે ગીરો મૂકેલ તમામ પ્લાન્ટ અને મશીનરીઝ, ઈલેક્ટ્રીકલ ઈન્ટોલેશન, ફર્નિચર અને ફીક્ચર્સ, ઓફિસ સાધનો અને અન્ય અસ્થાઈ મિલકત અને કંપનીનું ઈન્ટિરીયર. **(લાગુ પડતા કર સિવાય)** | ઈ) ૧૭.૦૫.૨૦૨૩<br>એફ) રૂા. ૩,૭૬,૯૯,૪૪૧.૨૮ + વ્યાજ અને ચાર્જીસ – વસૂલાત જો હોય તો<br>જી) ૦૬.૧૦.૨૦૨૪<br>એચ) પ્રત્યક્ષ | એ) ૫૨,૨૦,૦૦૦/-<br>બી) ૫,૨૨,૦૦૦/-<br>સી) ૧૧,૦૦૦/-<br>Property ID: PUNB0INDUSPM | તારીખ: ૨૭.૧૦.૨૦૨૬ સમય: સવારે ૧૧:૦૦ થી બપોરે ૪:૦૦ |
| ૦૪ | **એ જેબી પ્રોડક્ટસ (એઆરએમ શાખા, અમદાવાદ)**<br>ગીરો મૂકેલ જંગમ મિલકત, પ્લાન્ટ અને મશીનરી, જથ્થો, ચોપડે દેવું અને અન્ય મિલકતનો તમામ ભાગ અને હીસ્સો જે શેડ નં. ૨/૫, ભારત ફાઉન્ડ્રી કંપાઉન્ડ, નરોડા, એએમસી, ઉત્તર ઝોન, નરોડા ચારરસ્તા, નરોડા, અમદાવાદ-૩૮૦૦૨૫ ખાતે આવેલ છે. રબર મોલ્ડ (પ્રેશર કુકર સીલીકોન મોલ્ડ)-૧૨૦x૫/૧૦૦x૫-૦૪ કેવીટી પીર૦ ૪૦૦x૪૦૦x૩૨એમએમ પ્લેટ ટીયર ટ્રીમ મોલ્ડ. રબર મોલ્ડીંગ મસીન-એસ.ઓ. નં. ૫૫/આરએમ. ૧૫૦ટી, ૧૫૦ટી-૧ સ્ટેશન/ ૫૦૦x૫૦૦, સાથે ઓટો ટોપ મોલ્ડ ઓપી. રબર મોલ્ડ (ઓરીંગ મોલ્ડ)-૧૨૦x૫/૧૦૦x૫-૦૪ કેવીટી પીર૦ ૩૫૦x૩૫૦x૨૫એમએમ પ્લેટ એસઆર નં. ૨૨૧૫ પીન-૦૦. જે શેડ નં. ૨/૫, ભારત ફાઉન્ડ્રી કંપાઉન્ડ, ૦૨૧૫-૦૧-૦૨૧૨-૦૦૦, નરોડા એએમસી, ઉત્તર ઝોન સામે, નરોડા ચાર રસ્તા, નરોડા, અમદાવાદ-૩૮૦૦૨૫. **(લાગુ પડતા કર સિવાય)** | ઈ) ૨૮.૦૮.૨૦૨૫<br>એફ) રૂા. ૪૫,૧૩,૮૭૬.૩૨ + વ્યાજ અને ચાર્જીસ – વસૂલાત જો હોય તો<br>જી) ૨૩.૦૫.૨૦૨૬<br>એચ) પ્રત્યક્ષ | એ) ૧૨,૯૦,૦૦૦/-<br>બી) ૧,૨૯,૦૦૦/-<br>સી) ૧૧,૦૦૦/- | તારીખ: ૨૭.૧૦.૨૦૨૬ સમય: સવારે ૧૧:૦૦ થી બપોરે ૪:૦૦ |

**સિક્યોર્ડ ક્રેડિટરની જાણમાં હોય તેવા બોજાની વિગતો: જાણમાં નથી**

**ઈ-હરાજીના નિયમો અને શરતો:** (૧) મિલકતોનું જેમ છે જે છે તે છે અને જે કાંઈ ત્યાં છે ના આધારે વેચાણ થશે. (૨) સૂચિમાં આપેલ સિક્યોર્ડ અસ્ક્યામતોની માહિતી અધિકૃત અધિકારીની શ્રેષ્ઠતમ જાણકારી મુજબ દર્શાવેલ છે. છતાં અધિકૃત અધિકારી આ જાહેરાતમાં કોઈપણ ભુલ, ગેરનિવેદન કે બાકી રહી જતું હોય તો જવાબદાર રહેશે નહીં. (૩) વેચાણ નીચે સહી કરનાર દ્વારા વેબસાઈટ: https://baanknet.com પર પૂરા પાડવામાં આવેલ ઈ-હરાજી પ્લેટફોર્મ દ્વારા **તારીખ ૨૭.૧૦.૨૦૨૬ ના રોજ સવારે ૧૧ થી બપોરે ૪ વાગ્યા સુધી** કરવામાં આવશે. (૪) વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે, કૃપા કરીને https://baanknet.com અથવા www.pnbindia.in નો સંદર્ભ લો અથવા ક્યુઆર કોડ સ્કેન કરો.

**સરફેસી કાયદો ૨૦૦૨ હેઠળ નિયમ ૯(૧) / નિયમ ૮(૬) મુજબ સ્ટેચ્યુટરી વેચાણ નોટીસ**
**નોંધ: વિવાદની સ્થિતીમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણવામાં આવશે.**

**તારીખ: ૦૩.૧૦.૨૦૨૬, સ્થળ: અમદાવાદ**
**અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક, સુરક્ષિત લેણદાર**





## GODAVARI BIOREFINERIES LIMITED

**CIN : L67120MH1956PLC009707**
**Somaiya Bhavan, 45/47, M. G. Road, Fort, Mumbai 400001 Website: www.godavaribiorefineries.com | Email ID: investors@somaiya.com |Tel No.: +91-22-61702100 |Fax: 022-22047297**

**FORM DPT-1**
**CIRCULAR OR CIRCULAR IN THE FORM OF ADVERTISEMENT INVITING DEPOSITS**
[Pursuant to sections 73(2)(a) and 76 and rules 4(1) and 4(2) of the Companies (Acceptance of Deposits) Rules, 2014]

**1. GENERAL INFORMATION**

| | |
|---|---|
| **a) Name, address, website and other contact details of the company:** | **Godavari Biorefineries Limited**<br>**CIN : L67120MH1956PLC009707**<br>Somaiya Bhavan, 45/47, M. G. Road, Fort, Mumbai-400001<br>**Website: www.godavaribiorefineries.com** Email ID: investors@somaiya.com<br>Tel No.: +91-22-61702100 Fax: 022-22047297 |
| **b) Date of Incorporation of the company:** | 12th January, 1956 |

**c) Business carried on by the Company and its subsidiaries, with the details of branches or units, if any:**
Business carried on by the Company: The Company is engaged in the business of manufacturing sugar, ethanol and associated products derived from sugarcane and other agro feedstock; manufacture of chemicals and related products; the generation and sale of power and fuels from the byproducts and remainnants of sugarcane and other agro feedstock and products; wholesale trading and other commercial activities and any and all other activities which are related to, incidental to or conducive, whether directly or indirectly, to the attainment of the foregoing objects as undertaken by the Company
Business carried on by the subsidiaries:

1. **Solar Magic Private Limited.:** The Company is engaged in manufacturing of farm products, turmeric and in providing the services to the farmers by way of sale and supply of fertilizers, irrigation facilities and other agriculture inputs.
2. **Cayuga Investments B.V.:** The Company is engaged in the business of, inter alia, participating in, managing, financing and rendering services to businesses, companies and other legal entities which operate in the field of processing and trading of chemicals, alcohol, sugar and its allied products and has two subsidiaries viz. Godavari Biorefineries B.V. and Godavari Biorefineries Inc.

**Business carried on by the Step-Down subsidiaries:**

1. **Godavari Biorefineries B.V.**, Amsterdam: The Company is engaged in the business of, inter alia, participating, managing, financing and rendering services to businesses, companies and other legal entities which operate in the field of processing and trading of chemicals, alcohol, sugar and its allied products.
2. **Godavari Biorefineries Inc., USA:** The Company is engaged in the business of, inter alia, acting as intermediaries and consultants to provide support services. Further, they are engaged in the business of energy/food products, fuels and chemicals from renewable sources.
3. **Sathgen Therapeutics LLC, USA:** This is the subsidiary of Godavari Biorefineries Inc., a step-down subsidiary of the company, engaged in the business of pharmaceutical marketing. (Business development for drugs developed by Godavari Biorefineries, Ltd, India)

**Details of Liaisoning Office:**

| Sr. No. | Office Location | Office Address |
|---|---|---|
| 1 | New Delhi | Antriksh Bhawan, 2nd floor, R. No. 210, K. G. Marg, Connaught Place, New Delhi- 110001 |
| 2 | Bangalore | Unity Buildings, Tower Block, 4th Floor, J.C. Road, Bangalore- 560002 |

**Details of Units:**

| Sr. No. | Unit Location | Address |
|---|---|---|
| 1 | Sugar Mill, Distillery including Ethanol & Co-generation Plant | Sameerwadi (via Mahalingpur), Dist. Bagalkot, Karnataka-587316 |
| 2 | Chemical Plant | Sakarwadi (Stn. Kanhegaon), Dist. Ahilyanagar, Maharashtra- 413708 |

| | |
|---|---|
| **d) Brief particulars of the management of the company;** | The Company is managed by professional team of management guided by Board of Directors. |

**e) Names, addresses, DIN and occupations of the directors:**

| Sr. No. | Name | Address | DIN | Occupation |
|---|---|---|---|---|
| 1. | Mr. Samir Shantilal Somaiya | 'Padmanabh', 10, M. L. Dahanukar Marg, Mumbai - 400 026. | 00295458 | Industrialist |
| 2. | Dr. Sangeeta Srivastava | 1004 05 Tridhaatu Prarambh Borla, W T Patil Marg Motibaug, Chembur, Mumbai - 400071 Maharashtra, India | 00480462 | Employment |
| 3. | Mr. Bhalachandra Bakshi | H. No. 368, Near Datta Temple, Mudhol, Bagalkot, Karnataka- 587313 | 03538688 | Employment |
| 4. | Mr. Suhas Uttam Godage | Saiprasad Nivas, Ramakhrishna Nagar, Behind Gazal Hotel, Shrirampur, Ahmadnagar - 413 709, Maharashtra | 09227610 | Employment |
| 5. | Mr. Kumar Desai | 2nd Floor, Bhagini Samaj, Plot No.225, Khetwadi Main Road, Girgaon, Mumbai- 400004 | 10729351 | Advocate |
| 6. | Mr. Nandan Mehta | Daisy Lea, 402, 17-A, Mount Pleasant Road, Malabar Hill, Mumbai- 400 006 | 07134249 | Employment |
| 7. | Mr. Nitin Mehta | 4B Sapara Williams Close House 3B, Victoria-Island Lagos – 101241, Nigeria | 09174633 | Employment |
| 8. | Dr. Raman Ramachandran | Emerald Isle, 22nd Floor, 2201, T7 Salina, Saki Vihar Road Tunga, L and T, Gate No. 5, Powai 400072 | 00200297 | Employment |
| 9. | Prof. Lakshmi Kantam Mannepalli | Flat No.1002, Gunvant John Kappor Faculty House, Institute of Chemical Technology, Nathalal Parekh Marg, Mumbai 400019 | 07831607 | Professor & Consultant |
| 10. | Mr. Hemant Luthra | D-10, 4th Floor, Sea Face Park, 50, B Desai Road, Mumbai – 400026 | 00231420 | Consultant |
| 11. | Mr. Sean Reagan | Avenue Des Cerisiers 25 1009 Pully | 01490812 | Employment |

**f) Management's perception of risk factors;**
The primary business of the Company is manufacturing of sugar, power/co-generation, specialty chemicals and ethanol. Therefore, its business is subject to the general risks encountered in the sugar, power/co-generation and chemicals and ethanol industries. A number of factors, many of which are common to the sugar, power/co-generation and chemicals and ethanol industries are beyond the control of the Company, and such factors could affect the business of the Company.

**g) Details of default, including the amount involved, duration of default and present status, in repayment of -**
i. Statutory dues: Nil
ii. debentures and interest thereon: Nil
iii. loan from any bank or financial institution and interest thereon: Nil

**2. PARTICULARS OF THE DEPOSIT SCHEME**

| | |
|---|---|
| a) Date of passing of board resolution: | 22nd May, 2026 |
| b) Date of passing of resolution in the general meeting authorizing the invitation of such deposits: | 30th September, 2025 |
| c) Type of deposits, i.e. ,whether secured or unsecured: | Unsecured |
| d) i. Amount which the Company can raise by way of deposits as per the Act and the rules made thereunder: | Maximum amount of deposits which the Company can raise on the basis of the Balance Sheet as at 31st March, 2026: (Rs. In Lacs) |

| Particulars | Amount |
|---|---|
| **From Members:**<br>10% of paid up capital & free reserves as at 31.03.2026 | 5,325.75 |
| **From Public:**<br>25% of paid up capital and free reserves as at 31.03.2026 | 13,314.37 |
| **Total Deposits** | 18,640.12 |

| | |
|---|---|
| ii. the aggregate of deposits actually held as on 31st March, 2026: | Rs.6977.70 Lakhs |
| iii. the aggregate of deposits actually held as on the date of issue of the Circular or advertisement | Rs. 6927.45 Lakhs as on 20-05-26 |
| iv. The amount of deposit proposed to be raised within the next twelve months | From July, 26: Rs. 3500 lakhs approx including renewals |
| v. The amount of deposit repayable within the next twelve months | Rs. 2575.75 lakhs (based as on 20-05-26) are repayable within the next twelve months i.e. 20th May, 2026 till 20th May, 2027 |

e) Terms of raising of deposits: Duration, Rate of interest, mode of payment and repayment

| Sr. No | Particulars | Scheme A- Half Yearly | Scheme B - Monthly | Scheme C - Cumulative |
|---|---|---|---|---|
| I. | Period | Rate of Interest (Public, Shareholders and Employees) | | |
| | 1 Year<br>2 Years<br>3 Years | 8.50%<br>9.00%<br>9.50% | 8.50%<br>9.00%<br>9.50% | 8.50%<br>9.00%<br>9.50% |
| II. | Minimum Amount | Rs. 25,000 with further amounts in multiples of Rs. 5,000 | Rs. 3,00,000 with further amounts in multiples of Rs. 25,000 | Rs. 25,000 with further amounts in multiples of Rs. 5,000 |
| III. | Frequency of payment | Half yearly on 30th September and 31st March | Monthly | On maturity interest compounded half yearly basis after deducting Income Tax, wherever applicable. |

Mode of payment and repayment: Payment of interest and principal will be made either by cheque /warrants or through direct credit in the sole /first-named depositor's bank account through electronic transfer (ECS or NEFT/RTGS) as desired by the depositor.

| | |
|---|---|
| f) Proposed time schedule mentioning the date of opening of the scheme and the time period for which the circular or advertisement is valid: | The scheme shall be opened after 30 days from the date of its filing with the Registrar of Companies and shall be valid till 30thSeptember, 2027 or the date of the Company's next Annual General Meeting of FY 2026-27, whichever is earlier. |
| g) Reasons or objects of raising the deposits: | To augment Working Capital and for other general corporate purposes of the Company.<br>To meet the investment requirements of the farmers, who supply cane to the Company. It is also for the reason to provide an investment platform to employees of the Company, as they can have an in-house product with higher return than Bank Fds. |
| h) Credit rating obtained: | |

| | |
|---|---|
| Name of the Credit Rating Agency | CARE Ratings Limited |
| Rating obtained | CARE BBB+; Stable (Triple B+; Outlook: Stable) |
| Meaning of the rating obtained | Instruments with this rating are considered to have moderate degree of safety regarding timely servicing of financial obligations. Such instruments carry moderate credit risk. |
| Date on which rating was obtained | March 17, 2026 and/or renewal/enhancement of rating upto total deposit amount of Rs. 8500.00 lakhs |

| | |
|---|---|
| i) Short particulars of the charge created or to be created for securing such deposits, if any: | Not Applicable as Deposits will be unsecured. |
| j) Any financial or other material interest of the directors, promoters or key managerial personnel in such deposits and the effect of such interest in so far as it is different from the interests of other persons: | Directors, Promoters or Key Managerial Personnel can invest in Deposits of the Company on the terms similar to ones otherwise are applicable to other Depositors of the Company. |

**3. DETAILS OF ANY OUTSTANDING DEPOSITS:** (As at 20th May, 2026)

a) Amount Outstanding as on the date of issue of Circular: Rs. 6927.45 Lakhs
b) Date of acceptance: On different dates till 22nd May, 2026
c) Total amount accepted ( Including renewal): Rs. 2437.00 Lakhs in FY 25-26 and Rs. 190.50 lakhs from 1st April, 2026 till 20th May, 2026
d) Rate of interest: In the range of 8.50% to 9.50%
e) Total number of depositors as on the date of issue of circular: 656
f) Default, if any, in repayment of deposits and payment of interest thereon, if any, including number of depositors, amount and duration of default involved: Nil
g) Any waiver by the depositors, of interest accrued on deposits: No

**4. FINANCIAL POSITION OF THE COMPANY**

a) Profits of the Company, before and after making provision for tax, for the three financial years immediately preceding the date of issue of circular or advertisement: **(Rs. In Lacs)**

| Particulars | Financial year 2025-26 | Financial year 2024-25 | Financial year 2023-24 |
|---|---|---|---|
| Profits/(Loss) of the Company before provision for Tax | 153.22 | (540.30) | 1,034.15 |
| Profits/(Loss) of the Company after provision for tax* | 123.62 | (2,715.97) | 1,056.33 |

*Before Other Comprehensive Income

b) Dividends declared by the Company in respect of the said three financial years; interest coverage ratio for last three years (Cash profit after tax plus interest paid or interest paid)

| Particulars | Financial year 2025-26 | Financial year 2024-25 | Financial year 2023-24 |
|---|---|---|---|
| Dividend | Nil | Nil | Nil |
| Interest Coverage Ratio (Cash profit after tax plus interest paid or interest paid) | 3.07 | 1.87 | 2.07 |

c) A summary of the financial position of the Company as in the three audited balance sheets immediately preceding the date of issue of circular or advertisement: **(Rs. In Lacs)**

| Particulars | March 31, 2026 | March 31, 2025 | March 31, 2024 |
|---|---|---|---|
| **ASSETS** | | | |
| Non-Current Assets | 107.716.08 | 94,799.27 | 93,322.57 |
| Current Assets | 95,120.76 | 99,582.26 | 1,05,424.81 |
| Total Assets | 2,02,836.84 | 1,94,381.53 | 1,98,747.35 |
| **EQUITIES AND LIABILITIES** | | | |
| Equity Share Capital | 5117.60 | 5117.60 | 4,194.30 |
| Other Equity | 72,183.42 | 72,141.28 | 45,243.54 |
| Non Current Liabilities | 38,726.40 | 28,898.55 | 38,128.80 |
| Current liabilities | 86,809.42 | 88,224.10 | 1,11,180.71 |
| Total Equities and Liabilities | 2,02,836.84 | 194,381.53 | 1,98,747.35 |

d) Audited Cash Flow Statement for the three years immediately preceding the date of issue of circular or advertisement: **(Rs. In Lacs)**

| Particulars | As on 31.03.2026 | As on 31.03.2025 | As on 31.03.2024 |
|---|---|---|---|
| Cash flow from operating activities | 17,339.76 | (133.49) | 19,636.50 |
| Cash flow from investing activities | (16,324.74) | (6093.97) | (4,513.07) |
| Cash flow from financial activities | (949.69) | 6257.42 | (15,066.33) |
| Net increase/(decrease) in cash and cash equivalent | 65.33 | 29.94 | 57.10 |

e) Any change in accounting policies during the last three years and their effect on the profits and the reserves of the Company: **No**

**5. A DECLARATION BY THE DIRECTORS THAT-**

a) the company has not defaulted in the repayment of deposits accepted either before or after the commencement of the Act or payment of interest thereon;
b) the board of directors have satisfied themselves fully with respect to the affairs and prospects of the company and that they are of the opinion that having regard to the estimated future financial position of the company, the company will beable to meet its liabilities as and when, they become due and that the company will not become insolvent within a period of one year from the date of issue of the circular or advertisement;
c) the Company has complied with the provisions of the Act and the rules made thereunder;
d) the compliance with the Act and the rules does not imply that repayment of deposits is guaranteed by the Central Government;
e) the deposits accepted by the Company before the commencement of the Act have been repaid.
f) In case of any adverse change in credit rating, depositors will be given a chance to withdraw deposits without any penalty.
g) the deposits shall be used only for the purposes indicated in the Circular or circular in the form of advertisement;
h) the deposits accepted by the Company(other than the secured deposits, if any, aggregate amount of which to be indicated) are unsecured and rank paripassu with other unsecured liabilities of the Company.

Disclaimer: It is to be distinctly understood that filing of circular and circular in the form of Advertisement with the Registrar should not in any way be deemed or construed that the same has been cleared or approved by the Registrar or Central Government. The Registrar or Central Government does not take any responsibility either of the financial soundness of any deposit scheme for which the deposit is being accepted or invited or for the correctness of the statements made or opinions expressed in the Circular or the Circular in the form of advertisement. The depositors should exercise due diligence before investing in deposits schemes.

**For and on behalf of Board of Directors**
**For Godavari Biorefineries Limited**
**Sd/-**
**Samir S. Somaiya**
**Chairman and Managing Director**

**Date: 22nd May, 2026**
**Place: Mumbai**

## એડવેન્ટે યથાર્થ હોસ્પિટલ્સમાં લઘુમતી હિસ્સો પ્રાપ્ત કરવા સીસીઆઇની મંજૂરી માંગી



**પીટીઆઇ**
નવી દિલ્હી, તા. ૨

**ખાનગી ઇક્વિટી જાયન્ટ** એડવેન્ટ ઇન્ટરનેશનલે મલ્ટી સ્પેશિયાલિટી હેલ્થકેર પૂરી પાડતા યથાર્થ હોસ્પિટલ્સમાં ૨૪.૯ ટકા હિસ્સો ખરીદવા માટે ફેર ટ્રેડ રેગ્યુલેટર સીસીઆઇનો સંપર્ક કર્યો છે.

યુએસ સ્થિત એડવેન્ટ ઇન્ટરનેશનલ તેના સાયપ્રસ સ્થિત રોકાણ ભંડોળ રસમલાઇ લિમિટેડ દ્વારા હિસ્સો ખરીદી રહ્યું છે. પ્રસ્તાવિત સંયોજન લક્ષ્ય (યથાર્થ હોસ્પિટલ અને ટ્રોમા કેર સર્વિસીસ લિમિટેડ)માં હસ્તગત કરનાર (રસમલાઇ લિમિટેડ) દ્વારા શેરહોલ્ડિંગના હસ્તાંતરણ સાથે સંબંધિત છે, તેમ મંગળવારના રોજ સીસીઆઇમાં દાખલ કરાયેલ નોટીસમાં જણાવ્યું હતું.

હસ્તાંતરણ કરનાર રસમલાઇ લિમિટેડ માટે વ્યવહાર પાછળનો મુખ્ય હેતુ ભારતના ઝડપથી વિકસતા આરોગ્યસંભાળ ક્ષેત્રમાં તેની ઉપસ્થિતિ વધારવાનો અને યથાર્થ હોસ્પિટલની વિસ્તરણ યોજનાઓને ટેકો આપવાનો છે.

દરમિયાન યથાર્થ હોસ્પિટલનો હેતુ મૂડી રોકાણનો ઉપયોગ તેની વૃદ્ધિ વ્યુહરચનાઓને ભંડોળ પૂરું પાડવા અને સમગ્ર દેશમાં તેના આરોગ્યસંભાળ નેટવર્કને મજબૂત બનાવવા માટે કરવાનો છે.

નોઇડા સ્થિત યથાર્થ હોસ્પિટલ અને ટ્રોમા કેર સર્વિસિસ ભારતમાં સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલોનું નેટવર્ક ચલાવે છે, જે બહુવિધ વિશેષતાઓમાં વ્યાપક આરોગ્યસંભાળ સેવાઓ, નિદાન અને આધુનિક તબીબી પ્રક્રિયાઓ પૂરી પાડે છે.

૨૦૦૮માં સ્થપાયેલ યથાર્થ ઉત્તર ભારતના સૌથી ઝડપથી વિકસતા લિસ્ટેડ આરોગ્યસંભાળ પ્રદાતાઓમાંનું એક છે, જે ૨,૮૦૦ પથારી અને ૩,૨૫૦ પથારીની કુલ ઘોષિત ક્ષમતા સાથે નવ સ્પેશિયાલિટી હોસ્પિટલો ચલાવે છે.

નિયમનકારે આપેલી રજૂઆતમાં પક્ષકારોએ (રસમલાઇ લિમિટેડ અને યથાર્થ હોસ્પિટલ્સ)એ નોંધ્યું હતું કે પ્રસ્તાવિત વ્યવહાર સ્પર્ધાત્મક લેન્ડસ્કેપમાં ફેરફાર કરશે નહી અથવા ભારતમાં સ્પર્ધા પર કોઇ નોંધપાત્ર પ્રતિકુળ અસર કરશે નહી.નોટીસ અનુસાર સંબંધિત બજારને ભારતમાં ફાર્માસ્યુટિકલ ઉત્પાદનોના છુટક વેચાણ તરીકે ઓળખાવવામાં આવ્યું છે.

ગયા મહિને યથાર્થ હોસ્પિટલ અને ટ્રોમા કેર સર્વિસિસે જાહેરાત કરી હતી કે એડવેન્ટ ઇન્ટરનેશનલે કંપનીમાં રૂા.૩,૧૫૦ કરોડની પ્રાથમિક મૂડીનું રોકાણ કરવા માટે એક નિશ્ચિત કરાર કર્યો છે.

સોદો પૂર્ણ થયા પછી પરંપરાગત બંધ થવાની શરતોને આધીન એડવેન્ટ યથાર્થ હોસ્પિટલ્સમાં ૨૪.૯ ટકાનો લઘુમતી હિસ્સો પ્રાપ્ત કરવાની અપેક્ષા છે.

# જીમમાં કસરત કરવી કરવામાં મજા આવવી જોઇએ, જીવલેણ ન બનવું જોઇએ

શ્રેયા દેબ

**જિમ અને ફિટનેસ** કલ્ચર સતત વધતો જઈ રહ્યો છે અને તેને સોશિયલ મીડિયા દ્વારા ખૂબજ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ડૉક્ટરોએ જિમમાં વધુ પડતી કસરત કરવા અથવા યોગ્ય માર્ગદર્શન વગર જીમિંગ કરવાની ચેતવણી આપી છે કારણ કે તે તમારા આરોગ્ય માટે જોખમી સાબિત થઈ શકે છે. નવી દિલ્હીના મેક્સ સ્માર્ટ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલના ચીફ રોબોટિક જોઈન્ટ રિપ્લેસમેન્ટ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટના ઓર્થોબેટિક્સ વિભાગના ચેરમેન ડૉ. રમણિક મહારાજે જણાવ્યું હતું કે, જો તમે સંશાધનોનો યોગ્ય રીતે ઉપયોગ નહિં કરશો તો જિમ તમારા માટે ખૂબજ હાનિકારક વાતાવરણ પણ બની શકે છે.

માન્યતા : વધુ પડી મહેનત પરિણામ આપે છે

લોકો માને છે કે, જિમમાં વધુ પડતી મહેનત તેમને ટૂંકાગાળામાં વોશબોર્ડ ફ્લેટ એબ્સ અને સિક્સ પેક્સ પ્રાપ્ત કરવામાં મદદ કરી શકે છે. ડૉ.મહાજને જણાવ્યું હતું કે, સોશિયલ મીડિયા દ્વારા લોકપ્રિય બનેલા ક્રેશ ડાયેટ અને ૨થી ૩ કલાકના જીમ રૂટિન ફક્ત આ ગેરસમજને પ્રોત્સાહન આપે છે. કોકીલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પિટલ મુંબઈ ખાતેના સ્પોટર્સ મેડિસિન્સના સલાહકાર વૈભવ ડાગે જણાવ્યું હતું કે, નો-પેઈન, નો-ગેઈન ખૂબજ લોકપ્રિય મંત્ર છે, જે ખૂબજ ઓછો માન્ય છે, તેમ ડાગાએ જણાવ્યું હતું. ઘણા લોકો માને છે કે, કસરત કરવાથી જે પરશેવો નિકળે છે તેનાથી ફેટ લોસ થઈ રહ્યો છે. પરંતુ આ તો તમને ઠંડી રાખનાર એક મશીન છે. ડાગા આગળ કહે છે કે સોશિયલ મીડિયા સમસ્યાને વધુ તીવ્ર બનાવે છે. ફિટનેસ પ્રભાવકો ઘણીવાર ઈજાઓ, આહારમાં સમાધાન અથવા પડદા પાછળની તબીબી ગૂંચવણો દર્શાવ્યા વિના, ભારે પરિવર્તનોને પ્રકાશિક કરે છે. આ અવાસ્તવિક અપેક્ષાઓ બનાવે છે અને લોકોને સલામત મર્યાદાઓથી આગળ વધવા માટે દબાણ કરે છે. તેમણે ઉમેર્યું હતું કે, જીમમાં વધુ પડતો પરિશ્રમ શરીર અને મન બંનેને નુકસાન પહોંચાડી શકે છે. મહાજન તેમના અવલોકન મુજબ, દર્દીઓ વિશે વાત કરતા સામાજિક માન્યતા મેળવવા માટે જીમમાં વધુ પડતી મહેનત અને બિનજરૂરી પોષણયુક્ત પૂરવણીઓ ઘણી સમસ્યાઓ તરફ દોરી જાય છે, જેમાં કિડનીની નિષ્ફળતા અને સ્નાયુઓમાં ફાટી જવાની ઘટનાઓમાં વધારો શામેલ છે. ફેડ કલ્ચરના ભાગરૂપે યુવા પેડીઓમાં આ એક સામાન્ય ઘટના છે.

વધુ પડતું જિમ કરવાના નુકસાન

જીમમાં વધુ પડતી મહેનત મોટાભાગે સ્નાયુઓ અને સાંધામાં ઈજાઓ તરફ દોરી શકે છે, જેમ કે મચકોડ, અસ્થિબંધન ફાટી જવું, તાણમાં ફ્રેક્ચર અને ટેન્ડોનોટિસ ઘણીવાર વધુ પડતું વજન ઉપાડવા અથવા ખરાબ શારીરિક સ્થિતિને કારણે છે. જો કે, મહિલાઓ પણ હોર્મોનના અસંતુલન જોવા જોખમનો પણ સામનો કરી રહી શકે છે, તેમ ડાગાએ જણાવ્યું હતું. જેના કારણે માસિક અનિયમિતતા, વંધ્યત્વ અને હાડકાની ઘનતામાં ઘટાડો થાય છે. વધારે પડતી ટ્રેનથી તમારી ઈમ્યુન સિસ્ટમ નબળી પડી શકે છે, જેના કારણે ઈન્ફેક્શનનો જોખમ સૌથી વધારો જોવા




મળે છે. જ્યારે રક્તવાહિની તંત્રને એરિથમિયા અથવા ભાગ્યે જ કિસ્સાઓમાં અચાનક હૃદયરોગની ઘટનાઓથી પણ સામે આવી શકે છે. આત્યંતિક આહારને કારણે ચિંતા, ચીડિયાપણું અને હતાશા જેવા માનસિક સ્વાસ્થ્યના મુદ્દાઓ પણ વધુને વધુ નોંધાઈ રહ્યા છે, દાગાએ પોતાનો મુદ્દો ફરીથી જણાવતા કહ્યું હતું કે, આવી આદતો નિયમિતપણે જાળવવામાં આવે તો તેની શારીરિક અને માનસિક બંને રીતે અસર પડે છે. તેઓ આગળ કહે છે કે, સતત ઓવરજિમિંગ કરવાથી સ્વાસ્થ્ય સમસ્યાઓ પણ થઈ શકે છે, જેમાં ક્રેનિક મસ્ક્યુલોસ્કેલેટલ પીડા અને વારંવાર સાંધાના તાણને કારણે ઓસ્ટિયોઆર્થટાઈટિસ જેવી ડીજનરેટિવ સ્થિતિઓનો સમાવેશ થાય છે. ડૉ. મહાજને જણાવ્યું હતું કે, કેટલાક કિસ્સાઓમાં મસલ્સ તૂટવા અને હાર્ટ એટેક અને અનિયમિત હૃદય ધબકવા જેવા કાર્ડિયક જોખમ પણ બનતા હોય છે. તેમનું કહેવું છે કે, અતિશય ફિટનેસ ટેવો ફિટનેસ ઉત્સાહીઓને લાંબાગાળાની સ્વાસ્થ્ય સમસ્યાઓ જેમ કે કાર્ડિયોવેસ્ક્યુલર સમસ્યાઓ, સ્નાયુંઓ અને હાડકાને નુકસાન, ક્રોનિક થાક અને ગંભીર માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ તેમજ ખાવની વિકૃતિઓ અથવા કસરતની વ્યસન જેવા જોખમમાં મૂકી શકે છે. તેથી તેમણે સંતુલિત, ટકાઉ અને મધ્યમ ફિટનેસ હેબિટ પરભાર મૂક્યો હતો. અતિશય ફિટનેસ શાસનને કારણે સ્વાસ્થ્ય સમસ્યાઓનો સામનો કરતા દર્દીઓ સાથેના તેમના અનુભવને યાદ કરતા ડૉ. મહાજને જણાવ્યું હતું કે, તેમણે મેરેતોન દોડવીરો દ્વારા શિન સ્પ્લિન્ટ્સ, ફ્રેક્ચર ટિબિયા સુધી, પેટના હાર્નેસ વિના ડેડલિફ્ટ કરનારા લોકોમાં ઈન્ટરવર્ટિબ્રલ ડિસ્ક પ્રોલેપ્સ સાથે અથવા વગર પીઠના મચકોડ, વધુ પડતા બેન્ચ પ્રેસ અને બાયસેપ કર્લ્સ કરનારા લોકોમાં કંડરા ફાટવા અને અતિશય ઓવરહેડ વેઈટ લેનારા જીમમાં જનારાઓમાં એક્રોમિયોક્લેવિક્યુલર આર્થરાઈટિસ, ખભાના ઈમ્પિન્જમેન્ટ સાથે સુપિરિયર લેબ્રલ ટિયર્સની સારવાર કરી છે. મહિલાઓમાં હોર્મોન્સ ઈમબેલેન્સને લઈને ડાગાએ જણાવ્યું હતું કે, લૉ-કેલેરી ડાયટ સાથે ઓવરટ્રેનિંગને કારણે યુવા મહિલાઓમાં એમેનોરિયા (માસિક રક્ત-ાવનો અભાવ) જેવી સમસ્યાનો સામનો કરવો પડી શકે છે, જે આગળ જઈને મોટી ઈજામાં પરિવર્તિત થઈ શકે છે. તેમના અનુભવમાં તેમણે એવા સહનશિક્ત ધરાવતા ખેલાડીઓનો પણ સામનો કર્યો છે, જેમણે વર્ષોના તીવ્ર, અનિયંત્રિત વર્કઆઉટ પછી અનિયમિત હૃદય લય વિકસાવી હતી. આ કિસ્સાઓ દર્શાવે છે કે, યોગ્ય માર્ગદર્શન વિના શરીરને દબાણ કરવાથી પ્રગતિને બદલે લાંબાગાળાના અવરોધોનો સામનો કરવો પડી શકે છે. શું ધ્યાન રાખવું

ડૉ. મહાજને જણાવ્યું હતું કે, વધુ પડતી મહેનતને કારણે થતી ઈજાઓ સ્નાયુઓમાં દુખાવો, સાંધામાં દુખાવો, થાક વધવો, શ્વાસ લેવામાં તકલીફ અને મૂડમાં ફેરફાર જેવા પૂર્વસૂચક લક્ષણો થઈ શકે છે. તેમના અનુસાર, નિયમિત જીમ જનારાઓને સલાહ આપવામાં આવે છે કે, તેઓ તેમના નિયમિત સેટ શરૂ કરતા પહેલા ઓછામાં ઓછા ૫થી ૧૦ મિનિટ વોર્મ અપ-કસરતો કરે. ડાંગા ઉમેરે છે કે, સતત થાક, અનિશય સ્નાયુઓમાં દુખાવો, એથ્લેટિક પ્રદર્શનમાં ઘટાડો મૂડમાં ફેરફાર, ઊંઘમાં ખલેલ, અનિયમિત માસિક ચક્ર અથવા વારંવાર ચેપ પણ ઓવરટ્રેનિંગના જોખમી સંકેતો હોઈ શકે છે. તેઓ સ્પોટર્સ મેડિસિનમાં પોતાની કુશળતા શેર કરે છે. રિક્વરી માટે આરામના દિવસોનો સમાવેશ કરો અને સતત દિવસોમાં એકજ સ્નાયુની ટ્રેનિંગ આપવાનું ટાળવું જોઈએ. કસરતાની માર્ગદર્શિકાને અનુસરો : દર સપ્તાહે લગભગ ૧૫૦ મિનિટ મધ્યમ પ્રવૃત્તિ અથવા ૭૫ મિનિટની તીવ્ર પ્રવૃત્તિ સિવાય કે દેખરેખ હેઠળ બંને નિષ્ણાતો કસરત પહેલા સંતુલિત આહાર અપનાવવા અને ભારે ભોજન ટાળવાની સલાહ આપે છે. શરૂઆતમાં જીમમાં વર્કઆઉટ માટે જીમ ટ્રેનરના સુવરવિઝન અથવા સૂચન પ્રમાણે વર્કઆઉટ કરવું જોઈએ. જીમ ટ્રેનર તમારા શરીર પ્રમાણે ચોક્કસ પ્રકારની ડાયટ અને ટ્રેનિંગનું સૂચન કરે છે, તેમ ડૉ.મહાજને જણાવ્યું હતું. બીજી બાજુ ડાગા શરૂઆતમાં ટ્રેનરને રાખવાની ચોક્કસ ભલામણ કરે છે. આ ટ્રેનરો ઓવરટ્રેનિંગની વહેલા સંકેતો પસંદ કરે છે. જો કે, જ્યારે વ્યક્તિઓ શિક્ષિત, શિસ્તબદ્ધ અને સ્વ-જાગૃત બને છે ત્યારે સ્વતંત્ર જીમિંગ શક્ય છે, તેમ તેમણે ઉમેર્યું હતું. ગત મહિને પશ્ચિમ બંગાળની ઊભરતા ક્રિકેટર પ્રિયજિત ઘોષના મૃત્યુના સમાચાર આવ્યા હતા, જેમાં જીમના સત્ર દરમિયાન તેમને હાર્ટ એકેટ આવ્યો અને તેમનું અવસાન થયું હતું. ઘોષનું નામ અન્ડર-૧૯ ડિસ્ટ્રિક ટીમ માટે લેવામાં આવતો હતો અને તે પછી તેમને નજર રંજીટ્રોફી પર કેન્દ્રીત હતી. આ સાથે તે સંભવિત રીતે દેશની ટીમમાં પણ સામેલ થઈ શક્યો હોત.જુલાઈમાં ૫૨ વર્ષીય વ્યક્તિ ફરિદાબાદ ખાતે જીમમાં કસરત કરતી વખતે હાર્ટ એટેકને કારણે મૃત્યુ પામ્યો હતો. જ્યારે તપાસ કરવામાં આવી હતી ત્યારે જાણવા મળ્યું હતુ કે, અતિશય વર્કઆઉટને કારણે તેમને હાર્ટ એકેટ આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું.

## Health CAPSULES



### લાંબા આયુષ્ય માટે કોફી, ચા અને પાણી પીવો

બ્રિટિશ જનરલ ન્યુટ્રીશનના અભ્યાસ પ્રમાણે ચા અને કોફી સાથે દૈનિક રીતે પાણીના ઉપયોગથી તમારા આયુષ્યમાં વધારો થાય છે. સંશોધનમાં જાણવા મળ્યું હતું કે, સંશોધકો શોધી કાઢ્યું હતું કે, જે લોકો દિવસમાં ૭થી ૮ પીણા પીતા હતા



### દિવસમાં બે વખત પાંચ મિનિટ કસરત માટે બ્રેક લેવું

દિવસમાં બે વખત પાંચ મિનિટના બ્રેકથી તમે હૃદય અને ફેફસાના રોગો થવાનું જોખમ ઘટશે. અભ્યાસ બ્રિટિશ જનરલ ઓફ સ્પોર્ટસ મેડિસિન્સમાં જણાવ્યું હતું



### તમારી યાદશક્તિને તેજ બનાવવા માટે આથો આપેલ સોયા મેળવો

ન્યુટ્રિએન્ટસમાં પ્રકાશિત થયેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, આથો આપેલ સોયા વૃદ્ધિ વયસ્કોમાં યાદશક્તિમાં નોંધપાત્ર સુધારો કરી શકે છે.



### હૃદયના સ્વાસ્થ્ય અને કોલેસ્ટ્રોલ માટે દરરોજ એક લવિંગ

એક લવિંગ દૈનિક રીતે લેવાથી તમારા હૃદય અને કોલેસ્ટ્રોલને નિયંત્રિત રાખી શકે છે.
સંશોધકોએ જણાવ્યું હતું કે, લવિંગ તમારી લિક્વિડ પ્રોફાઈલને નિયંત્રિત કરશે.

# ત્વચાની હળવી એલર્જી ક્યારેક ઘરગથ્થુ ઉપાયોથી પણ દૂર કરી શકાય છે

**કોઈપણ કારણ વગર** અચાનક ફોલ્લીઓ એલર્જીનું કારણ બની શકે છે. પરંતુ કારણ ઘણીવાર અનામી રહે છે. પરીક્ષણો પણ સામાન્ય રીતે કંઈપણ જાહેર કરતા નથી અને દર્દીઓને એલર્જનની તપાસ માટે હિટ એન્ડ ટ્રાયલ કરવાનો પ્રયાસ કરવો પડે છે. ઈન્દ્રપ્રસ્થ એપોલો હોસ્પિટલના ડર્મિટોલોજિસ્ટ અને સિનિયર કન્સલ્ટન્ટ ડૉ. ડીએમ મહાજને જણાવ્યું હતું કે, અચાનક ફોલ્લીઓ અને ખંજવાળ તરીકે દેખાતી એલર્જીમાં ઘણા છુપાયેલા ટ્રિગર્સ હોઈ શકે છે. સામાન્ય રીતે એલર્જી ડેરી, શેલફિશ, જંતુકરડવાથી, દવાઓ, ધુળ અથવા કેટલાક પ્રકારના સાબુને કારણે થાય છે. કેટલાક વખત તાપમાનમાં ફેરફાર, તણાવ અથવા ઈન્ફેક્શનને કારણે પણ તવચા પર ફોલ્લીઓ થઈ શકે છે. જ્યારે કારણ સ્પષ્ટ નહિં હોય ત્યારે તેને આઈડોપેથિક એલર્જી કહેવામાં આવે છે. રોગપ્રતિકારક શક્તિ ખૂબજ



ડો. ડી એમ મહાજન

સંવેદનશીલ હોવાથી હાનિકારક પદાર્થો પણ આવી પ્રતિક્રિયાઓ પેદા કરી શકે છે. લક્ષણો ક્યારે અને ક્યા દેખાય છે તે ટ્રેક કરવાથી શક્ય કારણોને ઘટાડવામાં અને ટ્રિગર્સનો વારંવાર સંપર્ક ટાળવામાં મદદ મળી શકે છે.

એલર્જીને તમે કેવી રીતે ઓળખી શકો છો ?

જ્યારે તમારી એલર્જી અંગે તમને સ્પષ્ટતા નહિં હોય ત્યારે ડૉક્ટર તમે અમુક વસ્તુઓથી દૂર રહેવાની સલાહ આપે છે. જેમાં અમુક ડેરી વસ્તુઓ, અમુક વાતાવરણનો સમાવેશ થાય છે, જેનાથી પેટર્નને તમે સમજી શકશો. સ્કિન પીક ટેસ્ટ અથવા બ્લડ ટેસ્ટ જેવા કેટલાક એલર્જી ટેસ્ટ સંભાવિત તમારી એલર્જીને પકડી શકે છે. ક્યારેક જો ત્વચા સંપર્ક એલર્જીની શંકા હોય તો પેચ ટેસ્ટનો ઉપયોગ કરવામાં આવે છે. ડોક્ટરો તબીબી ઈતિહાસની પણ સમીક્ષા કરી શકે છે અને દવા સંબંધિત પ્રતિક્રિયાઓને નકારી કાઢવા માટે દવાઓ બંધ કરી શકે છે અથવા બદલી શકે છે. નિદાનમાં સમય લાગી શકે છે કારણ કે એલર્જી અણધારી હોઈ શકે છે, પરંતુ વ્યવસ્થિત પરીક્ષણ અને નિરીક્ષણ સામાન્ય રીતે મૂળ કારણ શોધવામાં મદદ કરે છે. એલર્જીસ્ટ



અથવા ત્વચારોગ વિજ્ઞાનીની સલાહ લેવી ખૂબજ ઉપયોગી છે.

પ્રશ્ન : કઈ દવાઓ લેવી અને શું સાદી એન્ટિહિસ્ટેમાઈન કામ કરે છે ?

મોટાભાગની એલર્જીક ત્વચા પ્રતિક્રિયાઓ માટે સરળ એન્ટિહિસ્ટેમાઈન્સ સારવારની પ્રથમ લાઈન છે. તેઓ ખંજવાળ, લાલાશ અને સોજો માટે જવાબદાર રસાયણ, હિસ્ટામાઈનની અસરને અવરોધે છે. ઓવર-ધ-કાઉન્ટર એન્ટિહિસ્ટેમાઈન્સ ઘણીવાર રાહત લાવે છે. જો કે, કેટલાક પ્રકારો સાથે સુસ્તી આડઅસર થઈ શકે છે. ગંભીર કિસ્સાઓમાં બળતરાને ઓછી કરવા માટે ડૉક્ટરો સ્ટ્રોંગ એન્ટિહિસ્ટેમાઈન્સ, કોર્ટીકોસ્ટેરોઈડ ક્રીમ અથવા મૌખિક સ્ટેટોઈડસ લખી શકે છે. સાંસ લેવામાં તકલીફ જેવા લક્ષણોમાં તમને તાત્કાલિક સારવારની જરૂર હોય છે. સ્વયમ મેડીકેર લાંબાગાળા કોઈપણ માર્ગદર્શન વગર ચાલશે. એન્ટિહિસ્ટેમાઈન્સ સામાન્ય રીતે હળવાથી મધ્યમ ફોલ્લીઓ માટે સારી રીતે કામ કરે છે, પરંતુ સતત અથવા ગંભીર પ્રતિક્રિયાઓ માટે તબીબી મૂલ્યાંકન અને યોગ્ય પ્રિસ્ક્રિપ્શનની જરૂર હોય છે.

શું એલર્જી સીઝનલ હોય છે ?

હા, કેટલીક એલર્જીઓ સીઝનલ હોય છે. દાખલા તરીકે વસંગ ઋતુમાં પરાગની એલર્જી સામાન્ય હોય છે, જ્યારે ચોમાસામાં અથવા શિયાળામાં વેન્ટિલેશન ઓછું હોય છે ત્યારે ધૂળ અને ફુગની એલર્જી ભકડી શકે છે. આવા કિસ્સાઓમાં લોકોને વર્ષના ચોક્કસ સમયે ત્વચા પર ફોલ્લીઓ, છીંક અથવા ખંજવાળ જોવા મળી શકે છે. જો કે, તમામ એલર્જી ઋતુઓ સાથે જોડાયેલી નથી. ખોરાક અથવા રાસાયણિક એલર્જી ગમે ત્યારે થઈ શકે છે. મોસમી એલર્જી સામાન્ય રીતે અનુમાનિત હોય છે. તેથી ઉચ્ચ પરાગના દિવસોમાં બારીઓ બંધ રાખવા અથવા ઘરની અંદર હવા શુદ્ધિકરણનો ઉપયોગ કરવા જેવા નિવારક પગલા મદદ કરી શકે છે. ફ્લેર-અપ્સમાં પેટર્ન ઓળખવીએ મોસમી એલર્જી વ્યવસ્થાપનની ચાવી છે. ત્વચાની એલર્જી માટે કેટલાક ઘરેલું ઉપચાર ક્યા છે ?

ત્વચાની હળવી એલર્જી ક્યારેક ઘરે જ દૂર કરી શકાય છે. ઠંડુ કોમ્પ્રેસ લગાવવાથી અથવા ઠંડા સ્નાન કરવાથી ખંજવાલ અને સોજો ઓછો થાય છે. એલોવેરા જેલ, નાળિયેર તેલ અથવા ઓટમીલ પેસ્ટ જેવા કુદરતી સુખદાયક એજન્ટો બળતરાવાળી ત્વચાને શાંત કરે છે. છૂટા સુતરાઉ કપડા પહેરવાથી ત્વચાને શ્વાસ લેવામાં મદદ મળે છે અને વધુ વળતરા થતી અટકાવે છે. ખંજવાળા ટાળો કારણ કે તે ફોલ્લીઓ વધુ ખરાબ કરી શકે છે અને ચેપનું કારણ બની શકે છે. પુરતું પાણી પીવાથી અને ત્વચાને ભેજવાળી રાખવાથી ત્વચા સ્વસ્થ રહે છે. ઉપરાંત એલર્જીના ભડકા દરમિયાન સુગંધિત સાબુ, ડિટર્જન્ટ અથવા ક્રીમનો ઉપયોગ ટાળવો મહત્વપૂર્ણ છે. સ્થાનિક ઉપચાર આરામ આપે છે, પરંતુ જો ફોલ્લીઓ ચાલુ રહે અથવા ખરાબ થાય તો તબીબી સંભાળ જરૂરી છે.

■ હીરો મોટોકોર્પ, ટીવીએસ મોટર અને હોન્ડા મોટરસાઇકલનાં વેચાણમાં વધારો

# સપ્ટેમ્બરમાં દ્વિચક્રી વાહનોનાં વેચાણમાં નોંધપાત્ર વધારો થયો બજાજના વેચાણમાં ઘટાડો નોંધાયો

### ટુ-વ્હીલર અને કોમર્શિયલ વાહનો સહિત બજાજ ઓટોનું કુલ સ્થાનિક વેચાણ ૯ કા ઘટીને ૨,૯૪,૪૫૬ યુનિટ્સ નોંધાયું

**અકબર મર્ચન્ટ**
મુંબઈ, તા. ૨






**સપ્ટેમ્બરમાં ટુ-વ્હીલરના બજારમાં** એકંદરે વેચાણની ગતિ સકારાત્મક રહી હતી. હીરો મોટોકોર્પ, ટીવીએસ મોટર અને હોન્ડા મોટરસાઇકલ એન્ડ સ્કૂટર ઇન્ડિયાએ સ્થાનિક વેચાણમાં નોંધપાત્ર વૃદ્ધિ નોંધાવી હતી. રોયલ એનફિલ્ડ અને સુઝુકી મોટરસાઇકલ ઇન્ડિયાના વેચાણમાં પણ વધારો થયો હતો, જ્યારે બજાજ ઓટોના વેચાણમાં ઘટાડો નોંધાયો હતો.

હીરો મોટોકોર્પે સપ્ટેમ્બરમાં સ્થાનિક વેચાણમાં વાર્ષિક ધોરણે ૧૪.૧૨ ટકાનો વધારો નોંધાવ્યો હતો. કંપનીએ એક વર્ષ અગાઉના ૬,૪૭,૫૮૨ યુનિટની સરખામણીએ આ વર્ષે ૭,૩૯,૦૧૮ યુનિટનું વેચાણ કર્યું હતું. કંપનીના વેચાણમાં આઈસીઈ મોડલનો હિસ્સો ૭,૧૦,૪૩૬ યુનિટ રહ્યો હતો, જ્યારે વિડા ઇલેક્ટ્રિક વાહનોની ડિલિવરી ૨૮,૭૯૮ યુનિટ રહી હતી. વિડાના વાહન પોર્ટલ પરના છૂટક રજિસ્ટ્રેશનમાં પણ વાર્ષિક ધોરણે ૮૩ ટકાનો વધારો નોંધાયો હતો.હીરોના સ્કૂટરનું વેચાણ ૧,૦૦,૦૦૦ યુનિટને પાર કરીને ૧,૦૦,૩૫૪ યુનિટ થયું હતું. તેમાં વાર્ષિક ધોરણે ૬૪.૫૧ ટકા અને ઓગસ્ટની સરખામણીએ ૩૪.૬૨ ટકાનો વધારો થયો હતો. માત્ર પેટ્રોલ સ્કૂટરના વેચાણમાં ૬૦ ટકાની વૃદ્ધિ નોંધાઈ હતી, જ્યારે મોટરસાઇકલનું વેચાણ ૬.૩૫ ટકા વધીને ૬,૬૫,૯૯૪ યુનિટ થયું હતું.ટીવીએસ મોટરનું સપ્ટેમ્બરમાં સ્થાનિક ટુ-વ્હીલર વેચાણ ૧૭ ટકા વધીને ૪,૮૨,૦૭૩ યુનિટ થયું હતું. એક વર્ષ અગાઉ આ વેચાણ ૪,૧૩,૨૭૯ યુનિટ હતું. આ વૃદ્ધિ બજારમાં મજબૂત માગને દર્શાવે છે. હોન્ડા મોટરસાઇકલ એન્ડ સ્કૂટર ઇન્ડિયાએ સપ્ટેમ્બર ૨૦૨૫ના ૫,૦૫,૬૯૩ યુનિટની સરખામણીએ આ વર્ષે સપ્ટેમ્બરમાં સ્થાનિક વેચાણમાં ૨૬ ટકાનો વધારો નોંધાવીને ૬,૩૬,૭૬૮ યુનિટનું વેચાણ કર્યું હતું.રોયલ એનફિલ્ડનું સ્થાનિક વેચાણ સપ્ટેમ્બરમાં વાર્ષિક ધોરણે ૭ ટકા વધીને ૧,૨૧,૩૨૬ યુનિટ થયું હતું. ગયા વર્ષે સમાન મહિનામાં કંપનીએ ૧,૧૩,૫૭૩ યુનિટનું વેચાણ કર્યું હતું.

એપ્રિલથી સપ્ટેમ્બર દરમિયાન રોયલ એનફિલ્ડનું સંચિત સ્થાનિક વેચાણ ૨૩ ટકા વધીને ૬,૪૨,૦૨૧ યુનિટ થયું હતું. બજાજ ઓટોના સ્થાનિક ટુ-વ્હીલર વેચાણમાં વાર્ષિક ધોરણે ૧૨ ટકાનો ઘટાડો નોંધાયો હતો. સપ્ટેમ્બર ૨૦૨૫ના ૨,૭૩,૦૦૦ યુનિટની સરખામણીએ આ વર્ષે સપ્ટેમ્બરમાં વેચાણ ઘટીને ૨,૪૦,૦૦૦ યુનિટ થયું હતું. જોકે, ઓગસ્ટના ૨,૦૨,૦૦૦ યુનિટની સરખામણીએ સપ્ટેમ્બરમાં વેચાણમાં ૧૮.૮ ટકાનો વધારો થયો હતો.અલગથી જોવામાં આવે તો ટુ-વ્હીલર અને કોમર્શિયલ વાહનો સહિત બજાજ ઓટોનું કુલ સ્થાનિક વેચાણ સપ્ટેમ્બરમાં ૨,૯૪,૪૫૬ યુનિટ રહ્યું હતું. એક વર્ષ અગાઉના ૩,૨૫,૨૫૨ યુનિટની સરખામણીએ તેમાં ૯ ટકાનો ઘટાડો નોંધાયો હતો.

■ મર્સિડીઝ બેન્ઝ અને બીએમડબલ્યુનાં મોડલ લોકપ્રિય

## યુવા ગ્રાહકો અને એસયુવીને પગલે જૂની લક્ઝરી કારનાં વેચાણે ગતિ પકડી

**અકબર મર્ચન્ટ**
મુંબઈ, તા. ૨



**દેશમાં જૂની લક્ઝરી** કારના બજારમાં ગ્રાહકોના વર્ગમાં બદલાવ જોવા મળી રહ્યો છે. યુવા ખરીદદારો પ્રીમિયમ કારના સેગમેન્ટમાં પ્રવેશવા માટે જૂની કારને વધુ પસંદ કરી રહ્યા છે. એસયુવીની માગ સતત સૌથી વધુ છે, જ્યારે ખરીદદારો હવે કારની ઉંમર, સ્થિતિ, સર્વિસનો ઇતિહાસ અને માલિકી ખર્ચ અંગે વધુ પસંદગીશીલ બની રહ્યા છે. આ વલણ સંગઠિત અને સ્વતંત્ર જૂની લક્ઝરી કારના પ્લેટફોર્મ પર જોવા મળી રહ્યું છે. સ્પિનીની લક્ઝરી કારની ડિલિવરીમાં ૨૦૨૬ના પ્રથમ છ મહિનામાં વાર્ષિક ધોરણે ૨૧ ટકાનો વધારો થયો હતો, જ્યારે તેની સરેરાશ વેચાણ કિંમતમાં ૨૫ ટકાનો વધારો નોંધાયો હતો. આ દર્શાવે છે કે વધુ કિંમત ધરાવતી કારની માગ વધી રહી છે.

સ્પિનીના વરિષ્ઠ ઉપપ્રમુખ હનીશ યાદવે જણાવ્યું હતું કે જૂની લક્ઝરી કાર ખરીદનારા ગ્રાહકોની સરેરાશ ઉંમર હવે અંદાજે ૩૫થી ૪૦ વર્ષની છે. તેમણે કહ્યું કે વધતી આકાંક્ષાઓ અને નવી લક્ઝરી કારની કિંમતોમાં થઈ રહેલો વધારો ગ્રાહકોને જૂની કાર તરફ આકર્ષી રહ્યો છે. તેમના માટે પ્રીમિયમ કારના બજારમાં પ્રવેશવાનો આ વધુ આકર્ષક વિકલ્પ બની રહ્યો છે.

એસયુવી હજુ પણ સૌથી વધુ પસંદગીનું કાર સેગમેન્ટ છે. ખરીદદારો હવે એવી કાર શોધી રહ્યા છે, જેમાં વધુ જગ્યા, સારું પર્ફોર્મન્સ, આરામ અને રોજિંદા ઉપયોગની સુવિધા હોય. શમન યુઝ્ડ કાર્સના ફૈઝલ લખાણીએ જણાવ્યું હતું કે એસયુવીની માગ સૌથી વધુ છે અને પેટ્રોલની સરખામણીએ ડીઝલ કારને વધુ પસંદ કરવામાં આવે છે. ૧૫થી ૩૦ લાખ રૂપિયાની કિંમતનો વર્ગ જૂની લક્ઝરી કારના ખરીદદારો માટે સૌથી આકર્ષક છે. મર્સિડીઝ બેન્ઝ અને બીએમડબલ્યુ તેમની પસંદગીની બ્રાન્ડમાં સામેલ છે.

બિગ બોય ટોય્ઝના સ્થાપક અને મેનેજિંગ ડિરેક્ટર જતીન આહુજાએ જણાવ્યું હતું કે ગ્રાહકો હવે સમાન બજેટમાં મોટી અને વધુ સુવિધાઓ ધરાવતી કાર પસંદ કરી રહ્યા છે. મર્સિડીઝ બેન્ઝ જીએલસી, જીએલઈ અને જીએલએસ ઉપરાંત બીએમડબલ્યુ એક્સ૧, એક્સ૩ અને એક્સ૫ લોકપ્રિય મોડલ છે. બિગ બોય ટોય્ઝને મર્સિડીઝ બેન્ઝ જીએલઈ અને જીએલએસ, બીએમડબલ્યુ એક્સ૫ અને એક્સ૭, લેન્ડ રોવર ડિફેન્ડર અને રેન્જ રોવર સ્પોર્ટ તેમજ પોર્શે કેયેન જેવી મોટી લક્ઝરી એસયુવીની સારી માગ જોવા મળી રહી છે.આ ઉપરાંત, બજારમાં ગ્રાહકો હવે કિંમતની સામે મળતા મૂલ્ય અંગે પણ વધુ સજાગ બન્યા છે. આહુજાના જણાવ્યા અનુસાર, ખરીદદારો કારની ઉંમર, સર્વિસનો ઇતિહાસ, વોરંટી, માલિકી ખર્ચ, સ્પેસિફિકેશન અને ફરીથી વેચતી વખતે મળનારી કિંમત પર વધુ ધ્યાન આપી રહ્યા છે.

## કેવેન્ટર અને સરોજ પોદ્દાર ગ્રૂપે રૂ. ૪૦૦ કરોડનું રિયલ એસ્ટેટ ડેટ ફંડ લોન્ચ કર્યું

**પીટીઆઈ**
કોલકાતા, તા. ૨

**કોલકાતા સ્થિત કેવેન્ટર** ગ્રૂપ અને સરોજ પોદ્દાર ગ્રૂપે સાથે મળીને રૂ. ૪૦૦ કરોડનું કેટેગરી ટુ ઓલ્ટરનેટિવ ઈન્વેસ્ટમેન્ટ ફંડ (એઆઈએફ) લોન્ચ કર્યું છે. જે પશ્ચિમ બંગાળમાંથી કોઈ રિયલ એસ્ટેટ ડેવલપર દ્વારા લોન્ચ આ પ્રકારનું પ્રથમ ફંડ છે.

પ્રાયોજકોએ જણાવ્યું હતું કે, પોદ્દાર કેવેન્ટર રિયલ એસ્ટેટ ફંડ – સ્કીમ ટુ પાસે રૂ. ૪૦૦ કરોડનું લક્ષિત ભંડોળ હશે, જેમાં ૨૦૦ કરોડના ગ્રીન શૂ વિકલ્પ સાથે કુલ ભંડોળ રૂ. ૬૦૦ કરોડ થશે. આ ભંડોળ દિલ્હી-એનસીઆર અને પશ્ચિમ બંગાળમાં પ્રોજેક્ટ્સ પર ધ્યાન કેન્દ્રિત કરીને સુરક્ષિત રિયલ એસ્ટેટ દેવાની વ્યૂહરચનાનું પાલન કરશે. તે ખર્ચ પહેલાં ૧૮-૨૨ ટકાના કુલ આંતરિક વળતર દરને લક્ષ્ય બનાવી રહ્યું છે.

પ્રાયોજકોએ રોકાણકારો સાથે સંકલન દર્શાવતા રૂ. ૮૦ કરોડ અથવા લક્ષ્ય ભંડોળના ૨૦ ટકા ભંડોળમાં પ્રતિબદ્ધતા દર્શાવી છે.

આ ફંડ અલ્ટ્રા-લક્ઝરી, પ્રીમિયમ અને મિડ-માર્કેટ સેગમેન્ટમાં પસંદગીના રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ્સને માળખાગત ધિરાણ પૂરુ પાડશે.

આ પહેલ કેવેન્ટર ગ્રુપ અને સરોજ પોદ્દાર ગ્રુપના રિયલ એસ્ટેટ અને વ્યવસાયિક હિતોને એકસાથે લાવે છે, જેમાં ફંડ બે મુખ્ય રિયલ એસ્ટેટ બજારોમાં તકો પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

## શોપિંગ મોલમાં રિટેલ સ્પેસ લીઝમાં ૩૮ ટકાનો ઘટાડો



**પીટીઆઇ**
નવી દિલ્હી, તા. ૨

**પુરવઠાની મર્યાદાને પગલે** શોપિંગ મોલમાં રિટેલ સ્પેસ લીઝ આઠ મુખ્ય શહેરોમાં જુલાઇ-સપ્ટેમ્બરમાં ૩૮ ટકા ઘટીને ૦.૭૧ મિલિયન સ્ક્વેર ફિટ થઇ છે, તેમ કુશમેન એન્ડ વેકફિલ્ડે જણાવ્યું હતું.

રિયલ્ટી સલાહકાર કુશમેન એન્ડ વેકફિલ્ડના ડેટા દર્શાવે છે કે ૨૦૨૬ કેલેન્ડર વર્ષના ત્રીજા ત્રિમાસિક ગાળામાં હાઇ સ્ટ્રીટ સ્થળોએ રિટેલ જગ્યાની કુલ લીઝ ૩૩ ટકા વધીને ૧.૫૧ મિલિયન સ્ક્વેર ફૂટ થયું છે.આ આઠ શહેરો મુંબઇ, દિલ્હી-એનસીઆર, ચેન્નાઇ, કોલકાતા, બેંગલુરુ, હૈદરાબાદ, પુના અને અમદાવાદ છે. શોપિંગ મોલ અને હાઇસ્ટ્રીટ સ્થળો સહિત કુલ રિટેલ સ્પેસ લીઝ સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળામાં ૫ ટકા ઘટીને ૨.૨૨ મિલિયન સ્ક્વેર ફૂટ થયું છે જે પાછલા વર્ષના સમય ગાળામાં ૨.૩૩ મિલિયન સ્ક્વેર ફૂટ હતું. ૨૦૨૬ના સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળામાં હાઇ સ્ટ્રીટ રિટેલ સ્થળ લીઝ કામગીરી પર પ્રભુત્વ ધરાવે છે, જે કુલ ગ્રોસ લીઝનો ૬૮ ટકા હિસ્સો ધરાવે છે. શોપિંગ મોલનો હિસ્સો કુલ લીઝના ૩૨ ટકા હતો.

આઠ શહેરોમાં લીઝ કામગીરીઓ ફક્ત મુંબઇ અને પુનામાં જ ઘટી હતી. બાકીના છ શહેરોમાં ઉપર તરફ વલણ જોવા મળ્યું હતું. સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળામાં ઘટાડો થવા છતાં જાન્યુઆરી-સપ્ટેમ્બર સમય ગાળામાં રિટેલ સ્પેસની કુલ લીઝ નજીવી વધીને ૬.૫૭ મિલિયન સ્ક્વેર ફિટ થઇ હતી. કુશમેન એન્ડ વેકફિલ્ડના મુંબઇ અને ન્યુ બિઝનેસના એક્ઝિક્યુટિવ એમડી ગૌતમ સરાફે જણાવ્યું હતું કે ગુણવત્તાયુક્ત રિટેલ સ્પેસ મર્યાદિત હોવા છતાં ભારતના રિટેલ માર્કેટમાં સ્થિત અંતર્ગત કબજેદાર રુચી દર્શાવવાનું ચાલુ છે.

## વિલંબને પગલે હિંડાલ્કોએ અલુકેમનાં એક્વિઝિશનની દરખાસ્ત રદ કરી

**પીટીઆઈ**
નવી દિલ્હી, તા. ૨



**આદિત્ય બિરલા ગ્રૂપની** મેટલ્સ કંપની હિંડાલ્કો ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે અમેરિકાની અલુકેમ કંપનીઝ ઇન્કનું ૧૨૫ મિલિયન ડોલરમાં અધિગ્રહણ કરવાની દરખાસ્ત રદ કરી છે. સોદો પૂર્ણ કરવામાં લાંબા સમયથી થઈ રહેલા વિલંબને પગલે આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું નિયમનકારી ફાઇલિંગમાં જણાવાયું છે.

હિંડાલ્કો અને અમેરિકાની કંપનીએ અલુકેમ તથા તેના સ્પેશિયાલિટી કેલ્સાઇન્ડ અને ટેબ્યુલર એલ્યુમિના બિઝનેસના પ્રસ્તાવિત અધિગ્રહણ માટેના ઇક્વિટી પરચેઝ કરારને સંયુક્ત રીતે રદ કરવાનો નિર્ણય લીધો છે. આદિત્ય બિરલા ગ્રૂપની મુખ્ય મેટલ્સ કંપનીએ ગુરુવારે મોડી રાત્રે બીએસઈમાં કરેલી ફાઇલિંગમાં આ માહિતી આપી હતી. જોકે, હિંડાલ્કોએ સ્પષ્ટ કર્યું છે કે સ્પેશિયાલિટી એલ્યુમિના બિઝનેસના વિસ્તરણની તેની વ્યૂહરચના યથાવત્ રહેશે.ફાઇલિંગમાં જણાવાયું હતું કે અલુકમે કંપનીઝ ઇન્ક. અને તેના સ્પેશિયાલિટી કેલ્સાઇન્ડ તથા ટેબ્યુલર એલ્યુમિના બિઝનેસના પ્રસ્તાવિત અધિગ્રહણ અંગે બંને કંપનીઓએ વિચારણા કર્યા બાદ ઇક્વિટી ખરીદ કરાર રદ કરવાનો સંયુક્ત નિર્ણય લીધો છે. બંને પક્ષોના નિયંત્રણની બહારના સંજોગોને કારણે સોદો પૂર્ણ કરવામાં લાંબો વિલંબ થયો હતો. હિંડાલ્કોએ જણાવ્યું હતું કે ઊંચી કિંમત ધરાવતાં, ટેક્નોલોજી આધારિત મૂલ્યવર્ધિત ઉત્પાદનો દ્વારા સ્પેશિયાલિટી એલ્યુમિના બિઝનેસના વિસ્તરણની તેની વ્યૂહરચનામાં કોઈ ફેરફાર થયો નથી. કંપની અમેરિકા સહિત વિવિધ બજારોમાં નવી તકો શોધવાનું ચાલુ રાખશે.ફાઇલિંગમાં જણાવાયું હતું કે અલુકેમ છેલ્લા ૪૮ વર્ષથી જે રીતે સ્પેશિયાલિટી એલ્યુમિના ક્ષેત્રમાં પોતાના ગ્રાહકોને સેવા આપી રહી છે, તે જ રીતે સ્વતંત્ર રીતે કામગીરી ચાલુ રાખશે. ગયા વર્ષે જૂનમાં જાહેર કરાયેલા આ સોદા હેઠળ હિંડાલ્કોની સંપૂર્ણ માલિકીની પેટાકંપની આદિત્ય હોલ્ડિંગ્સ એલએલસી દ્વારા એલુચેમનું અધિગ્રહણ કરવાનું હતું. આ સોદામાં કંપનીનું એન્ટરપ્રાઇઝ મૂલ્ય ૧૨૫ મિલિયન ડોલર નક્કી કરવામાં આવ્યું હતું. આ સોદો સામાન્ય શરતો અને નિયમનકારી મંજૂરીઓને આધીન હતો.

અલુકેમ કંપનીઝ સ્પેશિયાલિટી એલ્યુમિના બનાવતી કંપની છે. હિંડાલ્કોનો એલ્યુમિના બિઝનેસ સ્પેશિયલ એલ્યુમિના અને એલ્યુમિના હાઇડ્રેટ્સના ઉત્પાદન પર કેન્દ્રિત છે. આ ઉત્પાદનોનું ઉત્પાદન કંપની પોતાની જ ઉત્પાદન સુવિધાઓમાં કરે છે. હિંડાલ્કો હાલમાં ૫ લાખ ટન સ્પેશિયાલિટી એલ્યુમિનાની ઉત્પાદન ક્ષમતા ધરાવે છે અને નાણાકીય વર્ષ ૨૦૩૦ સુધીમાં તેને વધારીને ૧૦ લાખ ટન કરવાની યોજના ધરાવે છે.

## એસએમસી ગ્લોબલ સિક્યોરિટીઝને સેબીએ એક લાખનો દંડ ફટકાર્યો



**પીટીઆઈ**
નવી દિલ્હી, તા. ૨

**મૂડીબજારના નિયમનકાર સેબીએ** ગ્રાહકોના ઓર્ડર મૂકવાના રેકોર્ડ જાળવવા અને અધિકૃત વ્યક્તિની દેખરેખ અંગેના નિયમોનું પાલન કરવામાં નિષ્ફળ રહેવા બદલ એસએમસી ગ્લોબલ સિક્યોરિટીઝ પર ૧ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)એ જાન્યુઆરીથી સપ્ટેમ્બર ૨૦૨૪ના સમયગાળા માટે શેરબ્રોકરની થીમ આધારિત તપાસ હાથ ધરી હતી. આ તપાસમાં અનધિકૃત ટ્રેડિંગ અંગેની ફરિયાદો અને ગ્રાહકો દ્વારા ઓર્ડર મૂકવાની પ્રક્રિયા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

સેબીએ ગુરુવારે પસાર કરેલા આદેશમાં જણાવ્યું હતું કે એસએમસી ગ્લોબલ સિક્યોરિટીઝે કેટલાક ગ્રાહકો માટે ઓર્ડર મૂકતા પહેલાંના યોગ્ય રેકોર્ડ જાળવ્યા ન હતા અને અનેક ઓર્ડર સંબંધિત જરૂરી રેકોર્ડ રજૂ કરવામાં કંપની નિષ્ફળ રહી હતી. સેબીને બ્રોકર દ્વારા અધિકૃત વ્યક્તિ અમિત લિલ્હારેની દેખરેખમાં પણ ખામીઓ જોવા મળી હતી. તેમાં કમિશન મેળવતા બેન્ક ખાતાઓની પૂરતી દેખરેખ રાખવામાં નિષ્ફળતા અને ગ્રાહકો તરફથી કરવામાં આવેલી ચૂકવણીની વિનંતીઓની ચકાસણી ન કરવાનો સમાવેશ થાય છે.

આદેશમાં જણાવાયું હતું કે લિલ્હારે સાથે જોડાયેલા કુલ ૩૪૩ સક્રિય ગ્રાહકોમાંથી ૧૬૧ ગ્રાહકોમાં નિશ્ચિત ચૂકવણીની પેટર્ન જોવા મળી હતી. તપાસના સમયગાળા દરમિયાન આ ગ્રાહકોના ૬.૧૧ કરોડ રૂપિયાના રોકાણ અને ૧.૮૪ કરોડ રૂપિયાથી વધુની ચૂકવણી સામેલ હતી.

**ઇન્ટરવ્યૂ:** સદાફ સૈયદ, ચીફ એક્ઝિક્યુટિવ, મુથુટ માઇક્રોફિન

# ફાજલ તરલતા વચ્ચે બેન્કો એમએફઆઈને ધિરાણ આપવામાં વધુ સહજ

**મુથૂટ માઇક્રોફિને નાણાકીય** વર્ષ ૨૦૨૭ માટે તેના એસેટ્સ અંડર મેનેજમેન્ટ (એયુએમ) વૃદ્ધિ લક્ષ્યાંકને વર્ષની શરૂઆતના ૧૨-૧૫ ટકાથી વધારીને ૨૦ ટકા કર્યો છે. ચીફ એક્ઝિક્યુટિવ સદાફ સઈદે નારાયણન વી. સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, ધિરાણ વિતરણમાં મજબૂત વૃદ્ધિ, ઉધાર ખર્ચમાં ઘટાડો અને માઇક્રોફાઇનાન્સ ક્ષેત્રમાં એસેટ ક્વોલિટીમાં થઈ રહેલા સુધારાને કારણે આ વૃદ્ધિ અંદાજ વધારવામાં આવ્યો છે. વાતચીતના સંપાદિત અંશોઃ

**રૂ. ૨૫૦ કરોડના એનસીડી ભંડોળ એકત્રીકરણ પાછળનું મુખ્ય કારણ શું હત ?**

ભંડોળ એકત્રીકરણની આ તાજેતરની કવાયત અમારી ફંડિંગ પ્રોફાઇલને મજબૂત કરવા, લાયેબિલિટી મિક્સમાં વૈવિધ્યીકરણ લાવવા અને ઉધાર લેવાના એકંદર ખર્ચને તર્કસંગત બનાવવા માટેની સતત વ્યૂહરચનાનો એક ભાગ છે. અમારા કુલ ઋણના લગભગ ૫૦ ટકા બેક્કો પાસેથી આવે છે, જેમાં ટર્મ લોન અથવા પાસ-થ્રુ સર્ટિફિકેટ્સ (પીટીસી) અને ડાયરેક્ટ અસાઇનમેન્ટ્સ જેવા સ્ટ્રક્ચર્ડ પ્રોડક્ટ્સનો સમાવેશ થાય છે. અન્ય ૩૦ ટકા હિસ્સો એનસીડી (નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સ) અને કોમર્શિયલ પેપર્સ દ્વારા આવે છે. એનસીડી માર્કેટ ખૂબ જ સહાયક રહ્યું છે. 'એએ-' રેટિંગ મેળવ્યા પછી અમારો આ પ્રથમ ઇશ્યૂ છે. અમે આગામી મહિનાઓમાં વ્યાજદરમાં સંભવિત વધારાની અપેક્ષા પણ રાખી રહ્યા હતા.

તેથી અમને લાગ્યું કે એનસીડી માર્કેટમાંથી ભંડોળ એકત્ર કરવા અને અમારા ઉચ્ચ રેટિંગનો લાભ ઉઠાવવા માટે આ ઉત્તમ વાતાવરણ છે. અમે ૯.૨૫ ટકાના દરે આ પેપર ઇશ્યૂ કર્યું હતું અને તે ખૂબ જ ઝડપથી સંપૂર્ણ સબસ્ક્રાઇબ થઈ ગયું હતું.

**ચાલુ વર્ષ માટે તમારા ભંડોળ એકત્રીકરણની સંપૂર્ણ યોજનાઓ શું છે?**

અમે ચાલુ નાણાકીય વર્ષમાં અત્યાર સુધીમાં આશરે રૂ. ૪,૨૦૦ કરોડ એકત્ર કર્યા છે. અમે બાકીના વર્ષમાં આશરે રૂ. ૮,૦૦૦ કરોડના ધિરાણ વિતરણનું લક્ષ્ય ધરાવીએ છીએ. તેથી, આ સમયગાળા દરમિયાન અમને વધુ રૂ. ૭,૦૦૦ કરોડની જરૂર પડશે. આ ભંડોળ ટર્મ લોન, એનસીડી અને કેટલાક કોમર્શિયલ પેપર્સનું મિશ્રણ રહેશે.

અમારી પાસે પહેલેથી જ આશરે રૂ . ૫,૦૦૦ કરોડની મંજૂરીઓ ઉપલબ્ધ છે. એક્સટર્નલ કોમર્શિયલ બોરોઇંગ્સ (ઇસીબી) દ્વારા ધિરાણ આપવા માટે વિદેશી રોકાણકારોમાં પણ ભારે રસ જોવા મળી રહ્યો છે.

પરંતુ અમે હેજિંગ ખર્ચ થોડો વ્યાજબી બને તેની રાહ જોઈ રહ્યા છીએ. ત્યાર પછી અમે તે માર્ગે પણ લોન મેળવી શકીએ છીએ.

**એફસીએનઆર(બી) ડિપોઝિટ એકત્રીકરણ પછી બેક્કો પાસે વધારાની તરલતા છે. શું તે માઇક્રોફાઇનાન્સ સંસ્થાઓ માટે વધુ ફંડિંગમાં પરિણમશે?**

બેંકો હવે માઇક્રોફાઇનાન્સ ક્ષેત્રને ધિરાણ આપવામાં ઘણી વધુ સહજ બની છે. તેમની પાસે પૂરતી તરલતા છે અને તેઓ ભંડોળ રોકવા માટે તત્પર છે. અમારી સાથે મોટો ફાયદો એ છે કે અમે વધુ સારી વાટાઘાટો કરીને આકર્ષક વ્યાજદરો મેળવવા સક્ષમ છીએ.

અમે પાછલા ક્વાર્ટરમાં અમારા ફંડિંગ ખર્ચમાં ૧૪ બેસિસ પોઈન્ટ્સનો ઘટાડો કરવામાં સફળ રહ્યા છીએ. અમારો વધારાનો ફંડિંગ ખર્ચ ૯.૭ ટકા છે.

જ્યારે અમારો એકંદર ખર્ચ ૧૦.૧૩ ટકા હતો. આ ક્વાર્ટરમાં અમારો ખર્ચ નિશ્ચિતપણે પ્રથમ વખત સિંગલ ડિજિટ (એક અંક)માં આવી જશે. જોકે, બેંક ધિરાણનો મોટો હિસ્સો લગભગ ૧૨ મોટા ખેલાડીઓ પૂરતો સીમિત છે.

નાની સંસ્થાઓ માટે થોડો પડકાર ચોક્કસ રહેશે.

પરંતુ ક્રેડિટ ગેરંટી સ્કીમ—જે હેઠળ કેટલુંક વિતરણ થયું છે—આ નાની સંસ્થાઓને તેમની નાણાકીય સ્થિતિ સુધારવામાં મદદ કરશે. આશા રાખીએ કે અન્ય બેંકો તરફથી પણ તેમને આગળ જતાં ધિરાણ મળશે.

**તમારી એસેટ ડાયવર્સિફિકેશન (સંપત્તિ વૈવિધ્યીકરણ) યોજના કેવી રીતે આગળ વધી રહી છે?**

ચાલુ નાણાકીય વર્ષના અંત સુધીમાં જોઈન્ટ લાયબિલિટી ગ્રુપ (જેએલજી) અને નોન-જેએલજી લોન વચ્ચે ૭૫:૨૫નો ગુણોત્તર જાળવવાની અમારી યોજના હતી.

અમારો નોન-જેએલજી પોર્ટફોલિયો અત્યાર સુધીમાં ૨૪ ટકાએ પહોંચી ચૂક્યો છે. આ નોન-જેએલજી પોર્ટફોલિયો મુખ્યત્વે વ્યક્તિગત લોન આધારિત છે.

જે હવે રૂ. ૩,૨૦૦ કરોડનો પોર્ટફોલિયો બની ગયો છે. અમારો ગોલ્ડ લોન પોર્ટફોલિયો દર મહિને રૂ. ૧૦૦ કરોડનું વિતરણ કરી રહ્યો છે.

અમે ચાલુ વર્ષે અત્યાર સુધીમાં રૂ. ૫૦૦ કરોડનું વિતરણ કરી ચૂક્યા છીએ. લોન અગેઇન્સ્ટ પ્રોપર્ટી (એલએપી) પણ હવે રૂ. ૧૦૦ કરોડને સ્પર્શી રહી છે. એકંદરે, અમે ચાલુ વર્ષે એસેટ્સ અંડર મેનેજમેન્ટમાં ૨૦ ટકા વૃદ્ધિની અપેક્ષા રાખી રહ્યા છીએ. પ્રવાહો અત્યંત સકારાત્મક છે અને એસેટ ક્વોલિટી પણ મજબૂત છે.

તેથી, અમે અમારો વૃદ્ધિ લક્ષ્યાંક વધારીને ૨૦ ટકા કર્યો છે. આગામી સમયમાં અમે હેજિગ ખર્ચમાં વાજબી સુધારો કરવામાં આવે તેની રાહ જોઈ રહ્યા છીએ. જે અમારા આ લક્ષ્યાંકને હાંસલ કરવામાં મદદરૂપ બનશે.



**" અમે ચાલુ વર્ષે એસેટ્સ અંડર મેનેજમેન્ટમાં ૨૦ ટકા વૃદ્ધિની અપેક્ષા રાખી રહ્યા છીએ. પ્રવાહો અત્યંત સકારાત્મક છે અને એસેટ ક્વોલિટી પણ મજબૂત છે. તેથી, અમે અમારો વૃદ્ધિ લક્ષ્યાંક વધારીને ૨૦ ટકા કર્યો છે. આગામી સમયમાં અમે હેજિગ ખર્ચમાં વાજબી સુધારો કરવામાં આવે તેની રાહ જોઈ રહ્યા છીએ. જે અમારા આ લક્ષ્યાંકને હાંસલ કરવામાં મદદરૂપ બનશે. હાલ, એનસીડી માર્કેટમાંથી ભંડોળ એકત્ર કરવા અને અમારા ઉચ્ચ રેટિંગનો લાભ ઉઠાવવા માટે આ ઉત્તમ માહોલ છે. " -સદાફ સૈયદ**

■ **છ લાખ કરોડનાં રોકાણની પ્રતિબધ્ધતામાંથી ૪૩ ટકા પૂર્ણ: પ્રણવ અદાણી**

# મહારાષ્ટ્રમાં અદાણી જૂથે રૂ. ૨.૬ લાખ કરોડનું રોકાણ કર્યું

**ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ આધુનિક ઇતિહાસમાં સૌથી મહત્વાકાંક્ષી પહેલ**

**એફઇ બ્યુરો**
મુંબઇ, તા. ૨



**અદાણી ગ્રુપે મહારાષ્ટ્રમાં** તેના દ્વારા રૂા.૬ લાખના કટીબદ્ધ રોકાણમાંથી રૂા.૨.૬ લાખ કરોડ અથવા ૪૩ ટકા રોકાણ પૂર્ણ કર્યા છે અથવા અમલમાં મુક્યો છે, તેમ અદાણી એન્ટરપ્રાઇઝમાં ડિરેક્ટર પ્રણવ અદાણીએ મુંબઇમાં એક કાર્યક્રમમાં જણાવ્યું હતું.

પ્રણવ અદાણીએ જણાવ્યું હતું કે જૂથે દાવોસમાં વર્લ્ડ ઇકોનોમિક ફોરમમાં અને રાજ્ય સાથેની ભાગીદારી દ્વારા ઊર્જા, ઉડ્ડયન અને એરો-ડિસ્ટ્રીક્ટ, શહેરી પુનર્જીવન, ડેટા સેન્ટરો અને કોલસા ગેસિફિકેશન જેવા મહત્વપૂર્ણ અને આગામી ક્ષેત્રોમાં રૂા.૬ લાખ કરોડથી વધુનાં રોકાણની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી.

અમારી હાલની કટીબદ્ધતા પ્રકૃતિ, કદ અને દ્રઢતામાં મોટો ઉછાળો દર્શાવે છે, એવા સમયે જ્યારે રાજ્ય ૨૦૩૦ સુધીમાં એક ટ્રીલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનવાનું લક્ષ્ય રાખે છે, જેમા મુંબઇ મેટ્રોપોલિટન રિજન મુખ્ય ભૂમિકા ભજવશે, તેમ અદાણીએ ઇન્વેસ્ટ મહારાષ્ટ્ર ઇવેન્ટના લોન્ચ સમયે જણાવ્યું હતું.

જૂથના મુખ્ય પ્રોજેક્ટમાં નવી મુંબઇ આંતરરાષ્ટ્રીય વિમાનમથકનો સમાવેશ થાય છે, જેને મુંબઇ મેટ્રોપોલિટન રિજન માટે એક મુખ્ય માળખાગત સંપત્તિ તરીકે વિકસાવવામાં આવી રહ્યો છે અને આખરે તે વાર્ષિક ૯૦ મિલિયનથી વધુ મુસાફરોને સંભાળવા સક્ષમ બનશે.

જૂથ મુંબઇના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય વિમાન મથકનું પણ સંચાલન કરે છે અને ઉડ્ડયન પ્રવેશદ્વારોની આસપાસ સંકલિત બિઝનેસ અને આતિથ્ય જિલ્લાઓનો વિકાસ કરી રહ્યું છે. તેમણે કહ્યું હતું કે અદાણી ઇલેક્ટ્રીસિટી મુંબઇ (એઇએમએલ) દ્વારા તેઓ સમગ્ર મુંબઇમાં ૩૦ લાખથી વધુ ઘરો અને સંસ્થાઓને સપ્લાય કરે છે અને તેમના ૬૦ ટકાથી વધુ વીજ પુરવઠો નવીનીકરણ ઉર્જામાંથી આવે છે.

અને મુંબઇને વીજના આઉટેજથી બચાવવા માટે તેમની પાસે ૧,૦૦૦ મેગાવોટ હાઇ વોલ્ટેજ ડાયરેક્ટ કરંટ (એચવીડીસી) ટ્રાન્સમીશન લિંક છે અને તે રાજ્યભરમાં તેમની પમ્પ-સ્ટોરેજ હાઇડ્રો પહેલને પૂરક બનાવે છે, જેથી ચોવીસ કલાક સાત દિવસ ગ્રીન બેઝલોડ પાવરની ખાતરી આપી શકાય છે.

ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ દ્વારા તેમણે આધુનિક ઇતિહાસમાં સૌથી મહત્વાકાંક્ષી અને કરુણાપૂર્ણ શહેરી પરિવર્તન પહેલોમાંથી એક હાથ ધરી છે, તેમ તેમણે જણાવ્યું હતું.

મહારાષ્ટ્રને ભારતના આર્થિક વિકાસના મુખ્ય ચાલક તરીકે વર્ણવતા અદાણીએ કહ્યું હતું કે જો ભારત રોકેટ છે તો મહારાષ્ટ્ર લોન્ચપેડ છે. અને મહારાષ્ટ્ર લોન્ચપેડ છે તો મુંબઇ-આમચી મુંબઇ તેનું નાણાંકીય બળતણ છે. તે તે સ્થાન છે જ્યાં પૈસા ફરે છે.

## અદાણી ગ્રીન એનર્જીએ બેટરી સંગ્રહ મર્યાદા વધારી

**સૌરવ આનંદ**
નવી દિલ્હી, તા. ૨

**અદાણી ગ્રીન એનર્જી** (એજીઇએલ) તેની ઓપરેશનલ બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ (બીઇએસએસ) ક્ષમતા વિસ્તારીને ૬.૬૩ ગીગાવોટ કરી છે. આ સાથે ભારતની ૧૨.૬ ગીગાવોટની બીઇએસએસ ક્ષમતામાં તેનો હિસ્સો અડધાથી ઉપરાંત થયો છે.

કારણ કે કંપની તેની પુનઃપ્રાપ્ય ઉર્જા પોર્ટફોલિયોની સાથે સંગ્રહ ક્ષમતાને પણ ઝડપથી વિસ્તાર કરી રહી છે. કંપનીએ ૧૦ ગીગાવોટથી વધુ બેટરી સંગ્રહ ક્ષમતા ઉમેરવાના તેના ૨૦૨૬-૨૭ના લક્ષ્યાંકનો લગભગ ૭૦ ટકા હિસ્સો હાંસલ કરી દીધો છે અને ક્ષમતામાં નોંધપાત્ર વધારો થયો છે. એજીઇએલે જણાવ્યું હતું કે ગુજરાતના ખાવડા ખાતે આવેલી ૬.૬૩ ગીગાવોટની બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ (બીઇએસએસ) એટલી શુદ્ધ વીજનો સંગ્રહ કરી શકે છે જેનાથી દરોજે ૨૦ લાખ ઘરોને વીજ પૂરી પાડી શકાય અને નાગપુર, પટના કે વાઇઝેગ જેવા શહેરોની વીજની ટોચની માંગને કેટલાક કલાકો સુધી પૂરી પાડી શકાય છે. અદાણી ગ્રીન એનર્જીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સાગર અદાણીએ કહ્યું હતું કે માત્ર ૧૪ મહિનામાં ૬.૬૩ ગીગાવોટની કાર્યરત બેટરી સંગ્રહ ક્ષમતા સુધી પહોંચવું એજીઇએલ અને ભારતના સ્વચ્છ ઊર્જા સંક્રમણ માટે એક મહત્વપૂર્ણ સીમાચિન્હ છે.

■ **કોમ્પ્રેસ બાયોગેસ પ્લાન્ટની સ્થાપના કરશે**

# રિલાયન્સ આંધ્ર પ્રદેશમાં રૂા.૧ લાખ કરોડનું રોકાણ કરશે: અનંત અંબાણી

**પીટીઆઇ**
મદનપલ્લે (આંધ્રપ્રદેશ) તા. ૨



**રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝે કોમ્પ્રેસ** બાયોગેસ પ્લાન્ટની સ્થાપના કરવા આંધ્ર પ્રદેશમાં રૂા.૧ લાખ કરોડના રોકાણની યોજના ઘડી છે, જે આગામી દાયકામાં રાજ્યમાં રૂા.૬૦,૦૦૦ કરાડની આવક નિર્માણ કરશે અને ૩ લાખ નોકરીઓ પેદા કરશે તેમ કંપનીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અનંત અંબાણીએ જણાવ્યું હતું.

મદનપલ્લે ખાતે રાયલસીમા હોર્ટિકલ્ચર હબ અને ઇન્ડિયન સ્કૂલ ઓફ એગ્રીકલ્ચરના શિલાન્યાસ સમારોહમાં બોલતા અંબાણીએ કહ્યું હતું કે આ રોકાણ રાજ્યના સ્વચ્છ ઉર્જા તરફના સંક્રમણમાં મદદરૂપ થશે અને સાથે જ ખેડૂતો માટે નવી તકો ઊભી કરશે.

આપણા ખેડૂતો, જેઓ ભારતની ખાદ્ય સુરક્ષા સુનિશ્વિત કરે છે, તેઓ હવે ભારતની ઊર્જા સુરક્ષાને પણ મજબૂત બનાવશે અને ભારતને ઊર્જા ક્ષેત્રે આત્મનિર્ભર બનાવશે. તેથી જ રાજ્યમાં કોમ્પ્રેસ્ડ બાયોગેસ (સીબીજી) પ્લાન્ટ સ્થાપવા માટે રૂા.૧ લાખ કરોડનું રોકાણ કરવાની તક આપવા બદલ રિલાન્ય ઇન્ડસ્ટ્રીઝ આંધ્ર પ્રદેશ સરકારની આભારી છે.

સીબીજી એક પુનઃપ્રાપ્ય ઇંધણ છે, જે કૃષિ અવશેષો, પશુઓનું છાણ, ખોરાકનો કચરો અને અન્ય બાયોમાસ જેવા જૈવિક કચરા પર પ્રક્રિયા કરીને મિથેન સમૃદ્ધ ગેસમાં રૂપાંતરિત કરીને બનાવવામાં આવે છે. તેનો ઉપયોગ પરંપરાગત કુદરતી ગેસના સ્વચ્છ વિકલ્પ તરીકે પરિવહન ઉદ્યોગ અને વ્યવસાયિક ક્ષેત્રોમાં થઇ શકે છે.

કચરો અને ઉત્સર્જન ઘટાડવા ઉપરાંત સીબીજી આયાતી અશ્મિભૂત ઇંધણ પરની નિર્ભરતા ઘટાડવા, કૃષિ અને જૈવિક કચરા માટે નવા બજારો ઉભા કરવામાં, ગ્રામીણ રોજગાર અને આવકનું સર્જન કરવામાં અને કચરાનો ઊર્જા તથા પોષક તત્વોથી ભરપૂર જૈવ ખાતરમાં રૂપાંતરિત કરીને સર્ક્યુલર ઇકોનોમીને ટેકો આપવામાં મદદ કરી શકે છે. આ સીબીજી પ્લાન્ટ આગામી દાયકાઓમાં ૩ લાખથી વધુ રોજગારીનું સર્જન કરશે અને રાજ્યોન રૂા.૬૦,૦૦૦ કરોડની આવક આપશે. તેમણે કહ્યું કે ઇન્ડિયન સ્કૂલ ઓફ એગ્રીકલ્ચર આર્ટિફિશિલ ઇન્ટેલિજન્સ અને આધુનિક ટેકનોલોજીને ખેડૂતોના પરંપરાગત જ્ઞાન સાથે જોડશે, જેમાં જીવાતની આગાહી અને ડ્રોન આધારિત પાક દેખરેખથી લઇને ચોક્કસાઇ સિંચાઇ, રોબોટિક્સના કાર્યક્રમોનો સમાવેશ થાય છે. આ સ્કૂલમાં એઆઇ ભારતના મહેનતુ ખેડૂતોની પરંપરાગત જ્ઞાનને પૂર્ણ કરશે.

અંબાણીએ જણાવ્યું હતું કે રિલાયન્સની જિયો ભારતીય કૃષિ શાળા સાથે સહયોગ કરશે.

# ભારત પાસે માળખાકીય રીતે વધારાની ઉત્પાદન ક્ષમતા નથી: ગોયલની જી૨૦માં સ્પષ્ટતા

**પીટીઆઈ**
નવી દિલ્હી, તા. ૨



**વાણિજ્ય અને ઉદ્યોગ** મંત્રી પિયુષ ગોયલે જી૨૦ બેઠકમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે દેશમાં ઉત્પાદિત ક્ષમતા સ્થાનિક અને વૈશ્વિક જરૂરિયાતોને પૂરી કરે છે અને જી૨૦ નેતૃત્વ દ્વારા ચિહ્નિત ક્ષેત્રોમાં ભારત પાસે કોઈ માળખાકીય વધારાની ઉત્પાદન ક્ષમતા નથી. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૨૬માં અમેરિકા જી૨૦ની અધ્યક્ષતા કરી રહ્યું છે.

તેમણે ઉમેર્યું કે ઉત્પાદન ક્ષમતા પોતે કોઈ સમસ્યા નથી, પરંતુ ગુપ્ત સબસિડી અને સરકારી સહાયથી ઉત્પાદનનું ભૌગોલિક કેન્દ્રીકરણ થાય ત્યારે વેપારમાં વિકૃતિઓ ઊભી થાય છે. સપ્લાય ચેઈનનું વૈવિધ્યકરણ જરૂરી છે, પરંતુ તેનો ઉપયોગ વિશ્વ વેપાર સંગઠન (ડબ્લ્યુટીઓ)ના નિયમોની બહાર જઈને કે વિકાસશીલ દેશો પર આર્થિક બોજ નાખવાના બહાના તરીકે થઈ શકે નહીં.

અમેરિકાના યુનાઇટેડ સ્ટેટ્સ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ (યુએસટીઆર) દ્વારા માર્ચમાં વધારાની ઉત્પાદન ક્ષમતા અને બંધુઆ મજૂરીની બાબતો પર ૬૦ દેશો સામે તપાસ શરૂ કરાઈ હતી. બંધુઆ મજૂરીની તપાસ બાદ ભારત સહિત કેટલાક દેશો પર ૧૦ ટકા ડ્યૂટી લાદવામાં આવી હતી. આ પૃષ્ઠભૂમિમાં મંત્રીનું નિવેદન ઘણું મહત્વનું માનવામાં આવે છે.

તેમણે વધુમાં જણાવ્યું કે કેટલાક દેશોમાં સબસિડીને કારણે થતા ડમ્પિંગ અને ખોટા ભાવ સામે ભારત ડબ્લ્યુટીઓના નિયમો હેઠળ એન્ટી-ડમ્પિંગ ડ્યૂટી જેવા કાનૂની પગલાં લે છે.

મિલવૌકી, વિસ્કોન્સિન ખાતે આયોજિત જી૨૦ વેપાર મંત્રીઓની બેઠકમાં ભાગ લેતા પિયુષ ગોયલે બંધુઆ મજૂરી નાબૂદી અંગે ભારતની પૂર્ણ અને અપ્રતિમ પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે સરહદો પર લેવાતા વેપારી પગલાં ચોક્કસ અને ચકાસી શકાય તેવા પુરાવા પર આધારિત હોવા જોઈએ, નહીં કે દેશો કે ક્ષેત્રો પરના સામાન્ય અનુમાનો પર. તેમણે શ્રમ ધોરણો માટે આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનને યોગ્ય સાર્વત્રિક સંસ્થા ગણાવી હતી.

મંત્રીએ આંતરરાષ્ટ્રીય વેપારમાં મોસ્ટ-ફેવર્ડ-નેશન સિદ્ધાંતને જાળવી રાખવા અને ડબ્લ્યુટીઓની બે-સ્તરીય વિવાદ નિવારણ વ્યવસ્થાને પુનઃસ્થાપિત કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો, જેથી વિકાસશીલ દેશો વિકસિત દેશો સાથે બરાબરી કરી શકે. ભારત જી ૨૦ દેશોમાં બળજબરીથી મજૂરી અને સારી પ્રણાલિઓનાં સ્વૈચ્છિક આદાનપ્રદાનનાં હેતુને ટેકો આપે છે. જોકે તેની શરત એ છે કે આવા સહકારમાં સભ્યો પર મોનિટરીંગ ન હોવું દોઇએ કે નવી જવાબદારીઓ ઊભી ન થવી જોઇએ. મોસ્ટ-ફેવર્ડ નેશન પ્રિન્સિપલ અપડેટ અંગે ગોયલે જણાવ્યું કે, જી ૨૦ દેશો સાથે ભારતનો વેપાર પારદર્શી, બિન-ભેદભાવપૂર્ણ અને નિયમ આધારિત વેપાર પ્રણાલિ પર આધાર રાખે છે.

# અરવિંદ ફેશન્સે એફએમમાં રૂ. ૫૦ કરોડનું રોકાણ કર્યું

**પીટીઆઇ**
નવી દિલ્હી, તા. ૨

**અરવિંદ ફેશન્સની સંપુર્ણ** માલિકીની મટિરિયલ પેટા કંપની અરવિંદ લાઇફસ્ટાઇલ બ્રાન્ડ્સે અરવિંદ યુથ બ્રાન્ડ્સમાં રૂા.૫૦ કરોડનું રોકાણ કર્યું છે, જે કેઝ્યુઅલવેર બ્રાન્ડ ફ્લાઇંગ મશીન (એફએમ)નું સંચાલન કરે છે.

અરવિંદ લાઇફસ્ટાઇલ બ્રાન્ડ્સ લિમિટેડ (એએલબીએલ) દ્વારા કરવામાં આવેલા રોકાણમાં એવાયબીપીએલ (અરવિંદ યુથ બ્રાન્ડ્સ પ્રાઇવેટ લિમિટેડ)ના ૧,૮૨,૨૧,૫૭૪ ઇક્વિટી શેરનું સસ્ક્રિપ્શન સામેલ છે, જે રૂા.૧૦ની મૂળ કિંમત ધરાવે છે અને જેની ઇક્વિટી શેર દીઠ રૂા.૨૭.૪૪ની કિંમત છે, તેમ કંપનીએ એક નિયમનકારી યાદીમાં જણાવ્યું હતું.

આ રોકાણ સાથે એવાયબીપીએલમાં એએલપીએલનો હિસ્સો ૬૦.૪૦ ટકાથી વધીને ૬૫.૯૧ ટકા થશે.

અરવિંદ ફેશન્સ, જે બાકીની ઇક્વિટી સીધી રીતે ધરાવે છે.

**જૂન સુધીમાં રૂ. ૫૩,૦૭૬ કરોડના સંયુક્ત ગ્રોસ લોન પોર્ટફોલિયો સાથે આ બંને રાજ્યો ઉદ્યોગમાં ૧૬ % હિસ્સો ધરાવતા હતા**

# દુષ્કાળ વચ્ચે કર્ણાટક અને મહારાષ્ટ્રમાં એમએફઆઇ સાવચેત

**નારાયણન વી**
ચેન્નાઈ, તા. ૨



**કર્ણાટક અને મહારાષ્ટ્રમાં** મોટું એક્સપોઝર ધરાવતી માઇક્રોફાઇનાન્સ સંસ્થાઓ (એમએફઆઇ)ને નવી સ્લિપેજ (લોન ડિફોલ્ટ) ટાળવા માટે ધિરાણ મંજૂર કરવામાં સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી રહી છે. દેશના ચોથા અને પાંચમા સૌથી મોટા માઇક્રોફાઇનાન્સ બજારો એવા આ બંને રાજ્યોના મોટાભાગના વિસ્તારોમાં રાજ્ય સરકારોએ દુષ્કાળ જાહેર કર્યો છે.

મહારાષ્ટ્ર સરકારે ગયા સપ્તાહે રાજ્યના ૩૫૮ તાલુકાઓમાંથી ૨૬૫ તાલુકાઓમાં દુષ્કાળ જાહેર કર્યો હતો, જે રાજ્યના લગભગ ૭૪% વિસ્તારને આવરી લે છે. કર્ણાટક પણ વણસતા દુષ્કાળનો સામનો કરી રહ્યું છે, જ્યાં ૧૭૭ તાલુકા સત્તાવાર રીતે અસરગ્રસ્ત જાહેર કરાયા છે. માઇક્રોફાઇનાન્સ ઉદ્યોગ માટેના સેલ્ફ-રેગ્યુલેટરી ઓર્ગેનાઇઝેશન્સ (એસઆરઓ) પૈકીના એક, માઇક્રો ફાઇનાન્સ ઇન્ડસ્ટ્રી નેટવર્ક (એમએફઆઇએન)ના સીઇઓ અને ડિરેક્ટર આલોક મિશ્રાએ જણાવ્યું હતું કે, 'મહારાષ્ટ્ર એક મહત્વપૂર્ણ માઇક્રોફાઇનાન્સ માર્કેટ છે. જૂન ૨૦૨૬ સુધીમાં આશર ૪૫.૯ લાખ અનન્ય ઋણધારકો અને રૂ. ૨૪,૦૮૭ કરોડની બાકી લોન રકમ સાથે તે આ માપદંડના આધારે ટોચના પાંચ રાજ્યોમાં સ્થાન ધરાવે છે.'

જ્યારે દુષ્કાળ જાહેર થાય છે, ત્યારે સ્ટેટ લેવલ બેન્કર્સ કમિટી (એસએલબીસી) રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની માર્ગદર્શિકા અનુસાર રાહત પગલાં અંગે નિર્ણય લે છે. આ પગલાં સામાન્ય રીતે કૃષિ ધિરાણને આવરી લે છે. મિશ્રાએ ઉમેર્યું કે, 'માઇક્રોફાઇનાન્સ લોન સીધી ખેતી કે પાક ઉત્પાદન માટે આપવામાં આવતી નથી, તેમ છતાં અન્ય સંલગ્ન આજીવિકા સાથેના તેના જોડાણને ધ્યાનમાં રાખીને એમએફઆઇએ પરિસ્થિતિ પર બારીકાઈથી નજર રાખી રહ્યું છે. માઇક્રોફાઇનાન્સ એસઆરઓ સા-ધનના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ જીજી મામેને જણાવ્યું હતું કે, 'આ સ્થિતિ થોડી પડકારજનક બનવાની છે, પરંતુ હાલમાં બહુ ગંભીર સમસ્યાઓ નથી. અમે અમારી સભ્ય સંસ્થાઓને પરિસ્થિતિ પર નજર રાખવા અને સાવધાનીપૂર્વક નિર્ણયો લેવાની સલાહ આપી ચૂક્યા છીએ.' જોકે મામેને સ્પષ્ટતા કરી હતી કે મોટાભાગના માઇક્રોફાઇનાન્સ ઋણધારકો સંપૂર્ણપણે ખેતી પર નિર્ભર નથી, પરંતુ તેઓ ડેરી પશુપાલન અને નાની દુકાનો જેવા નાના વ્યવસાયોમાં વૈવિધ્યીકરણ કરી ચૂક્યા છે.જૂન ૨૦૨૬ સુધીમાં કર્ણાટક રૂ. ૨૮,૯૮૯ કરોડનો ગ્રોસ લોન પોર્ટફોલિયો (જીએલપી) ધરાવતું હતું, જ્યારે મહારાષ્ટ્રનો પોર્ટફોલિયો રૂ. ૨૪,૦૮૭ કરોડ હતો. બંને રાજ્યો સંયુક્ત રીતે ઉદ્યોગના કુલ રૂ. ૩૪૨૮ લાખ કરોડના આઉટસ્ટેન્ડિંગ પોર્ટફોલિયોમાં ૧૬%થી વધુ હિસ્સો ધરાવે છે. ઇકરાના ચીફ ક્રેડિટ રેટિંગ ઓફિસર કે. રવિચંદ્રને જણાવ્યું હતું કે, મહારાષ્ટ્ર, કર્ણાટક અને ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં નોંધપાત્ર પોર્ટફોલિયો કેન્દ્રીકરણ ધરાવતી માઇક્રોફાઇનાન્સ સંસ્થાઓ અને ક્રઇંઉંઈણમાં લોન ચુકવણીમાં વિલંબ વધી શકે છે. જોકે, તેની અસરનું મૂલ્યાંકન કેસ-ટુ-કેસ ધોરણે કરવું પડશે.

ઇકરાએ બુધવારે ચાલુ નાણાકીય વર્ષનાં પ્રથમ છ મહિના માટેનાં તેના ક્રેડિટ ક્વોલિટી ટ્રેન્ડ્સ એન્ડ રેટિંગ પરફોર્મન્સમાં ડેલિક્વન્સિમાં ઘટાડો, સુધરતી એસેટ ક્વોલિટી, નીચો ક્રેડિટ ખર્ચ અને ધિરાણ વિતરણમાં વૃદ્ધિને ટાંકીને માઇક્રોફાઇનાન્સ ક્ષેત્ર માટેનો પોતાનો આઉટલુક નેગેટિવથી સુધારીને 'સ્ટેબલ' કર્યો હતો. રેટિંગ એજન્સીએ નોંધ્યું હતું કે બે એસઆરઓ દ્વારા રજૂ કરવામાં આવેલા મલ્ટિપલ ગાર્ડરેલ્સે ઋણધારકોના વધુ પડતા દેવાને રોકવામાં મદદ કરી છે, જ્યારે વિતરણ અને એયુએમ વૃદ્ધિ ફરી પાટા પર આવી રહી છે. આ પગલાંઓમાં અનસિક્યોર્ડ રિટેલ લોન સહિત પ્રતિ ઋણધારક કુલ રૂ. ૨ લાખની મહત્તમ ઋણ મર્યાદા અને બોરોઅર દીઠ વધુમાં વધુ ત્રણ માઇક્રોફાઇનાન્સ ધિરાણકર્તાઓની મર્યાદા સામેલ છે.ઉદ્યોગનો ૯૦ દિવસથી વધુ બાકી (૯૦+ ડીપીડી) રેશિયો નાણાકીય વર્ષ ૨૦૨૫ના ૪.૭%થી ઘટીને જૂનમાં ૩.૩% પર આવી ગયો છે.

THIS IS A PUBLIC ANNOUNCEMENT FOR INFORMATION PURPOSES ONLY AND IS NOT A PROSPECTUS ANNOUNCEMENT AND DOES NOT CONSTITUTE AN INVITATION OR OFFER TO ACQUIRE, PURCHASE OR SUBSCRIBE FOR UNITS OR SECURITIES UNDER THE SECURITIES AND EXCHANGE BOARD OF INDIA (ISSUE OF CAPITAL AND DISCLOUSER REQUIREMENTS) REGULATIONS, 2018 AS AMENDED ("SEBI ICDR REGULATIONS").
NOT FOR RELEASE, PUBLICATION OR DISTRIBUTION DIRECTLY OR INDIRECTLY OUTSIDE INDIA.
INITIAL PUBLIC OFFERING OF EQUITY SHARES ON THE SME PLATFORM OF BSE LIMITED (AS DEFINED IN THE DRHP) IN COMPLIANCE WITH THE CHAPTER IX OF THE SECURITIES AND EXCHANGE BOARD OF INDIA (ISSUE OF CAPITAL AND DISCLOUSER REQUIREMENTS) REGULATIONS, 2018 AS AMENDED ("SEBI ICDR REGULATIONS")

(Please scan this QR code to view the DRHP and Abridged Prospectus)

PUBLIC ANNOUNCEMENT

S.R.G. NARROW FAB LIMITED
(Formerly known as S.R.G. Narrow Fab Private Limited)
CIN: U17122GJ2008PLC055476

Our Company was originally incorporated as Private Limited under the name and style of "Garble Narrow Fab Private Limited" in accordance with the Companies Act, 1956, pursuant to a certificate of incorporation dated November 19, 2008, with the Registrar of Companies, Gujarat. Subsequently, the name of our Company was changed to 'S.R.G. Narrow Fab Private Limited' and consequently a fresh certificate of incorporation dated February 24, 2020 was issued by the Registrar of Companies, Ahmedabad. Later, our company was converted from Private Limited Company to Public Limited Company under the provisions of Companies Act, 2013, pursuant to the approval accorded by our Shareholders at the Extra-ordinary General Meeting held on January 09, 2025, and the name of our Company was changed to "S.R.G. Narrow Fab Limited" vide a fresh Certificate of Incorporation, dated January 31, 2025, bearing Corporate Identification Number U17122GJ2008PLC055476, issued by the Registrar of Companies, Central Processing Centre. For, further details of our Company see "General Information" and "History and Certain Corporate Matters" beginning on page 67 and 196 respectively of this Draft Red Herring Prospectus.

Registered Office: R.S. NO. 282/P & 285/P, PLOT NO. 4105, Road no. 41, G.I.D.C. SACHIN, TALANGPUR, CHORASI, SURAT – 394230, GUJARAT, INDIA
Corporate Office: N.A. Tel: +91- 9687477074; E-mail id: compliance@srgelastics.com ; Website: www.srgelastics.com
Contact Person: Ms. Shruti Agarwal, Company Secretary and Compliance Officer

OUR PROMOTERS: MR. DHEERAJ UMMEDSINGH GUNECHA AND MR. UMMED SINGH GUNECHA

INITIAL PUBLIC OFFER OF UP TO 36,60,000 EQUITY SHARES OF FACE VALUE ₹10/- EACH ("EQUITY SHARES") OF S.R.G. NARROW FAB LIMITED ("S.R.G." OR "ISSUER" OR THE "COMPANY") FOR CASH AT A PRICE OF ₹[•]/- PER EQUITY SHARE (THE "ISSUE PRICE"), AGGREGATING TO ₹[•] LAKHS ("THE ISSUE"). OUT OF THE ISSUE [•] EQUITY SHARES AGGREGATING TO ₹[•] LAKHS WILL BE RESERVED FOR SUBSCRIPTION BY MARKET MAKER ("MARKET MAKER RESERVATION PORTION"). THE ISSUE LESS THE MARKET MAKER RESERVATION PORTION I.E. ISSUE OF [•] EQUITY SHARES OF FACE VALUE OF ₹10/- EACH AT AN ISSUE PRICE OF ₹[•]/- PER EQUITY SHARE AGGREGATING TO ₹[•] LAKHS IS HEREINAFTER REFERRED TO AS THE "NET ISSUE". THE ISSUE AND THE NET ISSUE WILL CONSTITUTE [•]% and [•]%, RESPECTIVELY OF THE POST ISSUE PAID UP EQUITY SHARE CAPITAL OF OUR COMPANY.

THE PRICE BAND AND THE MINIMUM BID LOT WILL BE DECIDED BY OUR COMPANY IN CONSULTATION WITH THE BOOK RUNNING LEAD MANAGER ("BRLM") AND WILL BE ADVERTISED IN ALL EDITIONS OF [•] (A WIDELY CIRCULATED ENGLISH NATIONAL DAILY NEWSPAPER), ALL EDITIONS OF [•] (A WIDELY CIRCULATED HINDI NATIONAL DAILY NEWSPAPER AND [•] EDITIONS OF THE GUJARATI DAILY NEWSPAPER, [•] (GUJARATI BEING THE REGIONAL LANGUAGE OF GUJARAT, WHERE OUR REGISTERED OFFICE IS LOCATED) AT LEAST TWO WORKING DAYS PRIOR TO THE BID/ISSUE OPENING DATE AND SHALL BE MADE AVAILABLE TO THE SME PLATFORM OF BSE LIMITED ("BSE SME") FOR THE PURPOSES OF UPLOADING ON THEIR WEBSITE, IN ACCORDANCE WITH THE SECURTIES AND EXCHANGE BOARD OF INDIA (ISSUE OF CAPITAL AND DISCLOSURE REQUIRENTS) REGULATIONS, 2018, AS AMENDED ( "SEBI ICDR REGULATIONS")

IN CASE OF ANY REVISION IN THE PRICE BAND, THE BID/ ISSUE PERIOD WILL BE EXTENDED BY AT LEAST THREE ADDITIONAL WORKING DAYS AFTER SUCH REVISION IN THE PRICE BAND, SUBJECT TO THE BID/ ISSUE PERIOD NOT EXCEEDING 10 WORKING DAYS. IN CASES OF FORCE MAJEURE, BANKING STRIKE OR SIMILAR CIRCUMSTANCES, OUR COMPANY MAY, IN CONSULTATION WITH THE BOOK RUNNING LEAD MANAGER, FOR REASONS TO BE RECORDED IN WRITING, EXTEND THE BID/ ISSUE PERIOD FOR A MINIMUM OF ONE WORKING DAY, SUBJECT TO THE BID/ ISSUE PERIOD NOT EXCEEDING 10 WORKING DAYS. ANY REVISION IN THE PRICE BAND AND THE REVISED BID/ ISSUE PERIOD, IF APPLICABLE, SHALL BE WIDELY DISSEMINATED BY NOTIFICATION TO THE STOCK EXCHANGES, BY ISSUING A PUBLIC NOTICE, AND ALSO BY INDICATING THE CHANGE ON THE RESPECTIVE WEBSITES OF THE BOOK RUNNING LEAD MANAGER AND AT THE TERMINALS OF THE SYNDICATE MEMBERS AND BY INTIMATION TO SELF-CERTIFIED SYNDICATE BANKS ("SCSBS"), THE DESIGNATED INTERMEDIARIES AND THE SPONSOR BANKS, AS APPLICABLE.

This Public announcement is being made in compliance with and in accordance with Regulation 247 of the SEBI (ICDR) Regulations, 2018 which prescribe regarding public announcement to inform the public that our company is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market condition and other considerations, to undertake initial public offering of its equity shares of Face value of ₹10/- pursuant to the issue and has filed Draft Red Herring Prospectus dated September 30, 2026 which has been filed with the SME Platform of BSE Limited. In relation to above, the DRHP filed with the SME Platform of BSE Limited shall be made available to the public for comments, by hosting it on the respective websites of stock exchange i.e. https://www.bsesme.com, website of the company at https://srgelastics.com/ and the websites of Book Running Lead Manager to the Issue i.e. Value Square Capital Private Limited at www.valuesquare.in ("BRLM").
Our Company hereby invites the members of the public to give comments on the DRHP filed with SME Platform of BSE Limited with respect to disclosures made in the DRHP, if any for the period of at least 21days from October 01, 2026 to October 21, 2026 on or before 5:00pm. The public are requested to send a copy of their comments to BSE and/or to the Company Secretary and Compliance of our Company and/or the BRLM at their respective addresses i.e. on email id of company i.e. : Compliance@srgelastics.com, or at email id of BRLM i.e. praveen@valuesquare.in.
Investments in equity and equity related securities involve a degree of risk and investors should not invest any funds in the Issue unless they can afford to take the risk of losing their entire investment. Investors are advised to read the risk factors carefully before taking an investment decision in the Issue. For taking an investment decision, investors must rely on their on examination of our company and the Issue, including the risk involved. The equity share in the issue have not been recommended or approved by SEBI, nor does SEBI guarantee the accuracy or adequacy of the contents of DRHP. Specific attention of the investors is invited to "Risk Factor" beginning on page no. 24 of this Draft Red Herring Prospectus. Any decision to invest in the Equity Shares described in the DRHP may only be made after the Red Herring Prospectus ("RHP") has been filed with the RoC and must be solely on the basis of such RHP as there may be material changes in the RHP from the DRHP.
For details of the main objects of our Company as contained in its Memorandum of Association, see "Our History and Certain Corporate Matters" beginning on page no. 196 of this Draft Red Herring Prospectus.
The liability of the members of our Company is limited. For details of the share capital, capital structure of our company, the names of the signatories to the Memorandum of Association and the number of shares of our company subscribed by them, of our Company, please see "Capital Structure" beginning on page no. 79 of this Draft Red Herring Prospectus

| | |
|---|---|
| VALUE SQUARE CAPITAL PRIVATE LIMITED<br>Registered Office: Unit No. - 9, Third Floor, Pearls Omaxe Tower, Netaji Subhash Place, Pitampura, New Delhi - 110034, India;<br>CIN: U64190DL2018PTC340771<br>Telephone: +91-9811717900<br>Email: praveen@valuesquare.in;<br>Investor Grievance Email: grievance@valuesquare.in<br>Website: www.valuesquare.in<br>Contact Person: Mr. Praveen Kaushik<br>SEBI Registration Number: INM000013378 | MAASHITLA SECURITIES PRIVATE LIMITED<br>Registered Office: 451, Krishna Apra Business Square, Netaji Subhash Place, Pitampura, Delhi - 110034, India<br>CIN: U67100DL2010PTC208725<br>Telephone No. +91 011-47581432<br>Email: investor.ipo@maashitla.com<br>Investor Grievance Email: Investor.ipo@maashitla.com<br>Website: www.maashitla.com<br>Contact Person: Mr. Mukul Agrawal<br>SEBI Registration Number: INR000004370 |

All Capitalised terms used herein and not specifically defined shall have the same meaning as ascribed to them in the DRHP dated September 30, 2026

On behalf of Board of Directors of
S.R.G. Narrow Fab Limited
Sd/-
Shruti Agarwal
Company Secretary and Compliance Officer

Place: Surat
Date: September 30, 2026

Disclaimer: S.R.G. Narrow Fab Limited is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approval, market condition and other consideration, to make initial public offer of its equity share of face value of ₹10 each/- and has filed this draft red herring prospectus on September 30, 2026. The Draft red herring prospectus is available on the website of BSE https://www.bsesme.com and is available on the website of BRLM i.e. www.valuesquare.in and also, on the website of company i.e. https://www.srgelastics.com/
Any potential investors should note that investment in equity share involves a high degree of risk and for detail relating to the same, please refer to the Draft Red Herring prospectus including the section titled "Risk Factor" beginning on page no. 24 of this Draft Red Herring Prospectus. Potential investors should not rely on the DRHP Filed with stock exchanges for making any investment decision and should instead rely on the Red Herring Prospectus, for making investment decision.
The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act, 1933, as amended ("Securities Act") or any state securities laws in the United States, and unless so registered, and may not be issued or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirement of the Securities Act and in accordance with any applicable U.S. State Securities laws.
This Announcement has been prepared for publication in India and may not be released in the United State. This Announcement does not constitute an Issue of Securities for sale in any jurisdiction, including the United States and any securities described in this announcement may not be offered or sold in the United state absent registration under the U.S. Securities Act, 1933, as amended or an exemption from registration. Any public offering of securities to be made in the United States will be made by means of Prospectus that may be obtained from the Company and that will contain detailed information about the company and management, as well as financial statements. There will be no public offering of Equity Shares in the United States.